MARKET 4U (OPC) PVT. LTD.

જંગ-એ-ગુજરાત

અખબાર

સુરત ઓફિસ

૧૩/૯૬, બેઠી કોલોની, રિલાયન્સ મોલ સામે, ઉધના દરવાજા, સુરત.

કોલ કરીને જ આવવું

મો.નં. 7575006850

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી

● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । સોમવાર । તા. ૨૩-૦૨-૨૦૨૦ । વર્ષ : ૧૬ । પાના : ૧૦ + ૨

3 ખુશ રહેવુ હોય તો ઓળખાણનો ભાર આપણે જાતે જ ઉતારી ફેંકવો પડશ

5 ભારત-અમેરિકા વચ્ચે ૨૫૦૦૦ કરોડની ડિફેન્સ ડિલ થાય તેવી શક્યતા

6 આણંદમાં બંધન બેન્કના કર્મચારીઓને બંધક બનાવી ૧ કરોડની લૂંટ

8 પાદરા નજીક રણુ-મહુવડ રોડ પર ડમ્પર અને આઇશર વચ્ચે અકસ્માત : ૧૨નાં મોત

MARKET4U (OPC) PVT. LTD.ની તમામ જિલ્લા- શહેર અને એરિયા માટે એજન્સી મેળવવા સંપર્ક કરો : 9978406257

જેણે ચૂકી જતા આ મોકો

MARKET4U (OPC) PVT LTD

ને સમગ્ર ગુજરાતના તમામ શહેરોમાં

CONNECTINDIANS

પ્લાન માટે

માત્ર રૂપિયા ૬૫૦/- ભરી જાહેરાત કરી શકે તેવા અને પોતાની મહેનત મુજબ આવક મેળવવા માગતા

૫૦૦૦થી વધુ ભાઇ- બહેનોની તાત્કાલિક જરૂર છે

આજે જ જોડાઓ અને

મોબાઈલ એન્ટી રેડીએશન ચીપ મફત મેળવો

(કુરિયર ચાર્જ ૧૦૦ રૂ. અલગથી ચૂકવવાનો રહેશે)



નિયત સમયમાં યોજના મુજબ કામ કરો અને જીતો

MARUTI ALTO





HONDA ACTIVA



BRANDED MIXER

ફ્રી ૨૫ ઓક્ટોબર વિજ્યાદશમી (દશેરો)

(શરતો લાગુ રહેશે)

9978406257

શુ આપ MARKET4U (OPC) PVT. LTD. રજીસ્ટર્ડ કંપનીમાં માત્ર ૬૫૦/- ભરી કોઈ પણ ચીજવસ્તુ વેચ્યા વગર અન્ય મિત્રોને, કુટુંબીઓને કે કોઈપણ વ્યક્તિને આપની જેમ જ ૬૫૦/- ભરાવી MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવાનું સમજાવી તેને આપની સાથે જોડી શકો છો તો આપ અને જોડાયેલા તમામ અન્યોને MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી સાથે જોડી ઓછા સમયમાં લાખો કમાઈ શકો છો ઉપરાંત MARKET4U (OPC) PVT. LTD.ની જાહેરાતની કોઈ પણ એક કેટેગરી વાપરી શકશો. (T.& C.Apply)

આજે જ વોટ્સ એપ નંબર ૯૯૭૮૪૦૬૨૫૭ પર આપનું નામ અને એડ્રેસ લખી મોકલો

MARKET 4U (OPC) PVT. LTD. ફ્રેન્ચાઈઝી નીમવાના છે

CEO MARKET4U (OPC) PVT. LTD., Dhananjay zaveri, Surat - Bharuch. 7575006850 www.connectindians.in

MARKET4U (OPC) PVT. LTD. રજીસ્ટર્ડ.કંપનીને વિસ્તરણ માટે જિલ્લા અને તાલુકા દીઠ સુપર ફ્રેન્ચાઈસી (રોકાણ માત્ર ૫૫૦૦૦/- કે તેના ગુણાકમાં નફો ૧૫% ટર્નઓવરના) ફ્રેન્ચાઈસી (રોકાણ ૫૫૦૦/-કે તેના ગુણાકમાં નફો ૮% ટર્નઓવરના)

એજન્ટ : તમામ સ્થળે અને તમામ રાજ્યોમાં રોકાણ માત્ર રૂ.૬૫૦/- (T. @ C.apply)

ઓફીસ એડ્રેસ

સુરત

MARKET4U (OPC) PVT. LTD.
૧૩/૯૬ બેઠી કોલોની, એપલ હોસ્પિટલ પાસે રિલાયન્સ મોલ સામેની ગલીમાં, ઉધના દરવાજા, સુરત. ૭૫૭૫૦૦૬૮૫૭

ભરૂચ

MARKET4U (OPC) PVT. LTD.
બંગલા નંબર ૧૩, પ્રીતમ સોસાયટી વિભાગ ૧, સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાની ગલીમાં, કસક, ભરૂચ. ૯૯૭૮૪૦૬૨૫૭

થોડી મહેનતે આપ પણ બની શકો લાખોપતિ

જો આપ આટલું કરો તો જ

આપ જેની રાહ જોઈ રહ્યા હતા એ MARKET4U (OPC) PVT. LTD.નું નવું સાહસ WWW.CONNECTINDIANS.IN

MARKET4U (OPC) PVT. LTD.ના connectindians પ્લાન સાથે માત્ર રૂપિયા ૫૫૦/-ભરી જોડાઈ જાવ અને MARKET4U (OPC) PVT. LTD. વેબસાઈટની કોઈપણ એક કેટેગરી વાપરી કમાવ અઢળક આવક

(અલગ અલગ કેટેગરી માટે અલગથી જોઈનીંગ કરવાનું રહેશે.)

પોતાના સપના સાકાર કરવા આજે જ સંપર્ક કરો 9978406257

જો આપ આ માધ્યમથી કમાવા ઈચ્છો તો પણ સરળ છે માત્ર રૂપિયા ૬૫૦/- ભરી જોડાઈ જાવ અને આપના કુટુંબી કે પરિચિત મિત્રોને આપની આઈડીથી MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવા જોડો, આપની આવક શરૂ. જેમાંથી MARKET4U (OPC) PVT. LTD. કંપની આપની આવકમાંથી TDS બાદ કરી વધેલી રકમ આપના બેંકખાતામાં NEFTથી જમા કરશે. તો રાહ શેની માત્ર ૬૫૦/- ભરો અને અન્યોને MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી સમજાવી જોડતા જાવ અને બનો ટૂંકા સમયમાં માત્ર ૬૫૦/-માં લાખોના માલીક

વેબ સાઇટ જુઓ • www.connectindians.in

ગેરેન્ટેડ ગિફ્ટ મોબાઈલ એન્ટી રેડિયેશન ચિપ

CONNECT INDIANS : MLM Plan Rs.650

INCOME ILLUSTRATION OF 1 X 10 DOWNLINES

DOWNLINE LEVEL	No. OF DOWNLINE	INCOME IN RS.	TOTAL AMOUNT IN RS.	5% TDS DEDUCTION	TOTAL AMOUNT AFTER TDS
1	10	100	1000	50	950
2	100	75	7500	375	7125
3	1000	50	50000	2500	47500
4	10000	25	250000	12500	237500
5	100000	20	2000000	100000	1900000
6	1000000	15	15000000	750000	14250000
7	10000000	10	100000000	5000000	95000000
8	100000000	5	500000000	25000000	475000000
TOTAL EARNING :					586443075

Note : This illustration is based on assumption that every Member makes 10 Downlines

લેવલ ઈન્કમ મેળવવા પહેલા લેવલમાં નીચે મુજબ જોઈનિંગ હોવું જોઈએ

૨ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૪
૩ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૮
૪ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૦
૫ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૫
૬ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૦
૭ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૫
૮ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૩૦

નોંધ :- ★ તમામ ઇનસેન્ટિવ એક વખત જ મળશે અને સેલ્સ ટારગેટ એક વર્ષના રહેશે.

★ કોઈ પણ રકમમાં ૫% ટીડીએસ કપાશે જ.

આ પ્લેટફોર્મ પર નીચે મુજબના એવોર્ડ મળશે

★ ડાયરેક્ટર: જોડાયાના એક મહિનામાં ૩૦ જોઇનિંગ લાવે તો ૧ વર્ષ માટે બને પ્રેસ પ્રતિનિધિ

★ સિલ્વર ડાયરેક્ટર: જોડાયાના ત્રણ મહિનામાં ડાયરેક્ટ ૧૦૦ જોઇનિંગ અને લેવલ ગ્રુપ ટોટલ ૧૦૦૦૦ થાય તો એક્ટીવા (શો રૂમ કિંમત) માસિક ૫૦૦/- પેટ્રોલ એલાઉન્સ, જોડાયાના એક વર્ષ સુધી

★ ગોલ્ડ ડાયરેક્ટર: જોડાયાના છ મહિનામાં ડાયરેક્ટ ૨૦૦ જોઇનીંગ અને ૧૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો અલ્ટો (શો રૂમ કિંમત) ત્યાર પછીના બાકીના મહિનામાં દર મહિને ૫૦૦૦/- પેટ્રોલ એલાઉન્સ.

★ પ્લેટિનમ ડાયરેક્ટર: જોડાયાના એક વર્ષમાં ૪૦૦ ડાયરેક્ટ જોઇનીંગ અને ૨૫૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો ૨૫૦૦૦૦૦ હાઉસ ફંડ વન ટાઈમ તથા ૫૦૦૦૦૦૦ પેંશન વન ટાઈમ

"યાદ રહે આ કોઈ ઇન્વેસ્ટમેન્ટ પ્લાન નથી, અન્યોને જોડશો તો જ કમાશો."

જોડાવા માટે અમારા ફોન પે, પેટીએમ, ગુગલ પે નંબર ૯૮૨૫૩૧૮૨૨૫ માં રૂપિયા ૬૫૦/-અને જોઈનિંગ ગિફ્ટ મોબાઈલ એન્ટીરેડીએશન ચિપના કુરિયર ચાર્જ સાથે ટ્રાન્સફર કરો. ટ્રાન્ઝેક્શનનો ફોટો ૭૫૭૪૮૮૮૮૬૧ પર મોકલો તુરંત વધુમાં વધુ ત્રણ કલાકમાં આપના વોટ્સએપમાં જોઈનિંગ પીન આવી જશે. ત્યારબાદ www.connectindians.in વેબસાઈટ ખોલી મેનુમાં જઈ રજીસ્ટ્રેશન ખોલી સ્પોન્સર આઈડી 99999999 Dhananjay આવશે તેની નીચે તમામ વિગતો ભરી સબમિટ કરો અને આપ જોડાઈ ગયાનો મેસેજ આવશે જેમાં આપનો આઈ ડી પાસવર્ડ આવશે જે સાચવી રાખવો.

"અન્ય ને પણ આજ રીતે MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવા જોડો. ફક્ત જેતે સમયે બાય ડિફોલ્ટ આવેલા મારા આઈડી ૯૯૯૯૯૯૯૯૯૯ ને ડીલીટ કરી આપનો આઈડી લખો ને ડિટેલ ભરી સબમિટ કરાવો

મિત્રો આટલી આવક સરળતાથી ક્યાંય નહિ મળે www.connectindians.in

જે વ્યક્તિનું ફોર્મ ભર્યું હશે એ આપની નીચે ડાઉન લાઈન બની ગયો, બસ આટલું કરી અન્યોને એજ શીખવો અને આપ મેળવશો લેવલ પ્રમાણે અઢળક કમાણી.

આજે જ ૯૮૨૫૩૧૮૨૨૫ ના પેટીએમ ફોનપે કે ગૂગલ પે માં માત્ર ૬૫૦/-ભરો જેમાં ગિફ્ટ નો કુરિયર ચાર્જ આવી ગયો તો આજે જ આપની આવકનો શુભારંભ કરો

વધુ વિગત માટે કોલ કરો :

CEO MARKET4U, DHANANJAY ZAVERI, 9978406257

(સમય સવારે ૧૦ થી ૬ વાગ્યા સુધી જ)

ગોટાલાવાડી ટેનામેન્ટ રિડેવલપમેન્ટની આડે ASIની મંજૂરીનું ગ્રહણ દૂર, ૩૫ મીટરની ઉંચાઈને બહાલી

દિલ્હીમાં મેયર અને સાંસદની રજૂઆતોને પગલે સાંસ્કૃતિક બાબતોના મંત્રી પ્રહલાદસિંહ પટેલે બેઠકમાં ગોતાલાવાડી ટેનામેન્ટ રિડેવલપમેન્ટમાં બનનારી બિલ્ડિંગ્સને ૩૫ મીટરની ઉંચાઈ સુધીની મંજૂરી આપતો નિર્ણય કર્યો

- **આર્કિઓલોજીકલ સર્વે ઓફ ઈન્ડિયાની એનઓસી નહીં મળતા રિડેવલપમેન્ટના પ્રોજેક્ટમાં માત્ર ૨૨.૮ મીટર એટલે ફક્ત સાત માળની જ બિલ્ડીંગ બનાવી શકાય તેમ હતું**
- **આવી અધ્ધરતાલ સ્થિતિમાં પ્રોજેક્ટનું કામ પાંચ મહિનાથી બંધ હતું અને હંગામી રીતે ખસેડાયેલા ૧૩૦૪ લાભાર્થીઓને ભાડુ આપવાનું પણ બંધ કરાતા મોટા વિવાદ સર્જાયો હતો**

સુરત

પૂરતી ઉંચાઈની બિલ્ડિંગ બનાવવા માટે આર્કિયોલોજીકલ સર્વે ઓફ ઈન્ડિયાની એનઓસી નહીં મળતા કતારગામ ગોતાલાવાડી રિડેવલપમેન્ટનો પ્રોજેકટ ટલ્લે ચઢ્યો હતો. છેલ્લા પાંચ મહિનાથી ૧૩૦૦ પરિવાર અટવાયા હતાં. એક તબક્કે પાલિકાએ ૧૪ માળની બિલ્ડીંગ શક્ય ન હોઈ સાત માળની જ ઈમારત બનાવવા સાથે પ્રોજેકટમાં મનપાને જે લાભ થનાર હતો તે જતું કરવાનું આયોજન વિચાર્યુ હતું. પાલિકાના સ્લમ વિભાગે દરખાસ્ત તૈયાર પણ કરી હતી. જોકે, રાજકીય સ્તરે ગાંધીનગર અને છેવટે દિલ્હીમાં સાંસ્કૃતિક બાબતોના મંત્રીને રજૂઆતો કરાતા શનિવારે રિડેવલપમેન્ટના આ પ્રોજેક્ટમાં ૩૫ મીટરની બિલ્ડીંગ્સ બનાવવા માટેની મંજૂરી આપતો નિર્ણય લેવાયો હોવાની જાહેરાત કરાઈ હતી.

જૂના જર્જરિત ટેનામેન્ટની જગ્યાએ જ નવા ફ્લેટ બનાવી આપવા, બાકીની જગ્યાને ઈજારદાર કમર્શિયલ ઉપયોગ કરી શકે તેવી પ્રાથમિક રૂપરેખા ધરાવતા આ પ્રકરણમાં બન્યું એવું હતું કે, ગોતાલાવાડી ટેનામેન્ટમાં સ્લમ રિડેવલોપમેન્ટની સ્કીમ અંતર્ગત ૧૩૦૪ પરિવારોના ફ્લેટ ખાલી કરાવી દેવાયા હતાં. જોકે, આ પ્રોજેક્ટની નજીક રક્ષિત સ્મારક એવા ડચ અને ઈંગ્લીશ સિમેટ્રી આવતા હતાં. એટલે, તેની આસપાસ ઉંચી ઈમારત બનાવવી હોય તો આર્કિઓલોજીકલ સર્વે વિભાગની એનઓસી લેવી જરૂરી હતી. જોકે, પૂરતી ઉંચાઈની બિલ્ડિંગ બનાવવા માટેની એનઓસી અટવાઈ જતાં ઈજારદારે પાંચ માસથી ૧૩૦૦થી વધુ પરિવારોને માસિક ભાડું આપવાનું પણ બંધ કરી દીધું હતું. થોડા દિવસ અગાઉ અસરગ્રસ્તો ઉપવાસ ઉપર પણ બેઠા હતા. સ્થાનિક ધારાસભ્યની મધ્યસ્થીથી મામલો થાળે પડ્યો હતો.

પુરાતત્વ વિભાગના નિયમો મુજબ આ જગ્યા પર અગાઉ નક્કી થઈ હતી તે ૧૪ માળની ઈમારતને બદલે માત્ર સાત માળની જ ઈમારત બની શકે, એટલે કે ૨૨.૮ મીટરની ઉંચાઈની બિલ્ડિંગ બની શકે તેવી મંજૂરી આપી હતી. આવી સ્થિતિમાં પ્રોજેક્ટ ટલ્લે ચઢે તેમ હતું. ઈજારદારને મોટું નુકશાન જઈ રહ્યું હોવાની સ્થિતિમાં હંગામી ધોરણે શિફ્ટ કરાયેલા ૧૩૦૪ લાભાર્થીઓને ભાડુ ચૂકવવાનું પણ બંધ કરી દેવાયું હતું. એટલું જ નહીં સ્થળ ઉપર કામકાજ પણ પાંચ મહિનાથી અટકી પડ્યું હતું. છેવટે ભાજપ શાસકોએ અને વહીવટી તંત્રએ પાણી નાક ઉપરથી વહી જાય તે પહેલાં રાજકીય સ્તરે રજૂઆત કરીને નિવેડો લાવવા માટેની મથામણ હાથ ધરી હતી.

મેયર ડો.જગદીશ પટેલનું કહેવું હતું કે, સુરતમાં મારા મતવિસ્તારના ખૂબ જ મહત્વના એવા ગોટાલાવાડી ટેનામેન્ટ રિડેવલપમેન્ટ પ્રોજેક્ટની આડેનું ગ્રહણ આખરે દુર થયું છે. છજીં દ્વારા ૩૫ મીટરની ઉંચાઈ મંજૂર કરવામાં આવી. આ માટે ગોટાલાવાડીના ૧૩૦૪ પરિવારો વતી અમને દિલ્હી લઈ જઈને સાંસદ દર્શનાબેન જરદોષે કેન્દ્રીય મંત્રી પ્રહલાદસિંહ પટેલ સમક્ષ રજૂઆત કરાવી હતી. મંત્રી પ્રહલાદસિંહે અમારી લાગણીસભર રજૂઆતને હકારાત્મક રીતે સ્વીકારી તે બદલ તેમનો અને અમારા શહેર ભાજપ પ્રમુખ નિતીનભાઈ ભજીયાવાલા, પાલિકાના અન્ય પદાધિકારીઓ, ધારાસભ્યો, કમિશનર, ડે. કમિ. કેતન પટેલ, કાર્યપાલક ઈજનેર જયમલાણી સહિત સૌનો આભારી પણ છું.

ખુનનો કારસો ઘડનાર ૩ આરોપીઓ ખુન કરે તે પહેલા ભરૂચ એલ.સી.બી.એ દબોચી લીધા

સતિષ પાટીલે પુત્ર વિવેકના ખૂનનો બદલો લેવા મહંમદ ઝાકીર સિધી સાથે મળી ચતુર્વેદીને મારી નાંખવાનો કારસો ઘડી રૂ.૫૦,૦૦૦/- માં ઝાકીરને સોપારી આપી હતી

ભરૂચ જિલ્લા પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમા દ્વારા ગંભીર ગુનાઓ બનતા અટકાવવાની સુચના મળતા સને ૨૦૧૬ માં અંકલેશ્વર જી.આઈ.ડી.સી.પોલીસ સ્ટેશન વિસ્તારમાં રહેતા સતિષ રઘુનાથ પાટીલની પત્ની રોહીણી બેન પાટીલે સોતેલા પુત્ર વિવેક પાટીલને સહ આરોપીઓ સાથે મળી ઝેર આપી મોતને ઘાટ ઉતારવા બદલ ખુનનો ગુનો નોંધાયો હતો. ત્યાર બાદ આરોપી રોહીણીબેન પાટીલનુ થોડા દિવસ બાદ મૃત્યુ નીપજ્યુ હતુ. અને સહ આરોપીઓ જામીન મુકત થયા હતા. મરનાર વિવેકના પિતા સતિષ પાટીલને તેના પુત્ર વિવેકનું ખુન થયાનુ સહન થયુ ન હતું તેને પુત્ર વિવેક યાદ આવતો હતો વિવેક પાટીલ ના ખુનના આરોપીઓ બનાવ પહેલા અંકલેશ્વર જી.આઈ.ડી.સી.મા રહેતા ચતુર્વેદી નામક વ્યક્તિની દુકાન પર બેસતા ઉઠતા હોવાથી સતિષ પાટીલને શંકા હતી કે, તેના પુત્રનુ ખુન કરવાનો પ્લાન ચતુર્વેદીની દુકાનમાં ઘડાયો હતો અને ચતુર્વેદીએ આરોપીઓને વિવેકનું ખુન કરવામાં મદદ કરી હોવાની શંકા હતી જેથી સતિષ પાટીલે પુત્ર વિવેક પાટીલના ખૂનનો બદલો લેવા મહંમદ ઝાકીર સિધી રહેવાસી રતનપુર તા.ઝગડીયા સાથે મળી ચતુર્વેદીને મારી નાંખવા નો કારસો ઘડી રૂ.૫૦,૦૦૦/- માં ઝાકીરને સોપારી આપી હતી અને પ્લાન મુજબ ઝાકીરને સાથે લઈ જઈ ચતુર્વેદીને બતાવી, મારવાનું નક્કી કર્યું હતું. તેમના પ્લાનમાં ઝાકીરે મોહસીન સિદી રહેવાસી રતનપુરને સામેલ કર્યો હતો. ઝાકીર અને મોહસીન છેલ્લા વીસ પચ્ચીસ દિવસથી રતનપુરથી અંકલેશ્વર જી.આઈ.ડી.સી બાઈક પર આવી ચતુર્વેદીની દુકાનની આસપાસ રેકી કરતા હતા. જે દરમ્યાન એલ.સી.બી પોલીસને આરોપીઓના કારસાની બાતમી મળી હતી. જેથી ઈચાર્જ પોલીસ અધિક્ષક ડી.પી.વાઘેલા સાહેબના માર્ગદર્શન મુજબ એલ.સી.બી. ટીમે આરોપીઓ ચતુર્વેદીનું ખૂન કરે તે પહેલા આરોપી ઓને ટેકનીકલ સર્વલેસ અને હ્યુમન ઈન્ટેલીજેસ સોર્સીસ દ્વારા ઝાકીર સિદી તથા મોહસીન સિદ્દીને મેળવી ઘનિષ્ઠ પુછપરછ આદરતા તેઓ ભાંગી પડી ચોંકાવનારી વિગતો જણાવી હતી

આ વિગતો માં મુખ્ય આરોપી સતિષ પાટીલ બીએસસી થયો છે કેમીકલના વ્યવસાય સાથે સંકળાયેલો છે. તેણે પુત્રના ખુનનો બદલો લેવા માટે આરોપી ઝાકીર સાથે મળી ચતુર્વેદીને મારી નાંખવા માટે ઝેરનું ઈજેશન તૈયાર કર્યું હતું. અને ચતુર્વેદી રાતના સમયે એકલો મળે ત્યારે તેને ઝેરનું ઈજેકશન આપી મારી નાંખવાના હતા.એલ.સી.બી. પોલીસને બાતમી મળતા જ એક્ટીવ થઈ આરોપીઓને મેળવી ઘનિષ્ઠ પુછપરછ કરી તેઓ ચતુર્વેદીનનુ ખુન કરે તે પહેલા જ ત્રણેય આરોપીઓની ધરપકડ કરી આરોપી ઝાકીરના પાસે થી ઝેરનું ઈજેકશન રીકવર કરી ચતુર્વેદીને જીવતદાન આપ્યુ હતુ.જે અંગેની ફરીયાદ અંકલેશ્વર જી.આઈ.ડી.સી. પો.સ્ટે.માં સરકાર તરફે એલ.સી.બી દ્વારા નોંધાવી તપાસ હાથ ધરી ઈજેક્શન જીમાં તપાસ અર્થે મોકલી બાકી આરોપી અફઝલની ધરપકડના ચક્રો ગતિમાન કર્યા છે.

ભાતિગળ લોક સંસ્કૃતિ ઉજાગર કરતો ડાંગ દરબાર તા. ૫માર્ચથી ચાર દિવસ યોજાશે

ડાંગ દરબારને લોકભોગ્ય બનાવવા વહીવટી તંત્ર કટિબદ્ધ

આહવા

આગામી તા.૫ માર્ચ-૨૦૨૦ થી ડાંગ જિલ્લાના મુખ્ય વહીવટી મથક આહવા ખાતે ડાંગ જિલ્લાનો ઐતિહાસિક અને ભાતિગળ લોકસંસ્કૃતિને ઉજાગર કરતા લોકમેળાનો વિધિવત પ્રારંભ થશે. ડાંગ દરબાર તરીકે પ્રખ્યાત આ લોકમેળો ૮મી માર્ચ સુધી યોજાશે.

ડાંગ કલેકટરશ્રી એન. કે. ડામોરના વડપણ હેઠળ તા.૨૦/૦૨/૨૦ ના રોજ કલેકટર કચેરીના સભાખંડમાં ડાંગ દરબાર-૨૦૨૦ અંતર્ગત બેઠક યોજાઇ હતી. જેમાં સમગ્ર જિલ્લા વહીવટી તંત્રએ ખભેખભા મિલાવીને, સુક્ષ્માતિસુક્ષ્મ આયોજન સાથે વધુ લોકભોગ્ય બને તે માટેનું આયોજન હાથ ધર્યું છે. ગત વર્ષની જેમ આ વર્ષે પણ ડાંગ દરબારનો ભવ્ય ભાતિગળ મેળો રાબેતા મુજબના સ્થળે યોજાશે. જેને માટે જરૂરી તમામ આગોતરી વ્યવસ્થાઓ માટે વહીવટીતંત્રે કવાયત હાથ ધરી દીધી છે.

ડાંગ દરબારની પરંપરા અનુસાર આ વખતે પણ ડાંગ દરબારનો પ્રારંભ રાજ્યના રાજ્યપાલશ્રીના હસ્તે થાય તે માટેનું આયોજન ડાંગ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા હાથ ધરાયુ છે. ડાંગના માનીતા અને જાણીતા આ લોકોત્સવને લોકો મન ભરીને માણે તે દિશામાં કલેકટરશ્રી એન.કે.ડામોરે પ્રયાસો હાથ ધર્યા છે.

કલેકટરશ્રી ડામોર ની સૂચના અને માર્ગદર્શન મુજબ ડાંગ દરબારના ઉદ્ઘાટન સમારોહ, શોભાયાત્રા, માહિતીસભર પ્રદર્શન સ્ટોલ, જુદી જુદી ચીજ વસ્તુઓની દુકાનો,પ્લોટ ફાળવણી સહિત સ્વચ્છતા અભિયાન,પીવાના પાણી, આરોગ્યની વ્યવસ્થા, વાહન-વ્યવહાર,પોલીસ બંદોબસ્ત સહિત રજુ થનારા સાંસ્કૃતિક કાર્યક્રમો માટે વિવિધ સમિતિઓની રચના કરી તમામ કામગીરી સોંપવામાં આવેલ છે.

આ બેઠકમાં જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતિ બીબીબેન ચૌધરી, નિવાસી અધિક કલેકટરશ્રી ટી. કે. ડામોર, નાયબ પોલીસ અધિક્ષક શ્રીઆર.ડી.કવા, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામકશ્રી ડી.આર.અસારી, પ્રાંત અધિકારીશ્રી કાજલબેન ગામીત,નાયબ વનસંરક્ષકશ્રી દિનેશ રબારી, મામલતદાર શ્રીઓ, વાસુર્ણાના રાજવીશ્રી ધનરાજસિંહ સૂર્યવંશી, સામાજીક કાર્યકર ગાંડાભાઈ પટેલ સહિત તમામ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ભરૂચના ટંકારીયા ગામે જુગાર રમી રમાડતાં ત્રણને પાલેજ પોલીસે રૂ.૧૦૨૫૦/- ના મુદ્દામાલ સાથે પકડી પાડ્યા



ભરૂચ જીલ્લા ઈન્ચાર્જ પોલીસ અધિક્ષક એમ.પી. ભોજાણી તથા નાયબ પોલીસ અધિક્ષક ડી.પી.વાઘેલા તરફથી જિલ્લામાં પ્રોહી-જુગારની અસામાજીક પ્રવૃત્તિ ચલાવતા ઈસમો વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવા સુચના મળેલ હોય, જેથી પાલેજ પો. ઈન્સ. બી.પી. રજયાની સુચના અને માર્ગદર્શન હેઠળ આજ રોજ મળેલ બાતમી આધારે ટંકારીયા ગામે સાંપા સ્ટ્રીટમા પત્તા પાના વડે પૈસાથી હાર જીતનો જુગાર રમી રમાડતાં ત્રણ ઈસમોને પકડી પાડી તેઓની અંગ ઝડતીનાં રોકડા રૂ.૯૫૫૦/- તથા દાવ ઉપરનાં રોકડા રૂ.૭૦૦/-મળી કુલ્લે કં.રૂ.૧૦૨૫૦/- નાં મત્તાનાં મુદ્દામાલ સાથે પકડી પાડી જુગાર ધારા કલમ- ૧૨ મુજબ કાયદેસર કાર્યવાહી કરવામા આવેલ છે.

પકડાયેલ આરોપીઓ :- (૧) હારૂનભાઈ ઈબ્રાહીમભાઈ સુતરીયા ઉ.વ.૪૭ રહે, ટંકારીયા સાંપા સ્ટ્રીટ તા.જી.ભરૂચ (૨) મસ્તકીમ બસીરમીયા મલેક ઉ.વ.૨૦ રહે, ટંકારીયા સાંપા સ્ટ્રીટ તા.જી.ભરૂચ (૩) ઈમરાનભાઈ અહમદભાઈ કડીયા,ઉ.વ.૩૨ રહે, ટંકારીયા ભુતા સ્ટ્રીટ તા.જી.ભરૂચ નો સમાવેશ થાય છે.

અંકલેશ્વરમાં ટ્રકની અડફેટે રસ્તો ક્રોસ કરતા માતા પુત્રીનું મોત

ભરૂચ

અંકલેશ્વર વાલિયા રોડ પર કાપોદ્રા પાટિયા પાસે ટ્રકના ચાલકે માતા-પુત્રીને અડફેટે લેતા તેમના મોત નિપજ્યા છે. આ ગોઝારા અકસ્માતની જાણ થતાં જીઆઈડીસી પોલીસ ઘટનાસ્થળે પહોંચી ટ્રક ચાલકને પકડી વધુ તપાસ હાથ ધરી છે.

આ મામલે મળતી માહિતી પ્રમાણે, ગતરોજ સાંજે ૭.૩૦ વાગ્યાની આસપાસ અંકલેશ્વર વાલિયા રોડ પર કાપોદ્રા પાટિયા પાસે ૨૫ વર્ષની માતા રેનુ દેવી પીન્ટુ સાવ અને તેમની ૫ વર્ષની પુત્રી ચાંદની કુમારી રોડ ક્રોસ કરી રહ્યાં હતા. આ દરમિયાન ટ્રક ચાલકે માતા-પુત્રીને અડફેટે લેતા બન્નેનાં ઘટના સ્થળે મોત નિપજ્યાં હતાં. ટ્રક ચાલક અકસ્માત સર્જી ટ્રક મૂકી ફરાર થઈ ગયો હતો. ઘટનાની જાણ થતા જીઆઈડીસી પોલીસે તપાસ હાથ ધરી હતી અને ટ્રક ચાલકને ઝડપી પાડ્યો હતો.

માતા અને પુત્રી તેના પતિ અને પુત્ર સાથે મેળો જોવા જઈ રહ્યાં હતાં. આ દરમિયાન પતિ પિન્ટુએ દીકરાને ઉંચકી લીધો હતો અને પત્ની દીકરી સાથે રસ્તો ક્રોસ કરી રહી હતી. આ દરમિયાન ટ્રક ચાલકે માતા અને પુત્રીને અડફેટે લીધા હતાં. જેમાં માતાનું ઘટના સ્થળે જ્યારે દાકરીનું ટૂંકી સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું.

આ સાથે આજે રાજપીપળા પાસે એક કારનો ટ્રક સાથે અકસ્માત થતા કારમાં સવાર ચાર લોકોનાં ઘટના સ્થળે મોત નીપજ્યાં છે. આ ઉપરાંત અન્ય બે ઈજાગ્રસ્તોને સારવાર માટે હૉસ્પિટલ લઈ જવામાં આવ્યાં છે.

આરોગ્ય કેન્દ્રમાં સીકલ સેલ એનીમિયા ફ્લોઅપ શિબિર

વલસાડ

સિકલ સેલ એનીમીયા કંટ્રોલ પ્રોગ્રામ અંતર્ગત જિલ્લા પંચાયતની આરોગ્ય શાખા દ્વારા સામૂહિક આરોગ્ય કેન્દ્ર ડુંગરી ખાતે સિકલ સેલના દર્દીઓ માટે સીકલ સેલ ફોલોઅપ કેમ્પરનું આયોજન કરાયું હતું. આ કેમ્પામાં વલસાડ તાલુકાના સિકલસેલના ૯૭ દર્દીઓને મેડીકલ કૉલેજના પીડિયાટ્રીક, ઓર્થોપિડિક, ગાયનેકોલોજીસ્ટહ, ફીજીશીયન વિભાગના સ્પેકશિયાલીસ્ટલ વિભાગના મારફતે હેલ્થ ચેકઅપ કરી જરૂરી સારવાર આપવામાં આવી હતી. તેમજ લેબ ટેકનીશીયનો દ્વારા તમામ દર્દીઓના લોહીની તપાસ કરવામાં આવી હતી. ઉક્ત્ દર્દીઓ પૈકી સાત દર્દીઓને વધુ સારવારની જરૂરિયાત જણાતાં સિવિલ હોસ્પિનટલ વલસાડ ખાતે રીફર કરાયા હતા.

આ કાર્યક્રમમાં મુખ્યા જિલ્લા આરોગ્યા અધિકારકી ડૉ.અનિલ પટેલ, સામૂહિક આરોગ્યા કેન્દ્ર ના સુપ્રિટેન્?ડન્ટે ડૉ.સ્નેબહલ પટેલ, તાલુકા હેલ્થય અધિકારી ડૉ.કમલ ચૌધરી, ડુંગરીના સરપંચ સમીરભાઈ સહિત ગ્રામજનો, દર્દીઓ હાજર રહયા હતા. હાથપગમાં દુ:ખાવો, કમરના સાંધામાં દુ:ખાવો, લોહીની ફીકાશ, વારંવાર કમળો થવો વગેરે બાહય લક્ષણો તેમજ તબીબી તપાસમાં બરોળ મોટી થવી, લીવર પર સોજો આવો, મૂત્રપિંડમાં બગાડ થવો, પિત્તાશયમાં પથરી થવી વગેરે લક્ષણો જોવા મળે તો તાત્કા લિક લોહીની તપાસ કરાવવી ખૂબ જ જરૂરી છે. સિકલ સેલના દર્દીઓએ દિવસમાં શકય તેટલું વધારે ઓછામાં ઓછું ૧૦ થી ૧૫ ગ્લાસ પાણી પીવું. દરરોજ એક ફોલીક એસીડની ગોળી લેવવી, જે એનીમીયા ઓછા કરવામાં અને નવા લાલ કણ બનાવવામાં મદદરૂપ બનશે. ઝાડા-ઉલ્ટી પરસેવા મારફતે વધારે પાણી શરીરમાંથી વહી જાય તો તરત જ ડૉક્ટ રને બતાવવું. શરાબ તથા દ્રવ્યોપનુ સેવન કે ધુમ્રપાન ન કરવું જોઈએ. શરીરમાં ખૂટતા બધા જ પ્રકારના વિટામીન્સ્વ મળી રહે તે માટે સંપૂર્ણ સમતોલ ખોરાક લેવા તેમજ હિમોગ્લોમબીનની ટકાવારી અને શ્વેતકણોની સંખ્યા જાણવા નિયમિત દર ત્રણ મહિને લોહીની તપાસ કરાવી લેવી જોઈએ.

અંકલેશ્વર પબ્લિક સ્કુલમાં ધો.૧૦ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ યોજાયો

અગ્રણીઓએ વિદ્યાર્થીઓને ઉજ્જવળ ભવિષ્યની શુભકામના પાઠવી

અંકલેશ્વર

અંકલેશ્વર ઉમરવાડા રોડ ખાતે આવેલી અંકલેશ્વર પબ્લિક સ્કૂલમાં ગુરૂવારના રોજ ધોરણ ૧૦ના વિદ્યાર્થીઓના વિદાય સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું.અંકલેશ્વર પબ્લિક સ્કૂલમાં આયોજિત ધોરણ ૧૦ ના વિદ્યાર્થીઓના વિદાય સમારોહમાં મુખ્ય મહેમાન તરીકે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના અગ્રણી અને આગેવાન નેતા અરવિંદ દોરાવાલા, ડોક્ટર બાબા સાહેબ આંબેડકર યુવા ઉત્થાન સમિતિના પ્રમુખ પરેશ મેવાડા, ભરૂચ જિલ્લા કોંગ્રેસ પ્રવક્તા નાઝુ ફડવાલા ઉપરાંત સ્કૂલના ટ્રસ્ટીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે અરવિંદ દોરાવાલાએ જણાવ્યું હતું કે ધોરણ૧૦ એ વિદ્યાર્થીઓના સફળ ભવિષ્યનું નિર્માણ કરતું પ્રથમ સોપાન છે. તેમણે વિદ્યાર્થીઓને દિલ દઈને મહેનત કરીને ઉજ્જવળ પરિણામ મેળવી વર્તમાન સમયની શિક્ષણ વ્યવસ્થાને અનુરૂપ ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી.



શ્રી Design
A Complete Printing Solution
Our Services
• Graphic Design • Book Work
• I Card (School & Commercial) • Brochure
• Pamphlet
• Stationary Printing • Calendar
All Type of Designing & Printing Work @ One Junction
93774 65170 • 70160 46096

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર
SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી
● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । સોમવાર । તા. ૨૪-૦૨-૨૦૨૦ । વર્ષ : ૧૬ ।

ટ્રમ્પ-મોદીનું આજે આગમન,એરપોર્ટથી સ્ટેડિયમ સુધી ૨૨ કિમીનો યાદગાર રોડ શો

અમેરિકા સે આયા મેરા દોસ્ત દોસ્ત કો સલામ કરો: મોદી ભાવવિભોર

સસ્પેન્સ પરથી પડદો ઉઠ્યોઃ ટ્રમ્પ જશે ગાંધીના શરણે, ગાંધી આશ્રમ પોલીસ છાવણીમાં ફેરવાયું, રોડ શો દરમ્યાન અલગ-અલગ રાજ્યોની ઝાંખી રજૂ કરાશે



અમદાવાદ

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ૨૪ ફેબ્રુઆરી (આવતીકાલે)એ અમદાવાદ એરપોર્ટ પર ઉતરશે. ત્યારે તેમનું સ્વાગત કરવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ટ્રમ્પથી એક કલાક પહેલા અમદાવાદ આવશે. પહેલા એવા સમાચાર હતા કે, નરેન્દ્ર મોદી રવિવારે સાંજે જ અમદાવાદ આવવાના હતા. પરંતુ છેલ્લી ઘડીએ પીએમ મોદીના પ્લાનમાંફેરફાર કરવામાં આવ્યો છે. નરેન્દ્ર મોદી આવતીકાલે ડોનાલ્ડ ટ્રમ્પને આવકારવા માટે અમેદાવાદ એરપોર્ટ પર પહોંચશે. અને એરપોર્ટથી જ મોટેરા સ્ટેડિયમ સુધી રોડ શો યોજાશે. ગાંધી આશ્રમના ટ્રસ્ટીએ દાવો કર્યો છે કે ટ્રમ્પ ગાંધી આશ્રમ ૧૫ મિનિટ માટે પણ આવશે. પોલીસ દ્વારા ગાંધી આશ્રમ ખાતે સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. ટ્રમ્પ મોટેરા સ્ટેડિયમમાં લોકોને સંબોધિત કરશે. ટ્રમ્પ આગ્રા જઈને તાજમહેલ નો પણ દીદાર કરશે. વડાપ્રધાને રવિવારે અમેરિકાના રાષ્ટ્રપ્રમુખના સ્વાગતમાં લખ્યું કે, અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના સ્વાગત માટે ઉત્સુક છે, આ સન્માનની વાત છે કે તેઓ કાલે

અનુસંધાન પાના નં. ૫

- **મોદીના કાર્યક્રમમાં ફેરફાર: ટ્રમ્પના આગમનના એક કલાક પહેલાં વડાપ્રધાન ગુજરાત આવશે**
- **ટ્રમ્પ સ્ટેડિયમમાં એક લાખથી વધુ લોકોને સંબોધશે,ઉદ્યોગપતિઓ-એનઆરઆઈ સહિતના લોકો હાજર રહેશે**
- **કાર્યક્રમનું સ્થળ અને રોડ શૉ પોલીસ છાવણીમાં ફેરવાયુ**
- **ટ્રમ્પ-મોદીનો રોડ શો શરૂ થતા જ સ્ટેડિયમમાં તમામને બેસાડી દેવામાં આવશે**

ટ્રમ્પે બાહુબલી થીમ પર બનેલો વીડિયો શેર કર્યોઃ કહ્યું મિત્રોને મળવા ઉત્સુક

ભારત પ્રવાસ માટે રવાના થયાના થોડાક કલાક પહેલા અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પએ ટ્વિટ કરીને કહ્યું કે તેઓ ભારતમાં પોતના મહાન મિત્રોને મળવા માટે આતુર છે. ટ્રમ્પે એક અનવેરિફાઇડ ટ્વિટર એકાઉન્ટ સોલના એક વીડિયોને રિટ્વિટ કર્યો છે. આ વીડિયોમાં દક્ષિણના અભિનેતા પ્રભાષની ફિલ્મ બાહુબલીના સીનનું સંપાદન કરવામાં આવ્યું છે.

આ વીડિયોમાં ટ્રમ્પને બાહુબલી તરીકે દર્શાવવામાં આવ્યા છે. સાથોસાથ ઈવાંકા, મેલાનિયા અને ટ્રમ્પના જમાઈ કુશનરને પણ દર્શાવવામાં આવ્યા છે. આ પહેલા ટ્રમ્પ, બૉલિવૂડ ફિલ્મ 'શુભ મંગલ જ્યાદા સાવધાન'ની પણ ટ્વિટર પર પ્રશંસા કરી ચૂક્યા છે.

વડાપ્રધાને ૬૨મી વખત મન-કી-બાત કાર્યક્રમ થકી સંબોધ્યા

જે દેશ ફીટ હશે, તે હંમેશા હીટ રહેશેઃ વડાપ્રધાન મોદી

દેશની મહિલાઓ બદલાવ સાથે આગળ વધવા તૈયાર,બાયો-ફ્યુઅલનો વાયુસેનાના વિમાનમાં પ્રયોગ ઐતિહાસિક

ન્યુ દિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે ૬૨મા રેડિયો કાર્યક્રમ મન કી બાત કાર્યક્રમમાં બિહારની જાણીતિ ડિસ લિટ્ટી ચોખા, દિલ્હીના હુનર હાટ, દેશની સંસ્કૃતિ અને વિજ્ઞાન પ્રત્યેની રૂચી સહિતના મુદ્દે વાત કરી હતી.

તેમને કહ્યું હતું કે, આપણા દેશની વિશાળતા અને વિવિધતાને યાદ કરવી, તેને નમન કરવું, દરેક ભારતીયને ગર્વથી ભરી દે છે. આ વિવિધતાના અનુભવનો અવસર તો હંમેશાથી અભિભૂત કરનારો, આનંદથી ભરી દેનારો, એક પ્રકારથી પ્રેરણાનું પુષ્પ હોય છે. થોડા દિવસ પહેલા હું દિલ્હીના હુનર હાટની મુલાકાતે ગયો હતો જ્યાં મે આપણા દેશની વિશાળતા, સંસ્કૃતિ, પરંપરાઓ, ખાણીપીણી અને લાગણીઓની વિવિધતાઓના દર્શન કર્યા.

પીએમ તાજેતરમાં જ દિલ્હીના હુનર હાટમાં ગયા હતા અને ત્યાં લિટ્ટી ચોખાનો આનંદ લીધો હતો. જેનો ઉલ્લેખ કરતા પીએમે કહ્યું કે, હુનર હાટમાં સમગ્ર ભારતની કળા અને સંસ્કૃતિની ઝાંખી સાચે જ અનોખી હતી. દિલ્હીના હુનર હાટમાં એક નાની સ્થળે દેશની વિશાળતા, સંસ્કૃતિ, પરંપરાઓ અને વ્યંજનોની વિવિધતાના દર્શન થાય છે. હુનર હાટ શિલ્પકારોના સપનાઓને પાંખો આપી રહ્યું છે. તેઓએ કહ્યું કે હુનર હાટે શિલ્પકારોના જિંદગીમાં વ્યાપક ફેરફાર કર્યો છે.

પીએમ મોદીએ કહ્યું કે, ભારતને જાણવા માટે જ્યારે પણ તક મળે આવા પ્રકારના આયોજનોમાં ચોક્કસ જવું જોઈએ. તમે દેશની કળા અને સંસ્કૃતિ સાથે તો જોડાશો ઉપરાંત તમે દેશના મહેનતુ કારીગરોની વિશેષ કરીને મહિલાઓની સમૃદ્ધિમાં પણ પોતાનું યોગદાન આપી શકશો.

વડાપ્રધાને કહ્યું કહ્યું કે, આપણું નવું ભારત હવે જૂના ઢાંચાની સાથે ચાલવા તૈયાર નથી. ખાસ કરીને ન્યૂ ઈન્ડિયાની આપણી બહેનો અને માતાઓ તો આગળ વધીને તે પડકારોને પોતાના હાથોમાં લઈ રહી છે જેણે સમગ્ર સમાજમાં એક સકારાત્મક ફેરફાર જોવા મળી રહ્યો છે.

પીએમ મોદીએ કહ્યું કે, હાલમાં આપણા દેશના બાળકોમાં, યુવાઓમાં વિજ્ઞાજ અને ટેકનીક પ્રત્યે રૂચિ સતત વધી રહી છે. યુવાઓને સાયન્સ સાથે જોડવા માટે ઈસરોએ યુવિકા કાર્યક્રમ શરૂ કર્યો છે. યુવિકાનો અર્થ છે યુવા વિજ્ઞાની કાર્યક્રમ. આ કાર્યક્રમ હેઠળ પરીક્ષા બાદ બાળકો રજાઓમાં ઈસરોના અલગ-અલગ સેન્ટર જઈને સ્પેસ ટેકનીક વિશે શીખે છે. આ પ્રોગ્રામમાં, પોતાની પરીક્ષા બાદ રજાઓમાં વિદ્યાર્થીઓ, ISROના અલગ અલગ સેન્ટર્સમાં જઈને સ્પેસ ટેક્નોલોજી,સ્પેસ વિજ્ઞાન, અને સ્પેસ એપ્લિકેશન અંગે શીખે છે. આ ઉડાણમાં ૧૦ ટકા બાયોજેટ ફ્યુલનું મિશ્રણ કરાયું હતું.

સુપ્રિમ કોર્ટના વાર્તાકારનું સોગંદનામું

શાહીન બાગમાં પોલીસે બિનજરૂરી રીતે રસ્તા બંધ કર્યા, પ્રદર્શન શાંતિપૂર્ણ

ન્યુ દિલ્હી

શાહીન બાગમાં રસ્તો ખોલવાનો મામલો છેક સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો છે. આ મામલે વાતચીત કરવા માટે સુપ્રીમ કોર્ટે નિમેલા ત્રણ પૈકી એક વાર્તાકાર વજાહત હબીબુલ્લાહે સુપ્રીમ કોર્ટમાં પોતાનો એક રિપોર્ટ સોંપ્યો છે. જેમાં તેમને ઉપરથી દિલ્હી પોલીસ પર જ સવાલ ખડા કર્યા છે. વાર્તાકાર વજાહત હબીબુલ્લાહે કહ્યું હતું કે, સંશોધીત નાગરિકતા કાયદા વિરૂદ્ધ શાહીન બાગમાં ચાલી રહેલા પ્રદર્શનો શાંતિપૂર્ણ છે. તેમણે દાવો કર્યો હતો કે, અહીં ૫ રસ્તાઓ તો પોલીસે જ બંધ કરીને રાખ્યા છે. સુપ્રીમ કોર્ટ તરફથી શાહીન બાગમાં રસ્તો ખોલવા માટે મોકલવામાં આવેલા ત્રણ વાર્તાકરોમાંના એક હબીબુલ્લાહે સુપ્રીમ કોર્ટમાં સોગંધનામું દાખલ કર્યું છે. સુપ્રીમ કોર્ટમાં સોમવારે બે સભ્યોની બેંચ આ કેસની સુનાવણી કરશે. બજાહત ઉપરાંત આ કેસમાં સંજય હેગડેઅનેસાધના રામચંદ્રનનેપણ વાર્તાકાર તરીકે નિમવામાં આવ્યા છે. હબીબુલ્લાહે પોતાના સોગંધનામમાં લખ્યું છે કે, પોલીસે કોઈ જ કારણરસ રસ્તાઓ રોકીને રાખ્યા છે. જેના કારણે જ લોકોને ભારે મુશ્કેલી વેઠવી પડી રહી છે. પોલીસે જ અહીં ૫ રસ્તાઓ રોકીને રાખ્યા છે. જોકે સ્કૂલ વાન અને એમ્બ્યુલેન્સને જવાની મંજૂરી છે પણ પોલીસ ચેકિંગ બાદ જ તેને મંજુરી આપવામાં આવી છે. તેમણે એમ પણ કહ્યું છે કે, સીએએ, એનઆરસી અને એનપીઆરને લઈને સરકારે પ્રદર્શનકારીઓ સાથે વાતચીત કરવી જોઈએ.

ઈરાનમાં કોરોના વાયરસથી ૬ના મોત,ઈટલીમાં ધાર્મિક અને રમતના આયોજનો રદ

તહેરાન

ચીનમાં ફેલાયેલા કોરોના વાઈરસનો કહેર ઈરાનમાં જોવા મળી રહ્યો છે. ઈરાનમાં આ બીમારીથી થોડા દિવસોમાં ૬ લોકોના મોત થયા છે. શનિવારે અર્ક શહેરમાં એક વ્યક્તિનું મોત થયું છે. શનિવારે ઈટલીમાં પણ આ રોગના પગલે એક વ્યક્તિનું મોત થયું હતું. તેના પગલે ૧૦ જેટલા શહેરોમાં સાર્વજનિક સ્થળોને બંધ કરવામાં આવ્યા છે. આ સિવાય લોકો એક-બીજાના ઓછા સંપર્કમાં આવે એટલા માટે ધાર્મિક અને રમતના આયોજનને પણ રદ કરવામાં આવ્યા છે. ચીનમાં આ બીમારીથી અત્યાર સુધીમાં ૨૩૪૫ લોકોના મોત થઈ ચુક્યા છે જ્યારે ૭૫,૬૬૭ લોકો આ બીમારીનો ભોગ બન્યા છે. આ બીમારીનું કેન્દ્ર રહેલા હુબેઈમાં જ માત્ર ૬૨,૬૬૨ લોકો કોરોનાગ્રસ્ત છે, જ્યારે રાજધાની વુહાનમા કોરાનાથી પીડિત લોકોની સંખ્યા ૪૫,૩૪૬ છે.

ઈરાનમાં અત્યાર સુધીમાં ૨૮ લોકોમાં કોરોનાવાઈરસ પોઝિટિવ હોવાનું જાણવા મળ્યું છે. દર્દીઓની ઓછી સંખ્યા હોવા છતા ૬ લોકોના મોત થઈ ચૂક્યા છે. આ બીમારીથી પીડિત લોકોનો ઈરાનના ચાર શહેરમાં ઈલાજ કરવામાં આવી રહ્યો છે. તેમાં રાજધાની તેહરાન પણ સામેલ છે. આ સિવાય કોમ, અર્ક અને રશતમાં પણ દર્દીઓની સારવાર ચાલી રહી છે.

હાથમાં તિરંગો અને સીએએ વિરૂદ્ધ નારેબાજી

નાગરિકતા કાયદા વિરૂદ્ધ જાફરાબાદમાં શાહીન બાગ જેવી પરિસ્થિતિ, મેટ્રો સ્ટેશન બંધ

ન્યુ દિલ્હી

દિલ્હીમાં નાગરિકતા સંશોધન કાયદા (સીએએ)ના વિરોધમાં આંદોલન અને વિરોધ પ્રદર્શન વધુ ઉગ્ર બની રહ્યું છે. રવિવારે દિલ્હીના જાફરાબાદ મેટ્રો સ્ટેશન બહાર અંદાજે ૫૦૦થી વધુ લોકોના ટોળાએ સીએએનો વિરોધ કર્યો હતો. વિરોધકર્તાઓમાં મોટાભાગે મહિલાઓનો સમાવેશ થાય છે. નોંધપાત્ર સંખ્યામાં ટોળા એકત્ર થતા મેટ્રો સત્તાધીશોએ જાફરાબાદ મેટ્રો સ્ટેશનના પ્રવેશ અને બહાર નિકળવાના દ્વાર બંધ કરવાની ફરજ પડી હતી.

શનિવાર રાતથી જ વિરોધ પ્રદર્શને વેગ પકડ્યું હતું અને સીલમપુરથી મૌજપુર તેમજ યમુનાવિહારને જોડતા માર્ગ પર લોકો વિરોધ કરવા ઉતરી ગયા હતા. મહિલાઓ પોતાના હાથમાં ત્રિરંગો રાખીને 'આઝાદી'ના સૂત્રો પોકારી રહી છે. વિરોધ કરી રહેલી મહિલાઓએ જણાવ્યું છે કે જ્યાં સુધી કેન્દ્ર સીએએ પરત નહીં ખેંચે ત્યાં સુધી તેઓ અહીંથી હટશે નહીં. સીએે વિરોધ ઉગ્ર બનતા સુરક્ષા કાફલો ખડકી દેવાયો છે. મહિલા પોલીસ અધિકારીઓને પણ આ વિસ્તારમાં ઉતારવામાં આવ્યા છે. જાફરાબાદ મેટ્રો સ્ટેશનના પ્રવેશ અને નિકાસ દ્વારા બંધ કરી દેવાની ફરજ પડી છે. આ મેટ્રો સ્ટેશન પર ટ્રેન ઉભી રાખવામાં નથી આવી રહી તેમ મેટ્રોલ રેલ કોર્પોરેશને જણાવ્યું હતું.

બુશરા નામની એક મહિલાએ જણાવ્યું કે જ્યાં સુધી સીએએ પરત ખેંચાશે નહીં ત્યાં સુધી વિરોધ યાથવાત રહેશે. સામાજીક કાર્યકર ફહીમ બૈગે નિવેદનમાં જણાવ્યું કે, કેન્દ્ર આ મુદ્દે જે રીતે વર્તી રહી છે તેનાથી લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે. દિલ્હીના શાહીનબાગમાં છેલ્લા બે મહિનાથી સીએએ વિરોધી પ્રદર્શન ચાલી રહ્યું છે. સુપ્રીમ કોર્ટે આ પ્રદર્શનકારીઓની વાત સાંભળવા માટે મધ્યસ્થીની નિમણૂક પણ કરી છે.

MARKET 4U ફ્રેન્ચાઈઝી નિમવાના છે

MARKET4U (રજી.) કંપનીને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન www.connectindians.inના ઓન-લાઈન પ્લેટફોર્મની સેવાઓ માટે ગુજરાતના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંકમાં) મૂડી રોકાણ કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા

ફ્રેન્ચાઈઝી

તાત્કાલિક વહેલા તે પહેલાના ધોરણે નિમવાના છે. ઈચ્છા ધરાવતી વ્યક્તિઓ સંપર્ક કરે.
(નફાનું ધોરણ ટર્ન ઓવરના ૪% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે.)

સ્કીમ : ફ્રેન્ચાઈઝી બની એક સાથે ૩૦ જોઈનિંગ પીન ખરીનાર પહેલા ૧૦,૦૦૦ ફ્રેન્ચાઈઝી વચ્ચે ડ્રો થશે જેમાં
પહેલું ઇનામ : રૂપિયા એક કરોડ (૧ વ્યક્તિ ને)
બીજું ઇનામ : રૂપિયા એક લાખ (૫ વ્યક્તિ ને)
ત્રીજું ઇનામ : રૂપિયા ૫૦ હજાર (૨૫ વ્યક્તિને) આપવામાં આવશે.

શરતો

૧. ડ્રો ૧૦,૦૦૦ ફ્રેન્ચાઈઝી પુરા થયે જ કરવામાં આવશે
૨. ડ્રો ની રકમ માંથી સરકારી TDS ૫% કાપવામાં આવશે.
૩. ડ્રો જાહેરમાં ફંકશન યોજી કોમ્પ્યુટરાઈઝડ સિસ્ટમ થી કરવામાં આવશે.
૪. ડ્રો ની રકમ ની ચુકવણી NEFT થીજ કરવામાં આવશે.
૫. ડ્રો નો એડમીન ચાર્જ ૨% ડ્રો ની રકમ માં થી અલગ થી કમાશે
૬. આ ડ્રો બાબતે કંપની લેખિત માં લખાણ કરી આપશે જે પિન ખરીદીના ૧૫ દિવસમાં ફ્રેન્ચાઈઝીના નોંધાયેલ એડ્રેસ પર આરપીએડી થી મોકલશે
૭. ફ્રેન્ચાઈઝી બનવા પહેલા મેમ્બર બનવું ફરજીયાત છે જે માટે નિયત રકમ એડવાન્સ ભરવાની રહેશે.
૮. પિન મેમ્બરના વોલેટમાં મળશે. જેના પર પીનદીઠ કમિશન રૂપિયા ૨૫ અલગ થી વોલેટમાં જમા થશે.
૯. મેમ્બર અથવા ફ્રેન્ચાઈઝી બનવા સંપર્ક કરો 9978406257
૧૦. ફ્રેન્ચાઈઝી પીન કંપની પાસેથી ખરીદી હશે તેજ વ્યક્તિ ડ્રોમાં ભાગીદાર ગણાશે. માટે ડ્રોમાં ભાગ લેનારે કંપની પાસેથીજ પીન ખરીદવી ફરજીયાત રહેશે.
૧૧. ફ્રેન્ચાઈઝી એક આઈડી પર એકજ વખત આ સ્કીમનો લાભ લઈ શકશે બીજી વાર લાભ લેવા અલગથી મેમ્બર બની ત્યારબાદ ૩૦ પિન સામટી લઈ લાભ લઈ શકાશે.

9978406257 Whats-App Time 10 am to 5 pm

તંત્રી લેખ

કારોબારમાં મહિલાઓ


કેન્દ્ર સરકારની મહત્વકાંક્ષી યોજના સ્ટાર્ટ અપ ઈન્ડિયના લાભ મહિલા કારોબારીઓને અપેક્ષા કરતા ઓછા મળી રહ્યા છે. આર્થિક સર્વેક્ષણ ૨૦૧૯-૨૦માં આ મુજબની વાત કરવામાં આવી હતી. જેમાં કહેવામાં આવ્યુ હતુ કે આ વર્ષે આઠમી જાન્યુઆરી સુધી ૨૭૦૮૪ સત્તાવાર સ્ટાર્ટ અપ કંપનીઓમાં ઓછામાં ઓછા એક મહિલા ડિરેક્ટરવાળી કંપનીઓની હિસ્સેદારી માત્ર ૪૩ ટકા રહી છે. મહિલાઓનુ પ્રતિનિધીત્વ દિલ્હી, મહારાષ્ટ્ર અને કર્ણાટક જેવા રાજ્યોમાં પણ ઓછુ રહ્યુ છે. આ તમામ જગ્યાએ સ્ટાર્ટ અપ કંપનીઓનો દેખાવ શાનદાર રહ્યો છે. મહિલા કારોબારી ઈન્ડેક્સ ૨૦૧૯માં ભારતનુ સ્થાન કુલ ૫૭ દેશોની યાદીમાં ૫૨મુ રહ્યુ હતુ. લોન આપનાર પ્લેટફોર્મ ઈનોવેન કેપિટલના કહેવા મુજબ નાણાં આપવામાં આવતા સ્ટાર્ટ અપ કંપનીઓમાં ઓછામાં ઓછા એક ડિરેક્ટર પદ ધરાવતી સ્ટાર્ટ અપ કંપનીઓની સંખ્યા ઓછી રહી છે. આવી કંપનીઓની હિસ્સેદારી વર્ષ ૨૦૧૮માં કુલ પૈકી ૧૭ ટકા હતી. જે વર્ષ ૨૦૧૯માં ઘટીને ૧૨ ટકા થઈ ગઈ છે. સાફ છે કે મહિલાઓ સ્ટાર્ટ અપમાં આવીને કેરિયર તો બનાવવા માટે ઈચ્છુક છે પરંતુ યોગ્ય માહોલ મળી રહ્યો નથી. સ્થિતી અનુકુળ ન રહેવાના કારણે કેટલાક સમય બાદ તે પોતાના પગલા સ્ટાર્ટ અપમાંથી પાછા ખેંચી લે છે. સામાન્ય રીતે જોવામાં આવે તો દેશમાં સામાજિક સ્થિતીઓ મહિલાઓ માટે કારોબાર કરવા માટે ક્યારેય અનુકુળ રહ્યા નથી. છતાં પણ છેલ્લા કેટલાક વર્ષોમાં સ્ટાર્ટ અપની હદમાં મહિલાઓ દેખાવવા લાગી ગઈ છે. ખાસ કરીને સ્ટાર્ટ અપનો દોર શરૂ થયા બાદ નવી પેઢીની મહિલાઓ તેમા પોતાની કુશળતા સાબિત કરી રહી છે. કેટલીક મહિલાઓ સ્ટાર્ટ અપમાં સફળતા હાંસલ પણ કરી રહી છે. પરંતુ પડકારો એટલા વધારે છે કે આગળ પહોંચ્યા બાદ આત્મવિશ્વાસ હચમચી ઉઠે છે અને છેલ્લે પીછેહટ કરી લે છે. થોડાક સમય સુધી આગળ વગ્યા બાદ મનોબળ તુટી જાય છે. સર્વેમાં આ બાબત પણ નિકળીને સપાટી પર આવી છે કે સ્ટાર્ટ અપના ક્ષેત્રમાં આગળ આવવા માટે ઈચ્છુક મહિલાઓને ક્રેડિટ સપોર્ટ પણ પુરૂષોની તુલનામાં ઓછો છે. એક અંદાજ છે કે મહિલાઓના ત્રણ ટકા સ્ટાર્ટ અપને જ ફંડની વ્યવસ્થા થઈ રહી છે. આનુ કારણ કદાચ એ આપવામાં આવી રહ્યુ છે કે બજારમાં સ્વતંત્ર મહિલા રોકાણકારોની ઉપસ્થિતી નામમાત્રની રહેલી છે. જો કે વાસ્તવિકતા તો એ છે કે સતત લાભ કમાવવાની ક્ષમતા મહિલાઓમાં પુરતા પ્રમાણમાં રહેલી છે. કેટલાક કેસોમાં મહિલા સ્ટાર્ટ અપને રોકાણકારો જુદી જુદી રીતે જોખમી ગણે છે. આના કારણે તેમને પુરતી પ્રમાણમાં સહાયતા મળતી નથી. તેમને ફંડ આપતી વેળા કેટલીક બાબતોને વધારે ધ્યાનમાં લેવામાં આવે છે. આ તમામ બાબતોને ધ્યાનમાં લઈને હવે સ્ટાર્ટ અપના ક્ષેત્રમાં મહિલાઓની ભાગીદારીને વધારી દેવા માટે નવી નવી પહેલ મોદી સરકાર કરે તે જરૂરી છે. મહિલાઓને લઈને કારોબારમાં કઈ કઈ તકલીફ આવી રહી છે તે બાબત પર ધ્યાન આપવાની તાકીદની જરૂરિયાત દેખાઈ રહી છે.

ભારતભરમાં સ્ટાર્ટ અપ ઈન્ડિયાના લાભ મહિલા કારોબારીઓને અપેક્ષાથી ઓછા

ભારતમાં ફુડ સ્ટોરેજની કમીથી કોલ્ડ સ્ટોરેજ બિઝનેસ પ્રોફિટ મેકિંગ

કોલ્ડ સ્ટોરેજ : પ્રોફિટ મેકિંગ બિઝનેસ

ભારતમાં ફુડ સ્ટોરેજની કમીના કારણે કોલ્ડ સ્ટોરેજ બિઝનેસને જોરદાર મદદ મળી રહી છે. કોલ્ડ સ્ટોરેજ પ્લાન્ટ હવે ૧૦૦ ટકા પ્રોફિટ મેકિંગ બિઝનેસમાં ફેરવાઉ જતા આ બિઝનેસમાં વધુને વધુ લોકો આગળ આવી રહ્યા છે. આ ક્ષેત્રમાં ભવિષ્યમાં પણ ખુબ જોરદાર તક રહેલી છે. આંકડા દર્શાવે છે કે છેલ્લા બે વર્ષના ગાળામાં જ આ સેક્ટરમાં પ્રાઈવેટ બિઝનેસ પ્લેયરની એન્ટ્રી અવિરતરીતે થઈ રહી છે. સાથે સાથે કેટલીક મોટી મુડીરોકાણ સાથે જોડાયેલી કંપનીઓ કોલ્ડ સ્ટોરેજ બિઝનેસમાં વર્ષ ૨૦૨૩ સુધી ૨૦ હજાર કરોડ રૂપિયાનુ રોકાણ કરવાની યોજના ધરાવે છે. ભારત જેવા વિકાસશીલ દેશમાં તમામ પ્રયાસો વર્ષોથી કરવામાં આવી રહ્યા હોવા છતાં હજુ કોલ્ડ સ્ટોરેજ પુરતા પ્રમાણમાં નથી. કોલ્ડ સ્ટોરેજની કમીના કારણે સરકાર અને ખાસ કરીને ખેડુતો માટે મોટા પડકાર તરીકે છે. સરકાર પણ આ બિઝનેસ માટે મોટા પાયે સબસિડી આપી રહી છે. જેના કારણે વધુને વધુ ઉદ્યોગસાહસિકો આ ક્ષેત્રમાં આગળ આવવા માટે વિચારી રહ્યા છે. જો તમે કોઈ મોટા બિઝનેસને લઈને આશાવાદી છો તો આ ક્ષેત્રમાં પણ ભાગ્ય અજમાવી શકાય છથે. કોઈ બિઝનેસમાં રોકાણ કરવા માટે ઈચ્છુક રોકાણકારો આ બિઝનેસમાં રોકાણ કરીને સારી આવક મેળવી શકે છે. આ બિઝનેસના ફ્યુચર ગ્રોથનો અંદાજ આ બાબતથી લગાવી શકાય છે કે કેટલીક સરકારી અને બિન સરકારી સંસ્થા દ્વારા આ સેક્ટર વાર્ષિક ૧૫ ટકાના દરે વધશે તેવો અંદાજ વ્યક્ત કર્યો છે. કોલ્ડ સ્ટોરેજના બિઝનેસમાં સૌથી જરૂરી બાબત પાવર બેક અપ છે. કારણ કે જે એરિયામાં તમે આ



છેલ્લા બે વર્ષના ગાળામાં જ પ્રાઈવેટ બિઝનેસ પ્લેયરોની એન્ટ્રી અવિરત વધી રહી છે : ૨૦ હજાર કરોડના રોકાણની યોજના પર કામ જારી

બિઝનેસ કરી રહ્યા છો ત્યાં પાવર અથવા તો વિજળીની કોઈ સમસ્યા હોવી જોઈએ નહીં. દેશમાં કોલ્ડ સ્ટોરેજ બિઝનેસ કેટલાક કારણોસર એક પ્રોફિટ મેકિંગ બિઝનેસ આઈડિયા છે. જેમાં પ્રમુખ છે કે ભારતમાં વર્તમાનમાં આશરે ૭૫૦૦ જ કોલ્ડ સ્ટોરેજ ફેસિલિટી છે. આની ક્ષમતા આરે ૩૨ મિલિયન મેટ્રિક ટન છે. કેટલીક રિસર્ચ સંસ્થાઓ કહી ચુકી છે કે વર્તમાનમાં સ્ટોરેજ કરનાર પ્રોડક્ટસ આશરે ૬૨ મિલિયન મેટ્રિક ટન છે. જો કે સુવિધા ઉપલબ્ધ ન હોવાના કારણે ફુડ વેસ્ટ સતત વધી રહ્યા છે. ખેડુત હોય કે અન્ય સ્મોલ બિઝનેસ જે કોઈને કોઈ રીતે ફુડ ઈન્ડસ્ટ્રીઝ અને ફાર્મિંગ સાથે સંબંધ ધરાવે છે તો તેઓ કોલ્ડ સ્ટોરેજ માટે વધારે નાણાં ચુકવી દેવા માટે તૈયાર રહે છે. વર્તમાનમાં ભારતમાં જે સ્ટોરેજ ફેસિલિટી છે તે ખુબ ટ્રેડિશનલ છે. તેમની ક્ષમતા વધારે નથી. જેથી આ સેક્ટરમાં ગ્રોથની ખુબ શાનદાર સંભાવના રહેલી છે. પરંપરાગત કોલ્ડ સ્ટોરેજ માટે સિમેન્ટ અને કોંકરીટ સાથે બનેલી બિલ્ડિંગનો ઉપયોગ કરવામાં આવે છે. હવે પાઉડર કોટેડ પફપેનલથી ફેસિલિટીને વહેલી તકે ઓછા બજેટમાં તૈયાર કરવામાં આવે છે. કોલ્ડ સ્ટોરેજની જાણકારી મેળવી લેવા માટે તમે કેન્દ્ર અને રાજ્ય સરકાર સાથે સંબંધિત વિભાગોની પાસેથી માહિતી મેળવી શકાય છે. આની શરૂઆત કરતા પહેલા સૌથી પહેલા ધ્યાન આપવા માટેની બાબત એ હોય છે કે વિસ્તારની પસંદગી ખુબ સાવધાનીથી થવી જોઈએ. ક્યાં એવા સ્ટોરેજની જરૂર છે તે બાબત પર ધ્યાન આપી શકાય છે. વર્તમાન સમયમાં સૌથી વધારે કોલ્ડ સ્ટોરેજ ઉત્તરપ્રદેશ, મહારાષ્ટ્ર અને ગુજરાતમાં છે. રાજસ્થાન અને એનસીઆરના ક્ષેત્રમાં કોલ્ડ સ્ટોરેજ બિઝનેસ પ્રોફિટ કરાવી શકે છે. આમાં કારોબારીને ઓછા સમયમાં સારો રિટર્ન મળવાની શરૂઆત થઈ જાય છે. હવે કોલ્ડ સ્ટોરેજની સાથે સાથે કોલ્ડ ચેઈન કારોબાર પણ વધી રહ્યો છે. ઈન્ડિયન માર્કેટમાં કેટલીક મલ્ટીનેશનલ કંપનીઓની એન્ટ્રી બાદ કોલ્ડ સ્ટોરેજ ચેઈન કારોબાર ઝડપથી વધી રહ્યો છે.

કોલ્ડ સ્ટોરેજ ચેઈન પર્યાવરણ કન્ટ્રોલ લોજિસ્ટિક ચેઈન હોય છે. જે ઉત્પાદનથી ગ્રાહકો સુધી ચીજને પહોંચાડી દેતા પહેલા નિયંત્રિત તાપ પર ચીજને તાજી અને સુરક્ષિત રાખે છે. દેશમાં હાલમાં આ કંપનીઓની સંખ્યા કોલ્ડ સ્ટોરેજની સંખ્યા કરતા માત્ર ત્રણ ટકા છે.

ચીનમાં કોરોનાના ભય વચ્ચે બિઝનેસ જર્ની રિશેડ્યુલ કરવાની જરૂર

કોરોના : બિઝનેસ ટ્રાવેલ પોલીસી બદલો

બિઝનેસના સંબંધમાં ચીન અથવા તો તેની નજીકના દેશમાં જતા આપના કર્મચારીને મેડિકલ ટ્રેનિંગની જરૂર

ચીનમાં કોરોના વાયરસના કારણે હાહાકાર મચેલો છે. હજારો લોકોના મોત થઈ ગયા છે. ૭૦ હજારથી વધારે લોકો કોરોના વાયરસથી ચીનમાં ગ્રસ્ત બની ચુક્યા છે. સાથે સાથે કોરોના વાયરસની અસર માત્ર ચીન સુધી હવે મર્યાદિત નથી. ૩૨ દેશો તેના સકંજામાં આવી ચુક્યા છે. આવી સ્થિતીમાં કોરોના વાયરસની અસર વૈશ્વિક સ્તર પર જોવા મળી રહી છે. આના કારણે વિશ્વના દેશોને વેપાર કારોબારમાં પણ માઠી અસર થઈ રહી છે. ચીન બાદ કોરોના વાયરસથી ગ્રસ્ત પિડિત દુનિયાના અવગ અલગ દેશોમાં પણ મળવા લાગી ગયા છે. વિશ્વ આરોગ્ય સંગઠન દ્વારા આની આશંકા વ્યક્ત કરવામાં આવી છે. વિશ્વ આરોગ્ય સંસ્થાએ કહ્યુ છે કે કોરોના વાયરસથી ગ્રસ્ત દેશ અન્ય પણ હોઈ શકે છે. જેથી ચીન સાથે થઈ રહેલી જુદી જુદી વેપાર ગતિવિધીઓને બંધ કરવામાં આવી રહી છે. અથવા તો આ વેપાર ગતિવિધીને બિલકુલ મર્યાદિત કરવામાં આવી રહી છે. આ સ્થિતી હાલના મહિનામાં જારી રહી શકે છે. આની સીધી અને માઠી અસર દુનિયાના દેશોના વેપાર કારોબાર પર થઈ રહી છે. ખાસ કરીને ભારત જેવા દેશ પર તેની અસર જોરદાર રીતે થઈ રહી છે. ભારત જેવા દેશ જેમાં ૩૫ ટકાથી વધારે નાના અને મોટા બિઝનેસ ચીનની વેપાર ગતિવિધી પર આધારિત રહેલા છે. બીજી બાજુ જે બિઝનેસ ચીન સાથે અલગ અલગ રીતે કારોબાર કરે છે તે પરેશાન થયેલા છે. આવી કંપનીઓના કર્મચારીઓ વારંવાર બિઝનેસ કાપથી ચીનમાં જાય છે. હવે તેમની સામે નવી મુશ્કેલી આવી રહી છે. ચીનની કંપનીઓ સાથે કારોબાર કરનાર ભારતીય કંપનીઓ અને જે કંપનીઓના કર્મચારીઓ બિઝનેસના હેતુથી વારંવાર ચીન જાય છે તેમને તેમની નીતિમાં ફેરફાર કરવાની જરૂર દેખાઈ રહી છે. ખાસ કરીને બિઝનેસ ટ્રાવેલ્સ પોલીસીમાં ફેરફાર કરવાની જરૂર દેખાઈ રહી છે. ખાસ કરીને ઈ-કોમર્સ અથવા તો આયાત પર તેમજ નિકાસ પર આધારિત રહેલી કંપનીઓને તેમના બિઝનેસ પ્લાનમાં ફેરફાર કરવાની જરૂર અનુભવાઈ રહી છે. જો અમે ચીને બિઝનેસના સંબંધમાં યાત્રા માટેની તૈયારી કરી છે તો હાલમાં આ જર્નીને રિશેડ્યુલ કરવાની જરૂર દેખાઈ રહી છે. હુવેઈની સાથે અન્ય કોઈ પણ ચીની જગ્યાએ જવાની યાત્રા હાલમાં રદ કરવામાં આવે તે વધારે યોગ્ય છે. આવી સ્થિતીમાં રિમોટ વર્ક જ સારા વિકલ્પ તરીકે છે. જો તમારી ચીજો ચીનથી આયાત કરવામાં આવી રહી નથી તો પોતે જવાના બદલે સ્થાનિક લોજિસ્ટિક એજન્ટની મદદ લઈ શકો છો. જો કે આના કારણે બજેટમાં કેટલાક પ્રમાણમાં અસર થઈ શકે છે. બિઝનેસના સંબંધમાં ચીન અને તેની આસપાસના દેશોમાં જતા કર્મચારીઓને જરૂરી ટ્રેનિંગ આપવાની જરૂર હોય છે. કોરોના વાયરસ સાથે સંબંધિત ટ્રેનિંગ પણ કર્મચારીને આપવામાં આવે તે જરૂરી છે. કેટલાક મેડિકલ નિષ્ણાંતો અને હોસ્પિટલમાં પણ આપની મદદ કરી શકે છે. આ ઉપરાંત ઓનલાઈન મેડિકલ કાઉન્સિલિંગ સર્વિસનો પણ ઉપયોગ કરી શકાય છે. સરકાર દ્વારા જારી તમામ માર્ગદર્શિકાને ફોલો કરવામાં આવે તે જરૂરી છે. તમામ લોકો સારી રીતે જાણે છે કે ચીનમાં સ્થિતી સામાન્ય બનવામાં કેટલો સમય લાગશે. સ્મોલ બિઝનેસ સાથે જોડાયેલા લોકોને ચીન પર આધાર રાખવાના બદલે સ્થાનિક કારોબારીઓ પર ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર છે. કારોબારીઓને પોતાના વર્કફોર્સને પોતાના બિઝનેસ સાથે સંબંધિત સ્થાનિક સપ્લાયર સાથે સંપર્કમાં લગાવી દેવામાં આવે તે સમયની માંગ છે. બિઝનેસ નોર્મલ રીતે જારી રહે તે જરૂરી છે. જો તમે પૂર્ણ રીતે ચીન પર આધાર રાખશો તો આર્થિક નુકસાનનો સામનો કરવાની ફરજ પડી શકે છે. ચીનમાં કોરોના વાયરસના કારણે હાહાકાર મચેલો છે. બે હજારથી વધારે લોકોના મોત થઈ ચુક્યા છે. ૭૦ હજારથી વધારે લોકો આ બિમારીના સકંજામાં આવી ચુક્યા છે. આવી સ્થિતીમાં બિઝનેસ ટ્રાવેલ પોલીસીમાં કારોબારીઓ અને ભારતની કંપનીઓ ફેરફાર કરે તે જરૂરી છે. જર્ની રિશેડ્યુલ કરવામાં વધારે ફાયદો છે.

વૃંદાવનની હોળી આ વખતે અનોખી

હોળી આડે ગણતરીના દિવસો રહ્યા છે ત્યારે ઉત્તરપ્રદેશના વૃંદાવનમાંઆ વખતની હોળી અનોખી પ્રકારની રહેનાર છે. લાખો શ્રદ્ધાળુઓને આ વખતે અલગ પ્રકારની હોળી રમવાની તક મળનાર છે. આ વખતની વૃંદાવનની હોળી મંદિરોમાં ચઢાવવામાં આવતા ફુલોતી બનેલા ગુલાલતી મહેકી જશે. આ ફુલોથી ગુલાલ અને અન્ય પ્રકારના રંગ બનાવવાની કામગીરી હાલમાં ચાલી રહી છે. જેમાં મોટી સંખ્યામાં મહિલાઓ, ખાસ કરીને વિધવા મહિલાઓ આ નિર્માણ કામગીરીમાં લાગેલી છે. ચૈતન્ય વિહાર સ્થિત મહિલા આશ્રય સદન સંવાસિનીની મહિલાઓ મહિલા અને બાળ વિકાસ વિભાગના નેતૃત્વમાં રચવામાં આવેલી બ્રજ ગાંધી સમિતની દેખરેખમાં આ હોળી રમવામાં આવનાર છે. આ વખતે મંદિરોમાં ચઢાવવામાં આવતા ફુલોથી ગુલાલ અને રંગ બનાવવામાં આવી રહ્યા છે જે પર્યાવરણ અને આરોગ્ય અનુકુળ રહેનાર છે. આ કામગીરીમાં કન્નોજની સરકારી સંથા સુગંધ અને સુર વિકાસ કેન્દ્ર ટેનકિલ સહકાર આપી રહી છે. બ્રજ ગંધા પ્રસાર સમિતિના પદેન સચિવ અને જિલ્લા પ્રોબેશન અધિકારી ડોક્ટર શ્યામ અનુરાગ રસ્તોગીએ કહ્યુ છે કે આ યોજનાનો હેતુ વૃંદાવનના મંદિરોમાં ચઢાવવામાં આવેલા ફુલો મારફતે તેનો યોગ્ય ઉપયોગ કરીને ગુલાલ નિર્માણ કરવામાં આવનાર છે. ફુલાના ગુલાલની નિર્માણ કામગીરામાં વિધવા મહિલાઓને કામ સોંપવામાં આવ્યુ છે. જેના ભાગરૂપે વિધવા મહિલાઓને સ્વરોજગારી પણ મળી છે. વિધવા અને છોડી દેવામાં આવેલી મહિલાઓને સ્વાવલંબી બનાવવા માટેના પણ હેતુ રાખવામાં આવ્યા છે. આ યોજના ગયા વર્ષે શરૂ કરવામાં આવી હતી. તેમાં ફુલોથી કેટલીક પ્રકારના સુંગધી અને અહાનિકારક ગુલાલ, અબરબત્તિ બનાવવામાં આવી રહી છે. આનાથી ધુપ અગરબત્તિ પણ બનાવવામાં આવી રહી છે. તેમણે કહ્યુ હતુ કે મહિલાઓ માટે આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે કોઈ અડચણો નથી. આ સ્વૈચ્છિક કાર્યક્રમ છે. આમાં કામ કરનાર લોકોને પૈસાની ચુકવણી કરવામાં આવે છે. સાથે સાથે પેદાશો વેચવવાની સ્થિતીમાં તેમાં મળનાર હિસ્સો પણ લાભનો આપવામાં આવે છે.એકત્રિત કરવામાં આવેલા નાણાં સીધી રીતે મહિલાઓના ખાતામાં જમા કરવામાં આવે છે. રસ્તોગીએ કહ્યુ છે કે હાલમાં તમામ ફુલોટાકુર બાંકેબિહારી મંદિરથી લેવામાં આવી રહ્યા છે.

વર્ષની પ્રથમ ગ્રાન્ડ સ્લેમ જીતીને મહિલા સર્કિટમાં નવી આશા જગાવી

સોફિયા કેનિન : ઉભરતી ટેનિસ સ્ટાર

૧૪મી નવેમ્બર ૧૯૯૮ના દિવસે જન્મેલી સોફિયા કેનિન અમેરિકી ટેનિસ સ્ટાર તરીકે છે. તે હાલમાં લાખો કરોડો ચાહકોના દિલો દિમાગ પર છવાઈ ગઈ છે. સોફિયા કેનિને હાલમાં વર્ષની પ્રથમ ગ્રાન્ડ સ્લેમ ઓસ્ટ્રેલિયન ઓપન ટેનિસ ચેમ્પિયનશીપમાં મહિલાની સિગલ્સ સ્પર્ધાનો તાજ જીતી લીધો હતો. આની સાથે જ તે ભાવિ સ્ટાર તરીકે ઉભરી આવવાના સંકેત આપી ચુકી છે. ટેનિસ જગતમાં તેના નામને લઈને હવે ચર્ચા છે. પ્રથમ ગ્રાન્ડ સ્લેમ સ્પર્ધામાં જીત મેળવી લેતી વેળા સોફિયા કેનિને અનેક મોટી સ્ટારને હાર આપી હતી. પોતાની કુશળતાની સાબિતી પણ આપી હતી. શ્રેષ્ઠ રમત દર્શાવી હતી. ઓસ્ટ્રેલિયન ઓપનની ફાઈનલ મેચમાં તો સોફિયા કેનિને બે વખતની ગ્રાન્ડ સ્લેમ વિજેતા સ્પેનની ગર્બાઈન મુગુરૂજા પર જીત મેળવી હતી. સોફિયા કેનિને આની સાથે જ પોતાની કેરિયરમાં પ્રથમ ગ્રાન્ડ સ્લેમ જીતી લેવામાં સફળતા મેળવી હતી. તેના અંગે હવે ટેનિસ ચાહકો પણ વધુને વધુ માહિતી મેળવી લેવા માટે પ્રયાસ કરી રહ્યા છે. ગુગલ અને વિકિપિડિયામાં તેની ચર્ચ કરી રહ્યા છે. ચાહકો માટે અમે કહી રહ્યા છીએ કે સોફિયા કેનિનનો જન્મ રશિયાના પાટનગર મોસ્કોમાં થયો હતો. જન્મના થોડાક દિવસ બાદ જ તેના પરિવારના સભ્યો અમેરિકામાં શિફ્ટ થઈ ગયા હતા. તે અમેરિકાના ફ્લોરિડાના પેમ્બ્રોક પાઈસમાં રહે છે. પાંચ વર્ષની નાની વયથી જ તે ટેનિસ રેકેટ હાથમાં પકડી લીધા બાદ સતત રમી રહી છે. કેનિની સફળતાની વાત કરવામાં આવે તો તે કુલ ચાર ડબલ્યુટીએ સિગલ્સ ટાઈટલ્સ જીતી ચુકી છે. તકે બે ડબલ્સ ડબલ્યુટીએ ટ્રોફી પણ જીતી ચુકી છે. તે વર્ષ ૨૦૧૯માં સૌથી વધુ રમતમાં સુધારો કરનાર ખેલાડી તરીકેનો તાજ પણ મેળવી ચુકી છે. તે કેરિયરની પ્રથમ ગ્રાન્ડ સ્લેમ જીતીને કેટલાક રેકોર્ડ પોતાના નામ પર કરવાની શરૂઆત કરી ચુકી છે. જે પૈકી એક રેકોર્ડ વર્ષ ૨૦૦૨માં સેરેના વિલિયમ્સ બાદ હવે કોઈ પણ ગ્રાન્ડ સ્લેમ સૌથી નાની વયમાં જીતનાર સૌથી યુવા અમેરિકી ખેલાડી બની ગઈ છે. તમામ લોકો જાણે છે કે વર્તમાન ઓસ્ટ્રેલિયન ઓપનમાં તે દુનિયાની નંબર વન ટેનિસ ખેલાડી એશ્લે બાર્ટીને હાર આપીને ફાઈનલમાં પહોંચી હતી. કેનિન બાળપણથી ટેનિસને લઈને ખાસ કુશળતા ધરાવતી રહી છે. તેની કુશળતાને બાળપણથી જ



રશિયાના મોસ્કોમાં જન્મેલી સોફિયા પાંચ વર્ષની નાની વયથી જ ટેનિસ રમી રહી છે : કઠોર મહેનત, ધૈર્ય અને આત્મવિશ્વાસથી સફળતા મળી

અનુભવી કોચ રિક મેક્સીએ ઓળખી કાઢ્યા બાદ તેને ટ્રેનિંગ આપવાની શરૂઆત કરી હતી. કેનિનના પિતાએ પણ તેને ટ્રેનિંગ આપી હતી. તેનુ જીવન ટેનિસની આસપાસ રહ્યુ છે. તે માત્ર ૧૬ વર્ષની વયમાં ઓરેન્જ બોલ જીતીને નંબર બે પોઝિશન પર પહોંચી ગઈ હતી. આની સાથે જ લોકપ્રિય જુનિયર ખેલાડી બની ગઈ હતી. આ તમામ સફળતા પાછળ તેની જોરદાર મહેનત અને શિસ્ત મુખ્ય કારણ તરીકે છે. સોફિયા ટેનિસ રમવાની તેની આક્રમક રમતના કારણે વધારે જાણીતી રહી છે. તેનુ જીવન આ બાબતનુ પ્રતિક છે કે જ્યારે કોઈ સપનુ જોવામાં આવે ત્યારે તેની પાછળ તમામ તાકાત લગાવી દેવાની જરૂર હોય છે. તેનુ કહેવુ છે કે પૂર્ણ કટિબદ્ધતાની સાથે કામ કરવામાં આવે અને ટાર્ગેટને ધ્યાનમાં લઈને આગળ વધવામાં આવે તો તમામ સફળતા હાથ લાગે છે. તે પાંચ વર્ષની હતી ત્યારથી જ ગ્રાન્ડ સ્લેમ જીતવા માટેના સપના જોઈ રહી હતી. આના માટે મહેનત પણ કરી રહી હતી. તેના જોરદાર આત્મવિશ્વાસ, મહેનત અને ધૈર્યના કારણે આજે તે પોતાનુ સપનુ પૂર્ણ કરી શકી છે. કેનિન ગ્રાન્ડ સ્લેમમાં ઓસ્ટ્રેલિયન ઓપનમાં વિજેતા બનતા પહેલા તેનો વધુ સારો દેખાવ વર્ષ ૨૦૧૯માં ફ્રેન્ચ ઓપન ટેનિસમાં રહ્યો હતો. જ્યાં તે સેરેનાને હાર આપી દેવામાં સફળ રહી હતી. આની સાથે જ તે ટોપ ચારમાં પ્રવેશી ગઈ હતી. જો કે તે મોડેથી હારી ગઈ હતી. કેનિન નાની વયમાં જ સફળતા મેળવવા લાગી ગઈ હતી. જેથી ટેનિસ સમુદાય સાથે જોડાયેલા લોકો અને ટેનિસ પ્રેમીઓ તરફ તેનુ ધ્યાન ખેંચાયુ હતુ. ખુબ ઓછા લોકો જાણે છે કે અમેરિકામાં પરિવારના લોકો શિફ્ટ થયા બાદ સાત વર્ષની વયમાં જ તે રમવા લાગી ગઈ હતી. તે યુનાઈટેડ સ્ટેટ્સ ટેનિસ એસોસિએશન ગર્લ્સ અંડર સાત અને અન્ય સ્પર્ધામાં રમવા લાગી ગઈ હતી. તેની મહેનત અને સતત કુશળતાના કારણે તે ત્યારબાદ ૧૨, ૧૪, ૧૬, ૧૮ અંડર ડિવિઝનમાં નંબર વન પ્લેયર બનવી ગઈ હતી. કેનિન ત્યારબાદ એટીપી અને ડબલ્યુટીએ પ્રોફેશનલ ટેનિસમાં રમવા માટેની તક નાની વયમાં જ મેળવી ગઈ હતી. સાત વર્ષની વયમાં તે અન્ના કોરનિકોવા સાથે એક મેચમાં રમી હતી. એક પ્રદર્શની મેચમાં તે વિનસ વિલિયમસન અને ટોડ માર્ટિનની સામે જીમ કુરિયર સાથે પાર્ટનર તરીકે રમી હતી. તેને અનેક મહાન અમેરિકી ખેલાડી સાથે રમવા અને તેમની પાસેથી કુશળતા શિખવાની તક મળી હતી. જેના લીધે તેની રમત સતત સુધરી ગઈ હતી. આજે તે પ્રથમ ગ્રાન્ડ સ્લેમ સ્પર્ધા જીતી ચુકી છે. હજુ નવી આશા જગાવી રહી છે.

ખુશ રહેવુ હોય તો ઓળખાણનો ભાર આપણે જાતે જ ઉતારી ફેંકવો પડશ

થોડા દિવસો પહેલા મને એક નિવૃત્ત આઈપીએસ અધિકારી મળી ગયા, તેમની નિવૃત્તીને ઘણા વર્ષો થઈ ગયા, જ્યારે તેઓ નોકરીમાં હતા ત્યારે સરકારી ગાડીમાં ફરતા અને તેમની આસપાસ બંદુકો સાથે જવાનો રહેતા હતા, હવે તેઓ નિવૃત્ત છે, તેઓ જે કારમાં આવ્યા હતા તે આલીશાન મોંઘી કાર હતી, કારની કિંમત લાખોમાં જ હશે, સાહેબની નોકરી દરમિયાન તે પ્રકારની પ્રકૃતિ હતી તે પ્રમાણે તેમની પાસે આવી મોંઘી કાર હોવી સ્વભાવીક હતું, મારી નજર તેમની કારના ડેસ બોર્ડ ઉપર પડી મેં જોયું તો ડેસ બોર્ડ ઉપર પોલીસનો ડંડો પડયો હતો, મેં તેમને પુછ્યું સાહેબ ડેસ બોર્ડ ઉપર ડંડો કેમ છે, તેમણે મારી સામે જોયું અને થોડા ધીમા અવાજે કહ્યું, પોલીસમાંથી તો નિવૃત્ત થઈ ગયો પણ મનમાં પડેલો પેલો પોલીસવાળો હજી જતો નથી.

મને બહુ આશ્ચર્ય થયું, તેઓ પોલીસમાં હતા તેના કારણે મારા ચહેરાના ભાવ સમજી ગયા, તેમણે મારા ખભા ઉપર હાથ મુકતા કહ્યું, આખી જીંદગી પોલીસવાળા સલામ કરતા હતા તેનો પણ એક નશો હોય છે, પણ નિવૃત્તી પછી કોણ સલામ કરે, પણ મેં રસ્તો શોધી કાઢયો, નિવૃત્ત પોલીસવાળાને મેં મારા બંગલે નોકરી આપી દીધી, તેને બીજુ કોઈ કામ કરવાનું નહીં હું બંગલાની બહાર નિકળું ત્યારે મને સલામ કરવાની, હું તેમની સામે જોઈ રહ્યો, તેમણે મને કહ્યું એક વખત તમને કોઈ સાહેબ કહે પછી તે સાહેબ તમારો પીછો છોડતો નથી, તેઓ મને મળી નિકળી ગયા પણ મને લાગ્યું કે એક વખત આ ચક્કરમાં પડયા પછી નિકળવા માટે ખુબ મહેનત કરવી પડે છે.

આપણું કામ, આપણો હોદ્દો આપણને એક ઓળખાણ આપે છે, મોટા ભાગની ઓળખાણ હોદા સાથે સંકળાયેલી હોય છે, બહુ ઓછા લોકો પાસે પોતાના કામની ઓળખાણ હોય છે, અને જેઓ કામથી ઓળખાય છે તેઓ પણ સમયની સાથે પોતાની ઓળખ ગુમાવતા હોય છે, જ્યારે આપણી નોકરી રહેતી નથી અને જ્યારે આપણે કામ કરી શકતા નથી ત્યારે પહેલા લોકો જે રીતે આપણી સાથે વ્યવહાર કરતા હતા તેવો વ્યવહાર થતો નથી ત્યારે મનમાં સંતાપ થાય છે, મન દુ:ખી થાય છે, પણ જ્યારે આપણે હોદ્દા ઉપર હોઈ ત્યારે જો આપણી જાતને સમજાવી શકીએ કે હાલમાં જે ઓળખ છે તે કાયમી રહેવાની નથી તો આવનાર માનસીક પરિતાપથી આપણે પોતાની બચાવી શકીએ. પોતાની નોકરી-પદ અને વ્યવસાયને કારણે મળતા ગ્લેમરનો અનુભવ કરનાર તમામ આ રસ્તે પસાર થાય છે. મેં ગાંધીનગરનું રિપોર્ટીંગ કરનાર પત્રકારોને પણ જોયા છે, જેઓ વર્ષોથી સચિવાલયનું રિપોર્ટીંગ કરે છે તેના કારણે તેમનો સીધો નાતો મંત્રી અને આઈએએસ અધિકારી સાથે રહે છે, નિવૃત્તી બાદ હવે તેમને ગાંધીનગર તરફ મોઢું રાખી સુવાની પણ જરૂર નથી, તેઓ પોતાના સમયના નામ અને દામ બંન્ને કમાયા, તેમના સંતાનો પણ સારી જગ્યાએ કામે લાગી ગયા, પૈસાની પણ કોઈ તંગી નથી છતાં તેઓ ગાંધીનગર જતી પત્રકારોની બસમાં સચિવાલય આવે છે. અમે ઘણા મઝાકમાં કહીએ છીએ કે સરકારે આવા વયો વૃધ્ધ પત્રકારો માટે એક એમ્બ્યૂલન્સ પણ રાખવી જોઈએ. જ્યારે જ્યારે આપણે હું કોણ છું તેવી ઓળખ આપવી પડે ત્યારે સમજવું આપણો સમય પુરો થયો છે, આજે આપણે જે કામ કરીએ છીએ આપણી પહેલા બીજુ કોઈક કરતુ હતું, તેમના પહેલા બીજુ કોઈક કરતુ હતું અને આપણે જતા રહીશું પછી આપણા પછી આવનાર પણ તે કામ કરશે અને આપણે થોડા સમયમાં ભુલાઈ જઈશું. એવી જ રીતે જેવી રીતે આપણી પહેલાના લોકો ભુલાઈ ગયા. એટલે લોકો આપણને ભુલી ગયા તેનું દુ:ખ આપણને લાગે તે પહેલા આપણે પોતાના પદ-હોદા અને તેના દ્વારા મળેલી ઓળખને ભુલવી પડશે, ઓળખનો ભાર આપણે જ ઉતારવો પડશે કારણ ક્યાં સુધી આપણે આ ભાર સાથે જીવીશું.

બાળકોને ગેજેટ્સની લત



દરરોજ આજના સમયમાં નવા નવા ગેજેટસ બજારમાં આવી રહ્યા છે. જેના કારણે તેમના બાળપણના દિવસો દેખાઈ રહ્યા નથી. બાળપણ આના કારણે છુટી રહ્યા હોવાની બાબત કેટલાક વાલીઓ કરે છે. ગેજેટ્સની ટેવ બાળકોમાં એટલી હદ સુધી પડી રહી છે કે બાળકો તેમના વગર રહી શકતા નથી. તેઓ ઘરની બહાર મેદાનમાં રમવા કરતા મોબાઈલ, કોમ્પ્યુટર, અને ટીવી પર વધારે સમય કાઢવા ઈચ્છુક રહે છે. બાળકોને ગેજેટ્સથી કઈ રીતે દુર રાખવામાં આવે તેના માટે વારંવાર નિષ્ણાંતો ચર્ચા કરતા રહે છે. હવે નવા શોધમાં આ બાબત ઉભરની સપાટી પર આવી છે કે બાળકોને ગેજેટ્સથી દુર રાખવા માટે તેમની નિયમિત કસરતની ટેવ પાડવામાં આવે તે જરૂરી છે. આના કારણે બાળકોની થિંકિંગ સ્કીલ્સમાં વધારો થાય છે. સાથે સાથે તેમને ગેજેટ્સની ખરાબ અસર અંગે પણ માહિતી મળે છે. મેડિકલ જર્નલ પ્રોસિડિંગ્સમાં પ્રકાશિત કરવામાં આવેલા હેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે જે બાળકો કસરત કરે છે અને ઓછા પ્રમાણમાં ગેજેટ્સનો ઉપયોગ કરે છે તે બાળકોની કુશળતા અન્યો કરતા વધારે રહે છે. તેઓ શાંત વધારે રહે છે. ફિજિકલ એક્ટિવિટીના કારણે શરીરમાં વિટા એન્ડોર્ફિન હાર્મોન નિકળે છે. જે મોર્ફિન કરતા વધારે શક્તિસાળી હોય છે. તે નર્વસ સિસ્ટમમાં સેરોટાનિન નામના હાર્મોનનુ પ્રમાણ વધારી દે છે. જેના કારણે સારી ફિલિંગ આવે છે. આવી જ રીતે યોગ્ય શરીરમાં ઉર્જાના સ્તરને વધારી દેવામાં પણ ભૂમિકા અદા કરે છે. બાળકોને આધુનિક સમયમાં ગેજેટ્સની ટેવ સૌથી ખતરનાક છે. નાના નાના બાળકો પર મોટા ભાગે મોબાઈલ ફોન પર બેઠા હોય છે. અથવા તો કોમ્પ્યુટર પર જુદા જુદા પ્રકારના ગેમ રમતા રહે છે. આના કારણે તેમની તમામ પ્રકારની શક્તિને માઠી અસર થાય છે. વિજ્ઞાન અભ્યાસમાં આ બાબત ઉભરીને સપાટી પર આવી છે.

હાડકામાં સતત દુખાવો એક સામાન્ય સમસ્યા છે પરંતુ ...

હાડકામાં દુખાવાની અવગણ ન કરો

હાડકામાં સતત દુખાવો રહેવાની બાબત એક સામાન્ય સમસ્યા છે. આ સમસ્યા મોટી વયમાં વધારે જોવા મળે છે. મેડિકલ રિસર્ચના કહેવા મુજબ પુરૂષોની તુલનામાં મહિલાઓમાં આ સમસ્યા વધારે ગંભીર રીતે જોવા મળે છે. હાડકામાં દુખાવાની ફરિયાદો મહિલાઓ વધારે કરતી નજરે પડે છે. ભલે હાડકામાં પિડાની સમસ્યા સામાન્ય રીતે બોન ડેનસિટી ઓછી હોવાના કારણે અથવા તો ઈજા થવાના કારણે થાય છે પરંતુ તે કોઈ ગંભીર બિમારીનો સંકેત પણ હોઈ શકે છે. હાડકામાં એકાએક પીડા થવાની બાબત માટે કેટલાક કારણો હોઈ શકે છે. ઈજા અથવા તો શરીરના કોઈ અંગમાં વધારે પડતા ઉપયોગ અથવા તો બ્લડ સર્કુયલેશનમાં અડચણ આવવાના કારણે આવુ બની શકે છે. આવી જ રીતે જુના ઓસ્ટિયો આર્થરાઈટિસ, લ્યુપક અથવા તો સિકલ સેલ અનિમિયાના કારણે પણ એકાએક જોડકામાં તકલીફ ઉભી થઈ શકે છે. આજકલ યુવાનો ફિટ રહેવા માટે ઓનલાઈન ચેનલનો સહારો મેળવતા હોય છે. સારા શરીર માટે જુંબા અને એરોબિક્સ કરે છે. પરંતુ ટ્રેનર વગર આ પ્રકારની જટિલ કસરત કરવાથી હાડકામાં દુખાવા શરૂ થઈ જાય છે. યુવાનો શરીર બનાવવા માટે કેટલાક પ્રકારના પ્રોટીન સપ્લિમેન્ટસનો ઉપયોગ પણ કરતા રહે છે. કેટલાક સપ્લિમેન્ટ્સમાં સ્ટેરોઈડનુ પ્રમાણ હોય છે. જેના કારણે નસો સંકુચિત થઈ જાય છે. જેના કારણે બોન ટિશ્યુ ડેમેજ થઈ જાય છે. કેટલાક લોકો મોડી રાત સુધી પાર્ટી કરતા રહે છે. કેટલાક લોકો મોડી રાત સુધી કામ કરતા રહે છે. જેના કારણે તેમની ઉંઘ પૂર્ણ થઈ શકતી નથી. આના કારણે ભરપુર ઉંઘ નહીં લેવાના કારણે પણ જોડમાં દુખાવા રહે છે. ફાસ્ટ ફુડ ખાવાની ટેવ આજના સમયમાં સામાન્ય સમસ્યા છે. જો હાડકાની સમસ્યાથી બચવાની ઈચ્છા છે તો દુખની બનેલી ચીજોનો જ ઉપયોગ કરવો જોઈએ. બેસતી વેળા પોતાની પોઝિશનિંગની હમેંશા કાળજી રાખવામાં



હાડકામાં દુખાવો કેટલીક ગંભીર બિમારીના સંકેત તરીકે પણ હોઈ શકે છે જેથી પિડાને લઈને ગંભીરતા રાખવામાં આવે તે જરૂરી છે

આવે તે જરૂરી છે. જ્યાં સુધી શક્ય બને ત્યાં સુધી સીધા બેઠા રહેવાના પ્રયાસ કરવા જોઈએ. સાથે સાથે એક પોઝિશનમાં લાંબા સમય સુધી બેસવાની બાબત પણ યોગ્ય નથી. દરેક ૨૦ મિનિટમાં પોતાની પોઝિશનિંગ જગ્યાએ ઉભા થવાની સ્થિતીમાં હાડકાના દર્દને ટાળી શકાય છે. માંસપેશિયામાં ખેંચને રોકી શકાય છે. કેલ્શિયમયુક્ત ભોજનને પણ ધ્યાનમાં લેવામાં આવે તે જરૂરી છે.સ્તન કેન્સરની દવાઓ હાડકાઓને ખૂબ જ નુકસાન પહોંચાડે છે. તાજેતરમાં જ કરવામાં આવેલા નવા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે વન્ડર ડ્રગ તરીકે લોકપ્રિય 'એક્ઝેમેસ્ટેન'થી હાંડકાઓને નુકસાન થાય છે. આના કારણે હાંડકાઓને ત્રણ ગણું વધુ નુકસાન થાય છે. સ્તન કેન્સરના દર્દીઓ દ્વારા સામાન્ય રીતે આ જ દવાનો ઉપયોગ કરવામાં આવે છે. પાંચ વર્ષ સુધી દિવસમાં એક વખત આ દવા લેવાથી હાડકાઓને નોંધપાત્ર નુકસાન થાય છે. આ દવા વય સંબંધિત નુકસાન પણ પહોંચાડે છે. બોન મિનરલ ડેન્સીટી (બીએમડી)માં પણ ત્રણ ગણુ વધુ નુકસાન પહોંચાડે છે. ફ્રેક્ચરની તકોમાં પણ વધારો કરે છે. મેડીકલ જનરલ લેનસેટમાં પ્રકાશિત થયેલા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે આ દવાના કારણે કોર્ટિકલ હાડકાઓને ભારે નુકસાન થાય છે. કેનેડાના સંશોધકોએ આ મુજબની માહિતી આપી છે. અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે મહિલાઓમાં પણ આ ખતરનાક સાબિત થઈ શકે છે. તારણોને મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. કારણ કે ૮૦ ટકા ફેક્ટર મોટીવયમાં થાય છે અને કોર્ટિકલ હાડકાઓને વધુ નુકસાન થાય છે. ઓન્કોલોજીસ્ટ નિષ્ણાંત ભાવના શિરોહીએ કહ્યું છે કે કેન્સરની વન્ડર ડ્રગ ગણાતી આ દવા ભારતમાં પણ લોકપ્રિય છે. સ્તન કેન્સરની સારવાર માટે આ દવાનો ઉપયોગ કરવામાં આવે છે. શિરોહીનું કહેવું છે કે આ દવા ઓસ્ટ્રોજન પ્રોડકશનને ઘટાડે છે. આનાથી સ્તન ટ્યુમરનો વિકાસ બંદ થઈ જાય છે અથવા તો અટકી જાય છે. કેન્સર સાથે સંબંધિત આ અભ્યાસ બાદ આ દિશામાં વધુ અભ્યાસની પ્રવૃત્તિ શરૂ થઈ ચૂકી છે. હજારો મહિલાઓને આવરી લઈને અભ્યાસ હાથ ધરાયો હતો. કેલ્શિયમના ઘટક તત્વો ધરાવતી ચીજો હાડકાને મજબુત કરવામાં ભૂમિકા અદા કરે છે. જેમાં દુધ, કેળા અને અન્ય ચીજોનો સમાવેશ થાય છે. આ જ કારણ છે કે કોઈ અકસ્માતના કેસમાં તબીબો હાડકાને મજબુત કરવા અંગે દવા આપે .

રાજનેતાઓના આદર્શવાદી દાવા છતાં સામાન્ય લોકોનો સ્પષ્ટ મત

રાજનેતા લોકોને ગેરમાર્ગે દોરે છે

રાજનેતાઓના આદર્શવાદી દાવા છતાં દેશના સામાન્ય લોકોનો આજે પણ સ્પષ્ટ અભિપ્રાય એ જ છે કે રાજનેતાઓ જ પ્રજાને ગેરમાર્ગે દોરતા રહે છે. આંતરરાષ્ટ્રીય માર્કેટ રિસર્ચ એજન્સી દ્વારા હાલમાં કરવામાં આવેલા કેટલાક સર્વેમાં ઉપયોગી વિગત સપાટી પર આવી છે. આ સર્વેમાં ભાગ લેનાર ૫૬ ટકા ભારતીય લોકોએ કબુલાત કરી છે કે રાજનેતા પ્રજાને તેમની વાતમાં ફસાઈ લેવામાં અથવા તો તેમને ગેરમાર્ગે દોરવામાં સફળ થઈ જાય છે. ૪૭ ટકા લોકોએ એવો અભિપ્રાય પણ આપ્યો છે કે આ કામ તો મિડિયા દ્વારા કરવામાં આવે છે. ૪૪ ટકા લોકોએ આના માટે સોશિયલ મિડિયા પર પણ પ્રહાર કરવામાં આવ્યા છે. આ લોકો કહે છે કે સોશિયલ મિડિયા મારફતે પણ મોટી સંખ્યામાં લોકો ગેરમાર્ગે દોરાઈ જાય છે. ૨૭ દેશોમાં ૧૯૦૦૦ લોકોને આવરી લઈને કરવામાં આવેલા સર્વેમાં આ મુજબની વાત કરવામાં આવી છે. આમાં સામેલ કરવામાં આવેલા ભારતીય લોકો પૈકી ૭૨ ટકા લોકોએ કહ્યુ છે કે તેઓ સામાન્ય રીતે મિડિયા સંસ્થાઓ દ્વારા પ્રકાશિત કરવામાં આવતા ફેક ન્યુઝને નિહાળે છે. ૫૫ ટકા ભારતીય લોકોએ એમ પણ કહ્યુ છે કે તેઓ એક ફેક ન્યુજની જાળમાં ફસાઈ ગયા છે. એટલે કે પહેલા તેઓ જે હેવાલને યોગ્ય ગણતા હતા તે હેવાલ ખોટા છે તે અંગે હવે જાણ થઈ છે. આ સર્વેને ભારતીય જનમાનસની વાસ્તિવક બાબત તરીકે ભલે ન ગણવામાં આવે પરંતુ આના કારણે સમાજમાં ઉભરી રહેલા એક પ્રકારના નવા સંકટની તરફ ઈશારો ચોક્કસપણે કરી દીધો છે. સુચના ક્રાન્તિના સતત ફેલાવાના કારણે કેટલીક સમસ્યા પણ આવી રહી છે. સુચના ક્રાન્તિના સતત ફેલાવા અને સોશિયલ મિડયા જેવી ટેકનિક




રાજનેતા સામાન્ય પ્રજાને પોતાની વાતમાં ફસાઈ લે છે : સોશિયલ મિડિયા અને મિડિયાને પણ કેટલાક લોકો દોષિત ગણે છે

આવવાના કારણે સુચનાના અનેક સોર્સ લોકોની સામે આવી ગયા છે. લોકો પાસે વિકલ્પ વધી ગયા છે. પહેલા સુચના એક નિર્ધારિત પ્રકરિયામાંથી થઈને જ આવતી હતી. તેમની પાછળ મર્યાદિત લોકો હતા. જે કાયદા કાનુન સાથે ચાલતા હતા. પરંતુ ટેકનોલોજીના કારણે તમામ બાબતો હવે બદલાઈ ગઈ છે.હવે તો દરેક પ્રકાશક તરીકે છે. ટેકનોલોજીએ આ સુવિધા તમામને આપી દીધી છે. જેથી સુચનાના સોર્સ અસંખ્ય થઈ ગયા છે. સ્વાભાવિક છે કે હવે દરેક વ્યક્તિ પોતાની વાત પોતાની રીતે રજૂ કરવાના પ્રયાસ કરે છે. તેમાં કેટલાક લોકો જવાબદાર છે. જવાબદારી હવે વધારે ધ્યાનમાં રાખવામાં આવતી નથી. જેના કારણે સામાન્ય વ્યક્તિ દુવિધામાં પડી જાય છે. તે કોને યોગ્ય ગણે અને કોણે ન ગણે તેને લઈને સમસ્યા સર્જાઈ જાય છે. એક જ સુચના આજે કોઈ એક સમુદાય માટે સારી હોઈ શકે છે તો આ જ સુચના અન્ય સમાજ માટે પ્રતિકુળ હોઈ શકે છે. વિકસિત દેશોના નાગરિકોનો સામનો આ પ્રક્રિયાની સાથે પહેલા થયો છે જ્યારે વિકાસશીલ દેશોના લોકોનો સામનો હવે થઈ રહ્યો છે. વિકસિત દેશોના લોકો પહેલાથી જ સાવધાન થઈ ગયા છે જેથી આ લોકો આ પ્રકારના પ્રવાહમાં ઓછા ફસાય છે. જ્યારે વિકાસશીલ દેશોના લોકો આવા પ્રવાહમાં તરત જ ફસાઈ જાય છે. વિકસિત દેશોમાં રહેતા લોકો પોતાના વિવેકથી યોગ્ય નિર્ણય કરે છે. કઈ ચીજને યોગ્ય રીતે ઉપયોગ કરીને ઉપયોગમાં લાવવામાં આવે તે અંગે નિર્ણય આ લોકો કરે છે. પરંતુ ભારત જેવા વિકાસશીલ દેશ જ્યા શિક્ષણ અને જાગરૂકતાનુ સ્તર એક સમાન નથી ત્યાં લોકો સમાચાર અને અન્ય બાબતોને લઈને અનેક વિકલ્પ વચ્ચે દુવિધામાં ફસાઈ જાય છે. કેટલીક વખત આવા લોકો તથ્યોની તરફ ધ્યાન આપી શકતા નથી. જેથી ખોટી બાબતને યોગ્ય ગણી લે છે. જ્યાં સુધી રાજનીતિની વાત છે આમાં ભારતમાં ગળા કાપ સ્પર્ધા જોવા મળે છે. પહેલા મુદ્દા પર સીધી રીતે વાત થતી હતી પરંતુ હવે તમામ ધ્યાન દાવા અને વચન દેખાવવા પર કેન્દ્રિત છે. નેતાઓ પોતાના હિતમાં કેટલીક એવી બાબતો કહી જાય છે જેમના પગ હાથ નથી હોતા. નેતાઓ લોકોને ગેરમાર્ગે દોરે છે. થોડાક સમય માટે આ બાબત સફળતા અપાવી શકે છે પરંતુ લાંબા ગાળે આના કારણે નુકસાન થાય છે. લોકો સાવધાની રાખે તે જરૂરી છે.

ટિપ્સ : ગર્ભાવસ્થામાં શરૂના ત્રણ મહિનામાં રેગ્યુલર ટેસ્ટ જરૂરી...

શરીરમાં સોજા થાઈરોઈડના લક્ષણ

થાઈરોઈડ ગ્રંથીથી રિલિજ થનાર થાયરોક્સિન હાર્મોનની કમી અથવા તો વધુ પ્રમાણના કારણે નવજાત શિશુના માનસિક વિકાસ આડે અડચણો આવે છે. આ પ્રકારના હાર્મોન શરીરના દરેક હિસ્સાના વિકાસ માટે જરૂરી હોય છે. આવા બાળકોના વાળ પર ખુબ નબળા હોય છે. માથા પર માલિશ કરવાની સ્થિતીમાં જ આ પ્રકારના વાળ ખરી પડે છે અને તુટે છે. તેમની સ્કીન પણ વ્યવસ્થિત રહેતી નથી. સ્કીન પર નમી રહેતી નથી. આ ઉપરાંત તે કેન્સરના કારણ તરીકે પણ હોઈ શકે છે. જાણકાર તબીબો અને નિષ્ણાંતો કહે છે કે ગર્ભાવસ્થામાં શરૂના ત્રણ મહિનાના ગાળા દરમિયાન થાઈરોઈડના ટેસ્ટ નિયમિત રીતે કરાવવા જોઈએ. શિશુના વિકાસન બાબત મુખ્ય રીતે હાર્મોન પર આધારિત હોય છે. જન્મના સમય કેટલાક બાળકોના શરીરમાં સોજા હોય છે. આ બાબત થાઈરોઈડના લક્ષણને સાબિત કરે છે. નિષ્ણાંતો નક્કરપણે માને છે કે ૮૫ ટકા બાળકોમાં આ બિમારી માતા-પિતા પાસેથી જ મળે છે. આના કારણે બાળકના દિમાગ અને શરીરના વિકાસ આડે અડચણો ઉભી થાય છે. નવ મહિલાની સરખામણીમાં એક પુરૂષને થાઈરોઈડની પરેશાની હોય છે. મહિલાઓમાં આના કારણે ઓટોઈમ્યુન બિમારી પણ થાય છે. તબીબોના કહેવા મુજબ સગર્ભાવસ્થા પ્લાન કરતા પહેલા મહિલાઓને થાઈરોઈડ ટેસ્ટ ચોક્કસ પણે કરાવી લેવા જોઈએ. ટીએસએચ ટેસ્ટ યોગ્ય ન હોવાની સ્થિતીમાં દવા લેવી જોઈએ. સ્થિતી સામાન્ય બની ગયા બાદ જ પ્રેગન્સી પ્લાન કરવાની જરૂર હોય છે. સગર્ભાવસ્થાના ત્રણ મહિનામાં બાળકના દિમાગનો વિકાસ થાય છે. માતાને જો થાઈરોઈડની સમસ્યા છે તો બાળકના દિમાગના વિકાસમાં



થાઈરોઈડ ગ્રંથીથી રિલિઝ થનાર થાયરોક્સિન હાર્મોનની કમીથી શિશુના માનસિક વિકાસ પર પ્રતિકુળ અસર થાય છે : નિષ્ણાંતોનો સાફ મત

અડચણો આવી શકે છે. સગર્ભાવસ્થા દરમિયાન શરૂઆતના ત્રણ મહિનામાં નિયમિત રીતે થાઈરોઈડ ટેસ્ટ કરાવી લેવા જોઈએ. ખરાબ લાઈફસ્ટાઈલ અને અનુવાંશિક કારણોથી થાઈરોઈડની સમસ્યા ઉભ થાય છે. ગર્દનમાં થાઈરોઈડ ગ્રંથિ હોય છે. આના કારણે ટીએસએચ અને ટી-૩ તેમજ ટી-૪ હાર્મોન નિકળે છે. થાઈરોઈડ ગ્રંથિથી ટ-૪ હાર્મોન વધારે પ્રમાણમાં નિકળે છે. તેન કમી અને તેના વધુ પ્રમાણના કારણે ગર્ભમાં રહેલા શિશના દિમાગ વિકસિત થવાન પ્રક્રિયા ખોરવાઈ પડે છે. થાઈરોક્સિન હાર્મોન વધારે પ્રમાણમાં બને છે તો હાઈપર થાઈરોઈડ અને ઓછા પ્રમાણમાં બને છે તો હાઈપોથાઈરોડિજમ બને છે. એવુ પણ જાણવા મળ્યુ છે કે ૭-૮ દિવસ પહેલા જ પ્રી મેચ્યોર બાળકના થાઈરોઈડજની તપાસ માટે બ્લડ સેમ્પલ લેવામાં આવે છે. જન્મના ૭૨ કલાકમાં તપાસ જરૂરી હોય છે. આના કારણે ટએસએચ હાર્મોન અને ટ-૩ અનમે ટી-૪ની તપાસ કરવામાં આવે છે. બાળકના જન્મના ૪૮થી ૭૨ કલાકમાં આ તપાસ કરવામાં આવે છે. જો ટી-૪ લેવલ ૪૦થી વધારે આવે છે તો દવા આપવાની શરૂઆત કરવામાં આવે છે અને એક સપ્તાહ બાદ ફરી તપાસ કરવામાં આવે છે. પ્રી મેચ્યોર બાળકના સેમ્પલ જન્મના ૭-૮ દિવસ બાદ લેવામાં આવે છે. મોટા લોકોને બ્લડ શુગરની જેમ આની પણ નિયમિત તપાસ કરાવવી જોઈએ. ટીએસએચ લેવલ સામાન્ય કરતા વધારે છે તો તબીબની સલાહ મુજબ સારવાર કરાવી જોઈએ. જો હાર્મોન લેવલ યોગ્ય છે તો ૩-૬ મહિના બાદ ફરી ચકાસણી કરાવી શકાય છે. તપાસ બાદ તબીબોની સલાહ પર દવા બદલી શકાય છે. આયુર્વેદમા થારરોઈડને અન્ય નામ સાથે પણ બોલાવવામાં આવે છે. થાઈરોઈડની બિમારી કેટલાક તરીકાથી થાય છે. દર્દીને ભોજન અને કસરત પર ખાસ ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર હોય છે. ગળા સાથે જોડાયેલી કસરત વધારે કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવુ જોઈએ. સંતુલિત અને નક્કી કરવામાં આવેલા પ્રમાણમાં જ ભોજન કરવાથી ફાયદો થાય છે. વધુ પ્રમાણમાં પણ નહીં અને ઓછા પ્રમાણમાં પણ નહીંની ગણતરી સાથે ભોજનની મજા માણવી જોઈએ. થાઈરોઈડની સમસ્યાથી ગ્રસ્ત મોટી વયના લોકોને કેટલીક પરેશાની આવતી રહે છે. થાઈરોઈડને લઈને તબીબો વારંવાર સલાહ સુચન કરતા રહે છે. જો કે નિયમિત તપાસથી રાહત મળે છે.

શું તમે સંતાન પેદા કરતાં પહેલાં તેની પરવાનગી લીધેલી?

હા, સવાલમાં કોઈ ભૂલ નથી; પહેલી નજરે વાત ભલે ઘનચક્કર જેવી લાગતી હોય, પરંતુ એની પાછળ પ્રજનનવાદવિરોધી મૂવમેન્ટનાં મૂળિયાં જોડાયેલાં છે જે પૃથ્વીને માનવ વિલુપ્તિકરણ તરફ લઈ જવાની ખેવના રાખે છે

જીવનથી નિરાશ હોય એવા ફિલસૂફો દ્વારા એવી વિચારધારાઓ વહેણ પકડી રહી છે જેમાં એવું કહેવાય છે કે કુદરત પૃથ્વી અને માનવનો નાશ કરે એ પહેલાં માણસે ડહાપણ વાપરીને નામશેષ થઈ જવું જોઈએ

આ વર્ષે ઑસ્કર્સમાં ફૉરેન કૅટેગરીમાં નૉમિનેટ થયેલી મહિલા ફિલ્મ-ડરેક્ટર નદીન લબાકીની લેબનીઝ ડ્રામા ફિલ્મ ઝ્રૅહ્લિહિટ્ટેદ્ધ' માં બૈરુત શહેરના અત્યંત ગરીબ પરિવારના બાર વર્ષના બાળક ઝૈનની કથા છે. કારમી ગરીબી અને માતાપિતાના બેદરકારીભર્યા અને હિંસક વર્તનને કારણે તે ઘરેથી ભાગી છૂટે છે. શહેરની ગલીઓમાં તે આશરો લે છે અને સર્વાઇવલ માટે ખોટાં કામોના રવાડે ચડી જાય છે. હિંસક ગુના માટે થઈને તેને પાંચ વર્ષની જેલની સજા સંભળાવવામાં આવે છે ત્યારે તે પોતાના પેરન્ટ્સ પર કેસ કરે છે. જ્યારે જજ પૂછે છે કે 'તારા ગુનાઓ માટે શા માટે તું પેરન્ટ્સ પર મુકદમો ચલાવવા માગે છે?' ત્યારે બાર વર્ષનો ઝૈન કહે છે, 'તેમણે મને જન્મ આપ્યો એ માટે.'

કદાચ લેબનીઝ ફિલ્મની વાર્તાના આ બાળનાયકનો આત્મા દાદરમાં રહેતા રાફેલ સૅમ્યુઅલ નામના ૨૭ વર્ષના યુવકમાં પ્રવેશી ગયો છે. કેમ કે થોડા વખત પહેલાં તેણે પોતાના ફેસબુક અકાઉન્ટ પર પોતાને પૂછ્યા વિના જન્મ આપનારા પેરન્ટ્સ પર મુકદ્દમો દાખલ કરવાની ઇચ્છા વ્યક્ત કરી છે. હજી તેણે કેસ કર્યો નથી, પરંતુ તે કરવા જરૂર માગે છે. તે પેરન્ટ્સ પર એક જ રૂપિયાનો દાવો માંડવાનો છે, પણ જન્મદાતા વિરુદ્ધ આવું પગલું ભરવાની તેને કેમ જરૂર પડી એ જાણવાની લોકોને જબરી ઉત્સુકતા થઈ રહી છે. પૃથ્વી પર જેના થકી આપણે અવતરીએ છીએ એવાં માબાપ માટે કૃતજ્ઞતા હોવી જોઈએ એવું આપણને શીખવવામાં આવ્યું છે, પણ રાફેલ એનાથી તદ્દન વિરુદ્ધ માને છે. પાંચ વર્ષની ઉંમરથી રાફેલ તેના પેરન્ટ્સને પૂછતો કે મને કેમ જન્મ આપ્યો? શરૂઆતમાં તો પપ્પા-મમ્મી ખુશ થયાં કે મારો ટાબરિયો કેવા ઊંચા સવાલો કરે છે? અલબત્ત, એનો જવાબ આપવાનું તેઓ હસવામાં ઉડાડી દેતાં. ઉંમરની સાથે રાફેલની આ જ સવાલ કરવાની ફ્રીક્વન્સી વધતી ચાલી. ક્યારેક તેને કહેવામાં આવ્યું કે 'તું પણ આ જિંદગી એક્સ્પિરિયન્સ કરી શકે એ માટે.'

રાફેલનો તરત સવાલ આવ્યો કે મારે આ જિંદગીનો અનુભવ કરવો છે કે નહીં એ તો મને પૂછવું'તું? દીકરાએ યુવાનીના ઉંબરે પગ મૂક્યો એ પછી આખરે તેના પેરન્ટ્સે કહ્યું કે 'અમે અમારી ખુશી અને આનંદ માટે ઇચ્છતા હતા કે એક બાળકનો જન્મ થાય એટલે અમે તને જન્મ આપ્યો.'

આ વાત પછી ભાઈનું કહેવું છે, 'પેરન્ટ્સના આનંદ માટે મારે શા માટે આ દુનિયાની હાડમારીઓ ભોગવવાની? શા માટે ડૉક્ટર-વકીલ થવું કે એવુંબધું ભણવાનું? શા માટે મારે આટલો ટ્રાફિક સહન કરવાનો? શા માટે મારે કમાવાની ચિંતા કરવાની? શા માટે ટેરરિસ્ટ અટૅક્સથી સતત ડરતા રહેવાનું? મારે આ બધું કરવું જ નહોતું. મને આ પૃથ્વી પર આવવું જ નહોતું. મારા પેરન્ટ્સે મને જન્મ આપતાં પહેલાં મારી કન્સેન્ટ કેમ ન લીધી? મારે અત્યારે જે જિંદગીની પીડાઓ ભોગવવી પડે છે એ માટે પેરન્ટ્સ જ જવાબદાર છે.'

પહેલી નજરે આ સવાલો જોઈએ તો લાગે કે જીવનમાં ડગલે ને પગલે નિષ્ફળતા મળવાથી વાજ આવીને અને જીવનની હાડમારીઓથી પરેશાન થઈને રાફેલ આવી નકારાત્મક વિચારધારા ધરાવતો થઈ ગયો હશે. પણ ના, એવું નથી. માહિમ સ્ટેશનની સામે આવેલા કૅફે કૉફી ડેમાં મસ્ત કૉફીની ચુસકીઓ મારતાં-મારતાં તે ઘણી સ્વસ્થતાથી વાત કરતો જણાય છે. સિક્યૉરિટીનો સફળ બિઝનેસ ચલાવતો ૨૭ વર્ષનો અલ્લડ યુવાન શરીરે કસાયેલો છે, ચમકીલી આંખો છે, રમતિયાળ ચહેરો છે અને છતાં જબરદસ્ત વિવાદાસ્પદ વિચારોનો ખજાનો તેના ભેજામાં ભરેલો છે. પોતે બહુ જ સમજીવિચારીને આ કહી રહ્યો છે એવી સ્પષ્ટતા સાથે તે કહે છે, 'મારે આજની જનરેશનને બોલ્ડ અક્ષરોમાં કહેવું છે કે સંતાનોએ પેરન્ટ્સ માટે એટલા કૃતઘ્ની થઈ જવું જોઈએ કે હવે પછીની પેઢી બાળકો પેદા કરતાં પાંચ વાર વિચાર કરે.'

આ સાંભળીને સ્વાભાવિકપણે થાય કે કાં તો આ છકી ગયો છે કાં તેનું ચસકી ગયું છે. શું પેરન્ટ્સ સાથેના સંબંધો એટલા કડવા છે કે તને આવું વિચારવું પડે છે? એવા સવાલના જવાબમાં તે પૂરી સ્વસ્થતાથી કહે છે, 'ટચ વુડ, મારા પેરન્ટ્સ સાથે બહુ જ સારા સંબંધો છે. તેમણે મને બહુ સારી રીતે ઉછેર્યો છે અને તેમણે મને પ્રેમ પણ બહુ કર્યો છે. હું જ્યારે મારા દોસ્તો અને હમઉમ્ર યુવાનોની જિંદગીમાં જોઉં છું તો ખબર પડે છે કે કેટલાય પેરન્ટ્સ તેમનાં સંતાનો પર જબરદસ્ત પ્રેશર કરે છે. ડૉક્ટર બનવાનું છે... ખૂબ ભણીશ તો જ ખૂબ કમાઈ શકીશ... તારે મારા ઘડપણનો સહારો બનવાનો છે... સમાજમાં નામ બને એવું કંઈક કર... જો બાળકથી કંઈક ખોટું થઈ જાય તો તરત સંભળાવે આના માટે મેં તને નવ મહિના કૂખમાં રાખેલો?... મારો મુદ્દો એ છે કે પેરન્ટ્સ સંતાનો પાછળ જે કંઈ પણ કરે છે એ કરવાનું તેમનાં સંતાનોએ તો કહ્યું જ નથી. તો પછી આટલુંબધું પ્રેશર શા માટે?'

તો શું મુદ્દો માત્ર બે પેઢીઓ વચ્ચેના વિચારભેદ અને મતભેદનો છે? બીજા પેરન્ટ્સની માનસિકતાને પ્રકાશમાં લાવવા માટે થઈને રાફેલે પોતાના પેરન્ટ્સને કોર્ટમાં ઘસડવાની વાત ઉપજાવી કાઢી છે? વાત આટલીક અમથી નથી એમ જણાવતાં તે કહે છે, 'મારા પેરન્ટ્સે મને સારી રીતે ઉછેર્યો છે એની ના નહીં, પણ આ પૃથ્વી પર આવવું એ મારી ચૉઇસ તો નહોતી જ. હું આ બાબતે બહુ વિચારતો રહેતો હતો. ઇન્ટરનેટ પર સર્ચ કરતો કે શા માટે લોકો બાળકો પેદા કરે છે? બાળકો પેદા જ ન થાય તો શું થાય? એમ કરતાં મને ઍન્ટિનેટલિઝમ વિચારધારાની જાણ થઈ. જાણે મારા જ વિચારોનું રિફ્લેક્શન એમાં હતું.'

રાફેલ સાથેની વાતમાં આગળ વધીએ એ પહેલાં સહેજ જાણી લઈએ કે ઍન્ટિનેટલિઝમ એટલે શું. નેટલ એટલે જન્મ આપવાની ક્રિયા અને ઍન્ટિનેટલ એટલે જન્મ આપવાના વિરોધી. મતલબ કે માણસોએ પ્રજનન દ્વારા નવા માણસો પેદા ન કરવા જોઈએ. આ વિચાર એટલો પ્રબળતાથી રજૂ કરવામાં આવ્યો છે કે ઍન્ટિનેટલિસ્ટ્સ હવે માનવા લાગ્યા છે કે બાળકો પેદા કરવાં એ અનૈતિક કામ છે. આ વાદમાં બાળક પેદા કરવું, તેને ઉછેરવું, ભણાવવું, પરણાવવું, તેને બાળકો પેદા કરવા કહેવું, તેનાં બાળકો રમાડવાં... આ આખીય મેન્ટાલિટીને સંપૂર્ણપણે સ્વાર્થી ઘોષિત કરવામાં આવી છે.

ભયંકર નિરાશાવાદી હોવાનો ટૅગ ધરાવતા સાઉથ આફ્રિકાના મૉડર્ન ઍન્ટિનેટલિઝમના પ્રખર ફિલૉસોફર ડેવિડ બેનાટરે આ વિષય પર ખૂબ લખ્યું છે. ૨૦૦૭માં પ્રકાશિત થયેલા તેમના 'બેટર નેવર ટુ હેવ બીન' નામના એક પુસ્તકમાં તેઓ લખે છે કે 'જે જન્મે છે એ મરે છે. આ બે વચ્ચેના સમયમાં પણ એટલીબધી વિટંબણાઓમાંથી પસાર થાય છે ન પૂછો વાત. ઉત્તરોત્તર માનવજીવન વધુ ને વધુ પીડાદાયક, હાડમારીઓવાળું થવા લાગ્યું છે ત્યારે જે લોકો કહે છે કે અમે બાળકને પ્રેમ કરીએ છીએ માટે એને પેદા કરવા માગીએ છીએ એ વાત જ ખોટી છે.'

ડેવિડ બેનાટરની ફિલસૂફીથી પ્રભાવિત રાફેલ પણ કહે છે, 'જો તમે ખરેખર તમારા બાળકને પ્રેમ કરતા હો તો તમે તેને દોજખ જેવી દુનિયામાં લાવવાનું પસંદ કરો જ નહીં. તમે બહુ સ્વાર્થી છો, અવિચારી છો, સોશ્યલ કન્ડિશનિંગના શિકાર થઈ ગયા હોવાથી જ બાળક પેદા કરવું જોઈએ એવું માનો છો. મને ઘણા લોકો પૂછે છે કે તું શા માટે માત્ર દુનિયાના ખરાબ અનુભવોને જ પૉઇન્ટઆઉટ કરે છે. જીવનમાં એવી પણ ઘણી મોમેન્ટ્સ હોય છે જે અત્યંત સુખ, સંતોષ અને આનંદ આપનારી હોય છે. સુખની ક્ષણો પણ તેં જન્મ લીધો માટે જ તો તને અનુભવવા મળેલીને? કદાચ જેમને જીવન માણવાની ઇચ્છા છે તેમના માટે આ વાત સાચી હશે, પણ મને નથી લાગતું કે મને એની જરૂર છે. હું જો જન્મ્યો જ ન હોત, મારું અસ્તિત્વ જ ન હોત તો શું પ્લેઝર અને શું પીડા? મારે કશાની સાથે લેવાદેવા ન હોતને? મારું શારીરિક અસ્તિત્વ છે માટે આજે હું દુનિયાની ઘરેડમાં ફસાઉં છું. મારે પૃથ્વી પર અસ્તિત્વ ધરાવવું કે નહીં એ બાબતે મને કોઈ પસંદગીનો અવકાશ જ ન હોય એ કેમ ચાલે? મારો મુદ્દો સ્પિરિચ્યુઅલ, સોશ્યલ, બાયોલૉજિકલ, એન્વાયર્નમેન્ટલ એમ વિવિધ દૃષ્ટિકોણથી હું વિચારું છું તો મને લાગે છે કે વર્તમાન સંજોગોમાં કોઈ વ્યક્તિ તો જ બાળક પેદા કરે જો તે પોતાના સંતાનને પ્રેમ ન કરતો હોય.'

એક વર્ષ પહેલાં તેણે અસ્તિત્વને શૂન્ય કરી દેવાની જરૂરિયાત ધરાવતા ક્રાન્તિકારી વિચારો નિહિલાનંદ નામે ફેસબુક પેજ શરૂ કરીને દુનિયા સમક્ષ રજૂ કરવાનું શરૂ કરેલું. નિહિલ એટલે શૂન્ય. કશું જ ન હોવામાં જ આનંદ છે એવું માનતા રાફેલને સોશ્યલ નેટવર્કિંગ દ્વારા લાઇક માઇન્ડેડ લોકો મળવા લાગ્યા. પોતાની મરજી વિના પેરન્ટ્સને સૂ કરવાની વાત કરતા રાફેલને ખબર છે કે કોઈના જન્મ પહેલાં તેની પરવાનગી લઈ શકાય એમ નથી અને એટલે જ તેનું કહેવું છે કે જેની મરજી જાણી નથી શકતા એવા બાળકને આ દુનિયામાં ન લાવવો જોઈએ.



બાળક શા માટે પેદા કરવું એનું એક પણ વાજબી કારણ નથી

મૂળ જામનગરનો અને હાલમાં વ્યવસાયઅર્થે બૅન્ગલોર સ્થાયી થયેલા આકાશ વારિયા પરિણીત છે, પણ બાય ચૉઇસ ચાઇલ્ડલેસ છે. ૪૧ વર્ષનો કમ્પ્યુટર એન્જિનિયર આકાશ ગુજરાતી પરિવારના સામાજિક પ્રેશર અને સ્ટિગ્માનો સામનો કરીને પણ બાળક તો નહીં જ પેદા કરું એ વાતે અડગ છે. તે કહે છે, 'આપણા સમાજમાં બાળક ન હોય તો તરત જ યુગલને પૂછવામાં આવે છે કેમ કંઈ તકલીફ છે? હું અને મારી પત્ની આ સવાલથી ઇમ્યુન થઈ ગયાં છીએ. આજ દિન સુધી મને એક પણ કારણ એવું નથી મળ્યું જેના માટે મારે બાળક પેદા કરવું જોઈએ એવું લાગે. શા માટે બાળકની કોઈ જરૂર નથી એ માટે મને ચોતરફ કારણ જ કારણ દેખાય છે. આપણે ત્યાં લોકો ઇમોશનલ બ્લૅકમેઇલિંગ કરે છે કે સંતાન તો ઘડપણની લાકડી બનશે. કેટલી વાહિયાત વાત છે? સંતાનો મોટાં થઈ જાય એ પછી તેમને પણ કચરાપેટી ઘરમાં નથી જોઈતી તો તે તમારી લાકડી કેવી રીતે બનશે? પૉપ્યુલેશન કેટલું વધી રહ્યું છે? સદ્ગુરુ જગ્ગી વાસુદેવે થોડાક સમય પહેલાં કહેલું કે જો આ હદે વસ્તી વધતી રહેશે તો થોડાં જ વર્ષોમાં આપણને બે પૃથ્વી પણ ઓછી પડશે. હું ગમેએટલંમ કમાઈશ, મારાં સંતાનોને ક્વૉલિટી ઑફ લાઇફ નથી દઈ શકવાનો. ગ્ખ્ ખરીદીને આપીશ તોય તેમને ટ્રાફિક અને પ્રદૂષણ સહન કરવાં જ પડવાનાં છે. પર્યાવરણ, સામાજિક, મેડિકલ, ઇકૉનૉમિકલ કોઈ પણ દૃષ્ટિકોણથી હું મારાં સંતાનોને સારી જીવનશૈલી આપી નથી જ શકવાનો તો શું કામ તેમને સહન કરવા માટે જન્મ આપું?'

બાળકને પ્રેમ કરતા હશો તો તેને જન્મ નહીં આપો

મુંબઈમાં જ રહેતી ૨૮ વર્ષની એક યુવતી નામ ન આપવાની શરતે આ બાબતે પોતાનું દિલ ખોલીને વાત કરે છે. તે પોતે માતાપિતાનું અવાંછિત સંતાન છે. જીવનજરૂરિયાતની ચીજોથી માંડીને શિક્ષણ મેળવવા સુધીની તમામ બાબતો માટે જાતે જ ખૂબ સ્ટ્રગલ કરવી પડી છે. રેપનો ભોગ બન્યા પછી જીવવાનું આકરું થઈ જતાં પાંચ વર્ષ પહેલાં તેણે સુસાઇડ કરવાનો પણ પ્રયત્ન કરેલો, પણ બચી ગઈ. જોકે મોતને હાથતાળી આપ્યા પછીનું તેનું જીવન જોવાનો નજરિયો બદલાઈ ગયો. આ યુવતી કહે છે, 'પહેલાં હું મારાં દુઃખદર્દને કારણે મને કેમ જન્મ મળ્યો એ વાતે મારી જાતને અને મારાં માબાપને કોસતી હતી. એની પાછળ કોઈ સમજણ નહોતી. કહેવાય છે કે વેદના ચરમ પર પહોંચે એ પછીથી ડહાપણની શરૂઆત થાય. હું પહેલાં વિચારતી હતી કે મારા સંતાનને હું બહુ જ સારું જીવન આપીશ, પણ ડહાપણ આવતાં મને થયું કે શા માટે હું એક વધુ જીવને દુઃખી કરવા આ પૃથ્વી પર લાવું. તેને દુઃખ પડશે એટલા માટે જ આ વિચાર નથી. આજની પરિસ્થિતિ જોતાં ધરતીને હવે વધુ માણસોની જરૂર નથી. મેં માનવઉત્ક્રાંતિનો પણ અભ્યાસ કર્યો. મને સમજાય છે કે જો આજે એક કપલ ત્રણ બાળકો પેદા કરે તો તેની દસમી જનરેશન સુધીમાં લગભગ ૮૮,૫૭૨ માણસોની ફુટપ્રિન્ટ આ ધરતી પર આવે. હું માનું છું કે પર્યાવરની કાર્બન ફુટપ્રિન્ટ ઘટાડવી હોય તો મારાથી આગળ વંશ વધવો જ ન જોઈએ. આ જ બાબત આધ્યાત્મની દૃષ્ટિએ કહું તો આપણે ત્યાં લોકો મોક્ષ માટે મથે છે. મતલબ કે ફરીથી જન્મ ન થાય અને તમારે આ પૃથ્વી પર અવતરવું જ ન પડે અને જીવની મુક્તિ થાય. જન્મ્યા પછી મોક્ષ માટે મથવું અને પાછા બીજા લોકોને જન્મ આપીને જવું એ બધું વિષચક્ર છે.'

બાળકો પેદા જ ન કરવાં જોઈએ

પેરન્ટ્સને કોર્ટમાં ઘસડવાની વાતથી આખો મુદ્દો જબરા વિવાદ સાથે બહાર આવ્યો છે, બાકી છેલ્લાં બેથી ત્રણ વર્ષથી ભારતમાં કેટલાંય એવાં વૉલન્ટરી ગ્રુપ્સ છે જે એક યા બીજી રીતે બાળકો પેદા ન કરવાં જોઈએ એવી ફિલોસૉફીનો પ્રચાર કરે છે. 'ચાઇલ્ડ ફ્રી ઇન્ડિયા' નામનું એક ગ્રુપ બૅન્ગલોરમાં શરૂ થયું છે. હજી ૧૦ ફેબ્રુઆરીએ જ તેમણે 'સ્ટૉપ મેકિંગ બેબીઝ' નામે નૅશનલ મીટિંગ કરી હતી. આ મીટિંગમાં બૅન્ગલોર, ગોવા, ચેન્નઈ, મુંબઈ, દિલ્હીથી ૧૭થી ૯૦ વર્ષની વયના લોકો ભેગા થયેલાં. વૉલન્ટરી ચાઇલ્ડ ફ્રી મૂવમેન્ટનું નેતૃત્વ કરતી બૅન્ગલોરની પ્રતિમા નાઇક કહે છે, 'માત્ર ભારત જ નહીં, દુનિયાભરમાં ઍન્ટિનેટલિઝમની મૂવમેન્ટ બહુ જ ધીમી ગતિએ ચાલી રહી છે. બૅન્ગલોરમાં મળેલી નૅશનલ મીટિંગમાં જે ૪૦ લોકો મળ્યા હતા એ તમામ એવા હતા જે માનતા હતા બાળકો પેદા ન જ કરવાં જોઈએ. બધાનાં કારણો અલગ હતાં. કોઈક પર્યાવરણપ્રેમને કારણે એમ કહે છે, કોઈ પ્રજનનવાદવિરોધી વિચારધારાને કારણે એમ કહે છે તો કોઈક જિંદગીના દુઃખ-દર્દથી ત્રસ્ત થઈને એમ કહે છે તો કેટલાક વૉલન્ટરી હ્યુમન એક્સ્ટિન્શન મૂવમેન્ટમાં માને છે.'

૨૭ વર્ષની મેકૅનિકલ એન્જિનિયર પ્રતિમા સ્વરાજ અભિયાન અને જનસંગ્રામ પરિષદ જેવી સંસ્થાઓ સાથે સંકળાયેલી છે. સામાજિક કાર્યના ક્ષેત્રે કાર્ય કરતાં-કરતાં તેને ઍન્ટિનેટલિઝમની વિચારધારા સ્પર્શી ગઈ છે. તેનું કહેવું છે કે 'આજના સંજોગો જોતાં પૃથ્વી પર માણસ છે એટલે સમસ્યા છે. માણસો નહીં હોય તો કોઈ સમસ્યા પણ નહીં હોય. કુદરત બહુ જ સરસ રીતે જીવશે. આપણી પાસે નવી પેઢીને આપવા માટે કશું જ બચ્યું નથી. ગ્લોબલ વૉર્મિંગને કારણે પૃથ્વી બળી રહી છે અને મારાં સંતાનો કે એનાં સંતાનો એ તાપમાં બળે એવું હું નથી ઇચ્છતી. ધરતી પરનાં કુદરતી સંસાધનો ખૂટી રહ્યાં છે ત્યારે મારા પછીની પેઢી માટે શું, કેટલું અને કેવું બચ્યું હશે એનો મને અંદાજ નથી તો તેમને પેદા કરીને હું તેમના માટે વધુ દુખ જ નોતરીશને? હું તેમને ચોખ્ખો ખોરાક, હવા અને પાણી નહીં આપી શકું તો પછી એવા જીવનનું તેઓ શું કરશે? તમે શું માનો છો આજે કેટલા જ્વાળામુખી, ભૂકંપો, પૂર સુનામી જેવી કુદરતી આફતો કેમ આવે છે? કુદરત પણ હવે પૃથ્વી પર માણસોનો ભાર સહન નથી કરી શકતી. જેનું સર્જન થાય છે એનો નાશ પણ નિશ્ચિત છે જ. માણસ અમર થવાની લાયમાં ધરતીમાંથી મળતા મુખ્ય સ્રોતોને જે રીતે અભડાવી રહ્યો છે એ જોતાં વહેલામોડા કુદરત માણસોને નામશેષ કરશે જ. ડહાપણ એમાં છે જે આપણે એ પસંદગી કરીને હવે પછીની પેઢીને વધુ કારમી સ્થિતિઓ ઝેલવામાંથી ઉગારી લઈએ.'

માણસો નામશેષ થવા જોઈએ

બૅન્ગલોરમાં રહેતા ૪૪ વર્ષના અનુગ્રહકુમાર શર્મા તો આ બધાથી એક ડગલું આગળ વધીને માને છે કે આજે ધરતીની જે સ્થિતિ છે એનો ઉકેલ માણસ નામશેષ થાય તો જ આવે એમ છે. જીવનના અનુભવોને આધારે પોતાની માન્યતાઓને બદલવાનું ખુલ્લાપણું દાખવવું જોઈએ એવું માનતા અનુગ્રહ કહે છે કે, 'હું પહેલાં ફેમિનિસ્ટ હતો. રાજકીય અભિગમની બાબતમાં હું માર્ક્સવાદી વિચારધારાને પણ અનુસરતો હતો. જોકે ત્રણ વર્ષનો થીઓલૉજીનો અભ્યાસ કર્યા પછી જીવન, ભગવાન અને કુદરતના સંતુલિત અસ્તિત્વ બાબતે આવેલી સમજણને આધારે હું પ્રજનનવાદવિરોધી બન્યો છું. હું સ્વૈચ્છિક રીતે માનવોને નામશેષ થવા તરફ દોરવા જોઈએ એવું માનું છું. માણસોથી આગળ વધીએ તો એફિલિઝમ આજની વાસ્તવિકતા છે. એફિલિઝમ એટલે માણસ જ નહીં, કોઈ પણ જીવમાત્રનું અસ્તિત્વ જ ન હોય એ સૌથી શ્રેષ્ઠ સ્થિતિ છે. માણસે કુદરત સાથે એટલાં ચેડાં કર્યા છે કે આજે માણસના ખુદના દ્વન્દ્વછમાં ૪૦૦૦થી વધુ ડિફેક્ટ્સ આવી ગઈ છે. હવામાં વાઇરસ અને બૅક્ટેરિયા એટલા છે કે તમે રોગમુક્ત જીવન જીવી શકો એમ નથી. હવે પછીની પેઢીને આપણે જો સુખ આપી ન શકવાના હોઈએ તો એક વધુ જીવનો ઉમેરો ન કરવો જોઈએ.

આવી આત્યંતિક વિચારધારા ધરાવતા અનુગ્રહે નવ વર્ષ પહેલાં પત્નીથી સેપરેટ થયાં છે અને તેમને એક દીકરી છે. નવાઈની વાત એ છે કે ૧૭ વર્ષની તેમની દીકરી પણ અત્યારે પપ્પાની સાથે ચાઇલ્ડ ફ્રી મૂવમેન્ટની સૌથી નાનકડી કાર્યકર્તા છે. પ્રીતિ હોમસ્કૂલિંગમાં દસમું ધોરણ ભણી રહી છે. પ્રીતિ કહે છે, 'સોસાયટીમાં જે રીતે છોકરીઓને રાખવામાં આવે છે, તેમની પર કુદૃષ્ટિ નાખવામાં આવે છે, તેમને આમ નહીં કરવાનું અને તેમ નહીં કરવાનું એવી પાબંદીઓ મૂકવામાં આવે છે એ જોઈને પહેલાં હું એવું વિચારતી હતી કે ભગવાને મને કેમ છોકરી તરીકે જન્મ આપ્યો? જોકે જ્યારે મેં પ્રજનનવાદવિરોધી વિચારધારાનો અભ્યાસ કર્યો તો મને લાગ્યું કે મને જન્મ જ શું કામ આપ્યો? છોકરો કે છોકરી કોઈ પણ જાતિ સાથે ધરતી પર આવવું જ મને અનિવાર્ય નથી લાગતું. બધાં દુઃખોનું મૂળ એક જ છે એ છે જન્મ.'

ઓછામાં ઓછા પાંચ કરાર પર થશે હસ્તાક્ષર

ભારત-અમેરિકા વચ્ચે ૨૫૦૦૦ કરોડની ડિફેન્સ ડિલ થાય તેવી શક્યતા

ન્યુ દિલ્હી

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને તેમની પત્ની મેલાનિયા ટ્રમ્પ ૨૪ ફેબ્રુઆરીએ અમદાવાદમાં આવશે. જ્યાં તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવશે જેના પછી તેઓ આગરામાં તાજમહેલ જોવા જશે. પરંતુ ત્યાં મહેમાનો સાથે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી નહી હોય. સરકારી સૂત્રો અનુસાર શિખર બેઠકમાં બંન્ને દેશો વચ્ચે પાંચ કરાર કરવાની તૈયારીઓ કરવામાં આવી રહી છે. જેમા લગભગ ૨૫ હજાર કરોડ રૂપિયાના રક્ષા કરાર પર હત્યાક્ષર થવાની સંભાવના છે.

અમેરિકાના વોશિંગટનમાં એક મીડિયા પરિષદમાં એક વરિષ્ટ અધિકારીએ કહ્યું કે, રાષ્ટ્રપતિ ભારત અને અમેરિકા વચ્ચે મજબૂત અને સ્થાયી સંબંધોના પ્રદર્શન માટે ભારત જઇ રહ્યા છે. આ સંબંધ લોકતાંત્રિક પરંપરા, શેરિંગ વ્યૂહરચના તથા આર્થિક હિત તથા બંન્ને દેશોના નાગરિકોના સંબંધો પર આધારિત છે. અધિકારીએ જણાવ્યું કે, આ યાત્રા દરમિયાન આર્થિક અને ઉર્જા ક્ષેત્રમાં કરાર જેવા મહત્વપૂર્ણ ક્ષેત્રોમાં ધ્યાન કેન્દ્રીત કરવામાં આવશે. બંન્ને દેશો વચ્ચે ૨૦૧૮માં આસપી વેપાર ૧૪૨ અબજ ડોલરની પાર પહોંચી ગયો હતો. જેમા પ્રગતિ થવાની સંભાવના છે.

સત્તાવાર સુત્રોએ શનિવારે જણાવ્યું હતું કે અમે મીડિયામાં અહેવાલ જોયા છે કે ટ્રમ્પની આગરા મુસાફરીના સમયગાળાના મોદી તેમની સાથે રહેશે, પરંતુ એવું નથી. ત્યાં ન તો કોઇ સરકારી કાર્યક્રમ રાખવામાં આવ્યો છે અને ન તો કોઇ મોટી ભારતીય હસ્તિ ત્યાં હાજર રહેશે. તેમણે જણાવ્યું કે, પ્રધાનમંત્રી અમદાવાદમાં તેમની સાથે રહેશે. જ્યાં તેમના માટે એક સાર્વજનિક સ્વાગત સમારોહ આયોજીત કરવામાં આવશે. દિલ્હી આવ્યા બાદ ૨૫ ફેબ્રુઆરીથી તેમના આધિકારિક કાર્યક્રમ શરૂ થશે.

ટ્રમ્પની ભારત યાત્રા દરમિયાન ઓછામાં ઓછા પાંચ કરાર પર હસ્તાક્ષર પર કરવાની તૈયારીઓ થઇ રહી છે પરંતુ યાત્રાનું મુખ્ય ધ્યાન દ્વિપક્ષિય કરાર કરતા અમેરિકાના નેતૃત્વ સામે ભારતની સદીઓ જૂની સાંસ્કૃતિક વૈવિધ્ય એવમ વૈભવ સાથે લોકતંત્રની શક્તિનું પ્રદર્શન કરવાની રહેશે. જેના થકી બંન્ને દેશોની વૈશ્વિક રણનીતિ ભાગીદારી અને સશક્ત થશે.

ટ્રમ્પ-મોદીના પ્રવેશ પહેલાં સ્ટેડિયમનો ગેટ નં-૩ ધરાશાયી

અમદાવાદ

આવતી કાલે અમેરિકાનાં રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ 'નમસ્તે ટ્રમ્પ' કાર્યક્રમ માટે મોટેરા સ્ટેડિયમમાં આવી રહ્યાં છે. ત્યારે આજે સવારે મોટેરા સ્ટેડિયમનો ગેટ નંબર ૩ ધરાશાયી થયો છે. મહત્વનું છે કે, ડોનાલ્ડ ટ્રમ્પ જે ગેટ પરથી પસાર થવાના હતા તે જ ગેટ આજે સવારે ભારે પવનનાં કારણે પડ્યો હતો.

જોકે, આ આ ગેટ પડ્યાની ઘટાનામાં કોઇ જાનહાનીનાં સમાચાર મળી નથી રહ્યાં. મહત્વનું છે કે, અમિત શાહ થોડા જ સમયમાં અમદાવાદ આવવાનાં છે ત્યારે અચાનક ગેટ પડતા અધિકારીઓમાં દોડાદોડી મચી જવા પામી છે. આ ઉપરાંત મોટેરા સ્ટેડિયમમાં પબ્લિક માટે પ્રવેશ કરવા માટેના મુખ્ય ગેટ પાસે એક મોટું હોર્ડીગ લગાવવામાં આવ્યું હતું આ હોર્ડિંગ પણ અચાનક આજે સવારે ધરાશાયી થયું હતું.

ટ્રમ્પનો ભારત પ્રવાસ ચૂંટણીની રણનીતિના ભાગરૂપેઃ અમેરિકન મીડિયા

વૉશિંગ્ટન

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પનો ભારત પ્રવાસ અમેરિકામાં પણ ચર્ચાનો વિષય બન્યો છે. અમેરિકન મીડિયામાં તેને લઈને સતત લેખો છપાઈ રહ્યા છે.

અમેરિકન મીડિયાએ ટ્રમ્પના પ્રવાસને ભારતીય મૂળના મતદારોને ખુશ કરવાની રણનીતિનો ભાગ ગણાવ્યો છે.

અમેરિકાના અખબારોમાં સતત ટ્રમ્પની ભારત યાત્રા અંગેના લેખો છપાઈ રહ્યા છે. જેમાં ટ્રમ્પના પ્રવાસને ભારત સાથે ટ્રેડ ડીલની જગ્યાએ ચૂંટણી પ્રચારનો એક હિસ્સો ગણાવાઈ રહ્યો છે. અમેરિકાના સંખ્યાબંધ કોલમિસ્ટોનુ માનવ છે કે, ટ્રમ્પ અમેરિકામાં રહેતા ૩૫ લાખ જેટલા ભારતીય મૂળના મતદારોને પ્રભાવિત કરવા માટે ભારત જઈ રહ્યા છે.

લેખકોનુ કહેવુ છે કે, જોકે તેની સાથે સાથે ટ્રમ્પ ભારત સામે આકરા નિવેદનો પણ આપી રહ્યા છે જેથી અમેરિકી મૂળના વોટરો નારાજ ના થાય.કારણકે ટ્રમ્પના જે કટ્ટર સમર્થકો છે તે અમેરિકા ફર્સ્ટની નીતિમાં માને છે અને ટ્રમ્પે અત્યાર સુધી આ જ નીતિ પર ચૂંટણી પ્રચાર કર્યો છે.

ઉલ્લેખનીય છે કે, ટ્રમ્પ અમેરિકામાં પણ જે સમારોહમાં જઈ રહ્યા છે ત્યાં ભારત પ્રવાસનો ઉલ્લેખ કરી રહ્યા છે. સોશ્યલ મીડિયા પર પણ ટ્રમ્પ ભારત પ્રવાસ અંગે વારંવાર કોમેન્ટ્સ કરી રહ્યા છે.

ભારતની સુપ્રીમ કોર્ટ હંમેશા સક્રિય અને પ્રગતિશીલ રહી છેઃ રાષ્ટ્રપતિ કોવિંદ

ન્યુ દિલ્હી

આંતરરાષ્ટ્રીય ન્યાયિક સંમેલનના બીજા દિવસે દેશ વિદેશમાંથી પહોંચેલા કાયદાના નિષ્ણાતોને સંબોધિત કરતા રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે કહ્યુ કે ભારતની સુપ્રીમ કોર્ટ હંમેશા સક્રિય પ્રગતિશીલ રહી છે. સુપ્રીમ કોર્ટના ઐતિહાસિક નિર્ણયોએ ભારતના કાનૂની અને બંધારણીય માળખાને મજબૂતી આપી છે.

રાષ્ટ્રપતિએ ભારતની ભાષાકીય વિવિધતાને ધ્યાનમાં લેતા વિભિન્ન ભાષાઓમાં નિર્ણય ઉપલબ્ધ કરાવવાના સુપ્રીમ કોર્ટના પ્રયત્નોને અસાધારણ જણાવી. તેમણે નવ સ્વદેશી ભાષાઓમાં નિર્ણય ઉપલબ્ધ કરાવવા માટે સુપ્રીમ કોર્ટના વખાણ કર્યા.રાષ્ટ્રપતિએ કાર્યસ્થળ પર યૌન શોષણ પર લગામ લગાવવા માટે લાગુ કરેલા વિશાખા દિશા નિર્દેશોનો સંદર્ભ આપતા કહ્યુ કે ઉચ્ચતમ ન્યાયાલયે પ્રગતિશીલ સામાજિક પરિવર્તનનું નેતૃત્વ કર્યુ છે.

નિર્ભયાના દોષી વિનય શર્માએ જેલમાં સ્ટેપલ પિન ગળી જવાનો પ્રયાસ કર્યો

ન્યુ દિલ્હી

નિર્ભયા ગેંગરેપ અને મર્ડરના દોષી વિનય શર્માએ ફરીથી પોતાને નુકસાન પહોંચાડવાનો પ્રયાસ કર્યો છે. આ વખતે તેણે સ્ટેપલ પિન ગળવાનો પ્રયાસ કર્યો. જો કે, જેલના અધિકારીઓની નજર તેના પર હતી અને તેને આમ કરતો રોકવામાં સફળ રહ્યા. અધિકારી વિનયને હોસ્પિટલ પણ લઈ ગયા જ્યાં તેની સારવાર કરવામાં આવી. થોડા દિવસ પહેલા પણ તેણે દીવાલ સાથે માથું અથડાવીને પોતાને ઈજાગ્રસ્ત કરવાનો પ્રયાસ કર્યો હતો.

જેલના સત્તાધીશોએ શનિવારે વિનય શર્મા અને અક્ષય ઠાકુરના પરિવારના સભ્યોને નોટિસ મોકલીને દોષિતોની છેલ્લી મુલાકાત લેવા માટે આવવા કહ્યું. તિહારના સૂત્રોએ જણાવ્યું કે મુકેશ સિંહ અને પવન ગુપ્તાના પરિવારના સભ્યોની છેલ્લી મુલાકાત ગત ડેથ વોરન્ટના સમયે ૩૧ જાન્યુઆરીએ થઈ ગઈ હતી. જેલના એક સીનિયર અધિકારીએ જણાવ્યું કે, 'અમે અક્ષય અને વિનયને પૂછ્યું કે તે કયા દિવસે છેલ્લી મુલાકાત કરવા માગે છે? આ સિવાય દર અઠવાડિયે બેવાર નિયમિત મુલાકાતની સુવિધા પણ છે'.

જેલના અધિકારીઓના જણાવ્યા પ્રમાણે, 'ડેથ વોરન્ટ જાહેર થયા બાદથી વિનયનો વ્યવહાર હિંસક થઈ ગયો છે'. જેલના સત્તાધીશોએ અમારા સહયોગી ટાઈમ્સ ઓફ ઈન્ડિયા સાથે વાતચીત કરતા કહ્યું કે જેલમાં વિનયની શારીરિક અને માનસિક હાલત સ્થિર છે. એક અધિકારીએ કહ્યું કે, દોષિતો પર ૨૪ કલાક નજર રખાઈ રહી છે અને સીસીટીવી દ્વારા તે અધિકારીઓ પર પણ નજર રહે છે.

કાશ્મીરમાં ટૂંક સમયમાં 'ડોમિસાઈલ લૉ'નો અમલ કરાશેઃ જિતેન્દ્ર સિંહ

જમ્મૂ,

ગયા વર્ષે જમ્મુ અને કાશ્મીરનો વિશિષ્ટ દરક્કો પાછો ખેંચી લેવાયા બાદ સ્થાનિક પ્રજાની ચિંતાઓ તથા પરેશાનીઓ પ્રત્યે ધ્યાન દોરવા ટૂંક સમયમાં જ 'ડોમિસાઈલ લૉ'નો કાયદો લાવવામાં આવશે અને ત્યાર પછી તાબડતોબ જમીનને લગતો ધારો અમલમાં મુકાશે, એવી જાહેરાત કેન્દ્રીય પ્રધાન જિતેન્દ્ર સિંહે કરી હતી.

તેમણે એવું પણ જાહેર કર્યું હતું કે આ નવા કાયદાઓ અમલમાં મુકાયા બાદ આ કેન્દ્રશાસિત પ્રદેશમાં યુવા-વર્ગને વચન કરતાં વધુ રોજગારો પૂરા પાડવામાં આવશે. જિતેન્દ્ર સિંહ વડા પ્રધાનના કાર્યાલયમાં રાજ્યકક્ષાના પ્રધાન છે.

જમ્મુ અને કાશ્મીરમાં વિશિષ્ટ દરક્કો પાછો ખેંચાયો (કલમ ૩૭૦ પાછી ખેંચાઈ) ત્યારથી ઘણા પક્ષો જમીન-માલિકોના તથા બેરોજગાર યુવાનોનાં હિતોના રક્ષણ માટે ડોમિસાઈલ લૉ લાવવાની માગણી કરી રહ્યા છે. રોજગારની વાત કરતા જિતેન્દ્ર સિંહે કહ્યું હતું કે 'જેમ અગાઉની સરકાર સત્તા પર હતી ત્યારે યુવા વર્ગના ભાવિને બગાડી નાખવામાં આવ્યું હતું એવું હવે નહીં જોવા મળે.

તુર્કીમાં ૫.૭ની તીવ્રતા વાળા ભૂકંપથી સાત લોકોના મોત, ૧૦૦૦થી વધુ ઈમારત ધરાશાયી

તુર્કી

તુર્કીમાં ઈરાન બોર્ડરને અડીને આવેલા એક પ્રાંતમાં ૫.૭ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. એજન્સી રિપોર્ટ પ્રમાણે ભૂકંપના લીધે ૭ લોકોનું મૃત્યુ થયું છે જ્યારે પાંચ લોકો ઘાયલ છે. તુર્કીના વેન પ્રાંતમાં ભૂકંપ આવ્યો હતો. મૃતકોમાં ત્રણ બાળકોનો સમાવેશ થાય છે. ભૂકંપની અસરથી ૧૦૬૬ ઈમારતો ધરાશાયી થઈ હતી.

તુર્કીના પબ્લિક બ્રોડકાસ્ટર ટીઆરટી પ્રમાણે ભૂકંપની અસર ૪૩ ગામડાઓમાં થઈ છે જ્યાં હંમેશા ભૂકંપના આંચકા અનુભવાય છે. અત્યારે અસરગ્રસ્ત વિસ્તારોમાં ઈમરજન્સી રેસ્ક્યૂ ટીમ મોકલવામાં આવી છે. ઈરાન અને તુર્કી મોટા પ્રમાણમાં ભૂંકપથી પ્રભાવિત દેશોમાં સામેલ છે. ગત મહિને પૂર્વી તુર્કીમાં ભૂકંપના લીધે ૪૦ લોકોનું મૃત્યુ થયું હતું.

મધ્ય પ્રદેશમાં નવી એક્સાઈઝ પોલિસીનો અમલ, હવે ઘરે બેઠા મંગાવો દારૂની બોટલ

ભોપાલ

મધ્ય પ્રદેશમાં હવે દારૂનું ઓનલાઈન વેચાણ કરવામાં આવશે. એટલે કે, તમે ઘરે બેઠા-બેઠા દારૂ મંગાવી શકો છો. મધ્ય પ્રદેશ સરકાર દ્વારા પ્રસ્તાવિત કરવામાં આવેલી નવી એક્સાઈઝ વ્યવસ્થામાં મહેસૂલ વધારવા માટે સરકાર કેટલાક નવા ઉપાયો અજમાવવા જઈ રહી છે. જે અંતર્ગત દારૂના ઓનલાઈન વેચાણનો નિર્ણય કરવામાં આવ્યો છે.

દારૂનું ગેરકાયદેસર વેચાણ રોકવા માટે હવે દરેક બોટલમાં બાર કોડ લગાવવાની વ્યવસ્થા કરવામાં આવી રહી છે. આ ઉપરાંત દ્રાક્ષના ખેડૂતોને પ્રોત્સાહન આપવા માટે દ્રાક્ષથી બનેલી વાઈનના પ્રચાર-પ્રસાર માટે ૧૫ નવા વાઈન આઉટલેટ પણ ખોલવામાં આવશે.

જો કે ભાજપના સ્થાનિક નેતાઓએ સરકારના આ નિર્ણયનો વિરોધ કર્યો છે. ભાજપના પ્રદેશ સંગઠનમાં ઉપાધ્યક્ષ રામેશ્વર શર્માએ ટ્વીટ કરીને જણાવ્યું કે, કમલનાથ જી તમારી સરકારમાં કોણ છે, જે પૂરી સક્રિયતાથી દારૂના નવજીવનમાં જોતરાયું છે? તેમના દારૂના અડ્ડાઓ છે અથવા તો દારૂની કંપનીઓ છે. પહેલા શેરીઓ અને મહોલ્લાઓમાં દારૂની દુકાનનો પ્રસ્તાવ અને હવે ઓનલાઈન દારૂનું વેચાણ.

આજથી જમ્મુ-કાશ્મીરની શાળાઓ રાબેતા મુજબ શરૂ થશે

શ્રીનગર

જમ્મુ-કાશ્મીરમાં સોમવારથી શાળાઓ રાબેતા મુજબ શરૂ કરવામાં આવશે. રાજ્યની શાળાઓ ગત પ ઓગષ્ટ, ૨૦૧૯થી બંધ છે. રાજ્યમાં તણાવપૂર્ણ વાતાવરણ હવે શાંત થઈ રહ્યું છે. જે કારણે વહીવટી તંત્રએ શાળાઓ શરૂ કરવાનો નિર્ણય લીધો છે. ઉલ્લેખનીય છે કે, જમ્મુ-કાશ્મીરમાં કલમ ૩૭૦ નાબૂદ કરવામાં આવી છે. જે કારણે રાજ્યમાં તણાવગ્રસ્ત વાતાવરણને કારણે શાળાઓ બંધ કરવાનો નિર્ણય કરાયો હતો. કેન્દ્ર સરકારે જમ્મુ-કાશ્મીરનું વિભાજીત કરી બે કેન્દ્ર શાસિત પ્રદેશોમાં વહેંચવામાં આવ્યાં છે. જેમાં એક જમ્મુ-કાશ્મીર અને બીજુ લદ્દાખ છે. સંઘપ્રદેશોની સુરક્ષાને ધ્યાનમાં રાખીને શાળાઓ બંધ કરવામાં આવી હતી, પરંતુ હવે શાળાઓ ખોલવામાં આવશે.

આ પ્રવાસ અમેરિકાની રાષ્ટ્રપતિ ચૂંટણીનો હિસ્સોઃ છત્તીસગઢ મુખ્યમંત્રી

કોંગ્રેસ નેતા અધિર રંજને ટ્રમ્પની સરખામણી મોગેમ્બો સાથે કરી

મુર્શિદાબાદ

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ ૨૪-૨૫ ફેબ્રુઆરીએ ભારતના પ્રવાસે આવી રહ્યાં છે. તેમના આગમનને લઈને થઈ રહેલી તૈયારીઓ પર કોંગ્રેસ નેતા અધીર રંજન ચૌધીરીએ શનિવારે કેન્દ્ર સરકાર પર નિશાન સાધ્યું છે. તેમણે ટ્રમ્પની સરખામણી હિન્દી ફિલ્મોના વિલન મોગેમ્બો સાથે કરી. ફિલ્મ મિસ્ટર ઈન્ડિયામાં સ્વર્ગસ્થ અભિનેતા અમરીશ પુરીએ આ રોલ ભજવ્યો હતો. ચૌધરીએ દાવો કર્યો કે કેન્દ્ર સરકાર મોગેમ્બોને ખુશ કરવા માટે બધુ કરી રહી છે. બીજી તરફ છત્તીસગઢના મુખ્યમંત્રી બઘેલ આ પ્રવાસને અમેરિકાની રાષ્ટ્રપતિ ચૂંટણીનો એક ભાગ ગણાવ્યો છે.

અધીર રંજને મુર્શિદાબાદમાં કહ્યું સરકારે ખજાનામાંથી કરોડો રૂપિયાનો ખર્ચ કરવાની શું જરૂર છે ? ટ્રમ્પને ખુશ કરવા માટે ઝૂંપડપટ્ટીઓમાં રહેતા લોકોને છુપાવવા અથવા તો ત્યાંથી જવા માટે શાં માટે મજબૂર કરવામાં આવી રહ્યાં છે. શું આ વ્યવહાર યોગ્ય છે ? ગુજરાતનો મોદીએ બીજા માટે એક મોડલના રૂપમાં વિકાસ કર્યો હતો, જોકે ગરીબોનું શોષણ કરવામાં આવી રહ્યું છે. આ બધુ મોગેમ્બોને ખુશ કરવા માટે કરવામાં આવી રહ્યું છે. અમે મોદી સરકારની વિરુદ્ધ વિરોધ કરીશું.

અમેરીકા સે આયા પહેલા પાનાથી ચાલુ

આપણી સાથે હશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના રોડ શો અંગે મહત્વના સમાચાર સામે આવ્યાં છે. અગાઉ એવી માહિતી આવી હતી કે રોડ શો ૨૨ કિમીનો નહીં પરંતુ ૯ કિમીનો રહેશે. પરંતુ હવે મ્યુનિસિપલ કમિશનરે જે જાહેરાત કરી છે તે મુજબ આ રોડ શો ૯ કિમીનો નહીં પરંતુ ૨૨ કિમીનો જ રહેશે.

રોડ શો દરમિયાન કોઇપણ પ્રકારની અનૈતિક ઘટના ના ઘટે તે માટે સમગ્ર રૂટ પર જામર લગાવવામાં આવશે. આ જામર લગાવ્યા બાદ જ્યારે ટ્રમ્પ દંપત્તી અને મોદી આ રૂટ પર નીકળશે ત્યારે આસપાસના મોબાઈલ બંધ થઈ જશે તેમજ ડ્રોન પણ ઉડી શકશે નહીં. ત્યારે કોઇ અસામાજીક તત્વ રોડ શોમાં અડચણ ઉભી ન કરે તે માટે ખાસ ફેસ રેકગનાઈઝ કેમેરા લગાવવામાં આવશે. આ કેમેરા રૂટના તમામ રસ્તાઓ પર બાઝ નજર રાખશે અને કોઈ ગુનેગારનો રૂટ પર દેખાશે તો તેની જાણ થઈ જશે. ટ્રમ્પના આગમન બાદ પણ ૩ હેલિકોપ્ટર અમદાવાદ શહેરનું સતત પેટ્રોલિંગ કરશે.

અમેરિકન પ્રેસિડન્ટ ડોનાલ્ડ ટ્રમ્પ અમદાવાદની મુલાકાતને લઈને તડામાર તૈયારીઓ કરાઇ હતી જે પૂર્ણ થઇ છે. જેમાં રોડ શોના રૂટ પર ૧૦૦થી વધુ ડોર ફ્રેમ મેટલ ડિટેક્ટર લગાવવામાં આવશે. રોડ શો જોવા માટે આવનારી તમામ વ્યક્તિઓને ડોર ફ્રેમ મેટલ ડિટેક્ટરમાંથી પસાર થયા બાદ જ પ્રવેશ આપવામાં આવશે. ટ્રમ્પના અમદાવાદ એરપોર્ટથી સાબરમતી અને મોટેરા સ્ટેડિયમ સુધીના રોડ શો દરમિયાન લાખોની સંખ્યામાં લોકો ઉપસ્થિત રહેશે. જેને પગલે કોઈ અંધાધુંધી ન સર્જાય તે માટે રોડ શોના સમગ્ર રૂટ પર રોડની બન્ને તરફ લોખંડની રેલીંગો લગાવી દેવામાં આવી છે.

તે સિવાય રોડ શોના સમગ્ર રૂટ પર ૧૦૦થી પણ વધુ ડોર ફ્રેમ મેટલ ડિટેક્ટર લગાવવામાં આવશે. રોડ શોમાં જનારી દરેક વ્યક્તિને ડોર ફ્રેમ મેટલ ડિટેક્ટરમાંથી પસાર થવું પડશે. તે સિવાય કોઈપણ વ્યક્તિને પ્રવેશ આપવામાં આવશે નહી. હેન્ડ મેટલ ડિટેક્ટરથી પણ પોલીસ લોકોની ચકાસણી કરશે. આ રૂટ પર રહેતા લોકોએ પણ ડોર ફ્રેમ મેટલ ડિટેક્ટરમાં ચકાસણી બાદ જ પ્રવેશ મળશે.

બીજી તરફ હવામાન વિભાગની આગાહી અનુસાર, ૨૪ ફેબ્રુઆરીએ અમદાવાદમાં ૩૫ ડિગ્રી ગરમીનો અંદાજ છે. ત્યારે હવે સવાલ એ છે કે, સવારે ૮-૯ વાગ્યાથી સ્ટેડિયમમાં બેસેલા લોકોની સાંજ સુધીમાં સુધી હાલત થશે. ટ્રમ્પનો કાર્યક્રમ માત્ર ૩ કલાકનો છે પરંતુ આમંત્રિત લોકોએ ૩૫ ડિગ્રીની તપતી ગરમીમાં ૬ કલાક સુધી સ્ટેડિયમમાં બેસી રહેવું પડશે.

અમેરિકાના પ્રથમ પરિવારની સુરક્ષાની સંપૂર્ણ જવાબદારી અમેરિકન સિક્રેટ સર્વિસને સોંપવામાં આવી છે. ભારતીય લાઈઝનિંગ અધિકારીઓને તેમના સુધી પહોંચ આપવામાં આવી છે. બીજા રાઉન્ડમાં એનએસજી, ચેતક કમાન્ડો, અર્ધસૈનિક બળ અને અંતે બહારની સુરક્ષાની જોવાની જવાબદારી ગુજરાત, ઉત્તર પ્રદેશ અને દિલ્હી પોલીસના ૨૫ હજાર જવાનોની રહેશે. ટ્રમ્પની કલાક દીઠ સુરક્ષામાં દોઢ કરોડ અને ૩૬ કલાકની સુરક્ષા માટે રૂ. ૧૦૦ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે.

કાશ્મીરમાં નજરકેદ અબ્દુલ્લા અને મુફ્તી ઝડપથી છૂટે તેવી પ્રાર્થના કરીશ

મુસલમાન અમારા જિગરનો ટુકડો, તેમને કોઈ સ્પર્શ પણ નહીં કરી શકે : રાજનાથ સિંહ

ન્યુ દિલ્હી

ભારતીય જનતા પાર્ટીની વિચારધારાનો ઉલ્લેખ કરતા રક્ષામંત્રી રાજનાથ સિંહે કહ્યુ કે મુસલમાન જિગરનો ટુકડો છે અને સાંપ્રદાયિક રાજનીતિનો પ્રશ્ન જ પેદા થતો નથી. રક્ષા મંત્રીએ આઈએએનએસને આપેલા સાક્ષાત્કારમાં આ ધારણાને ફગાવતા કહ્યુ કે મોદી સરકાર ધાર્મિક લઘુમતીઓ વિરૂદ્ધ છે.

રાજનાથ સિંહે કહ્યુ કે મે પહેલા પણ પોતાની મેરઠ અને મેંગલુરૂની રેલીમાં કહ્યુ છે કે મુસલમાન ભારતનો નાગરિક અને અમારો ભાઈ છે તે અમારા જિગરનો ટુકડો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં સરકારે શરૂઆતથી જ મુસ્લિમ નાગરિકોની અંદર ડર દૂર કરવા અને તેમાં આત્મવિશ્વાસ ભરવાનો પ્રયત્ન કર્યો છે.

રક્ષામંત્રીએ કહ્યુ, કેટલીક તાકાત છે જે તેમને ગેરમાર્ગે દોરી રહી છે પરંતુ ભાજપ કોઈ પણ સ્થિતિમાં ભારતના લઘુમતી વિરૂદ્ધ જઈ શકે નહીં. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શરૂઆતથી જ સૌનો સાથ, સૌના વિકાસનું સૂત્ર આપ્યુ છે. જાતિ, ધર્મ અને રંગના આધારે ભેદભાવનો કોઈ પ્રશ્ન જ ઉઠતો નથી. અમે આ વિશે વિચારી જ શકતા નથી.

જમ્મુ કાશ્મીરના પૂર્વ મુખ્યમંત્રી ઓમાર અબ્દુલ્લા અને મહેબૂબા મુફ્તી ઝડપથી નજરકેદમાંથી મુક્ત થાય તેવી પ્રાર્થના કરીશ. હું આશા રાખું છું કે આ બન્ને છૂટ્યા પછી જમ્મુ કાશ્મીરની સ્થિતિ સામાન્ય કરવામાં પોતાનું મહત્વનું યોગદાન આપશે.

નેવીનું મિગ વિમાન તેની નિયમિત ઉડાન પર હતું ત્યારે દુર્ઘટના ઘટી

ગોવામાં મિગ 29K વિમાન ક્રેશઃ પાયલટનો આબાદ બચાવ

પણજી

ભારતીય નૌસેનાનું મિગ 29K વિમાન દુર્ઘટનાગ્રસ્ત થયું હોવાના અહેવાલ પ્રાપ્ત થયા છે. મિગ વિમાનના પાયલટે સમયસુચકતા વાપરીને ઈજેક્ટર કરી લીધું હોવાથી તેનો આબાદ બચાવ થયો છે. રવિવારે સવારે ૧૦.૩૦ કલાકે નૌસેનાનું મિગ વિમાન તેની નિયમિત ઉડાન પર હતું. વિમાન એકાએક ગોવાના દરિયાકાંઠા પાસે ક્રેશ થયું હતું જો કે તે પૂર્વે પાયલટે પોતાને ઈજેક્ટ કરી લીધો હોવાથી તે બચી ગયો છે.

આ દુર્ઘટના અંગે નૌસેનાએ તપાસનો આદેશ આપ્યો છે. ટેક્નિકલ ખામીને વીધે મિગ વિમાનો ક્રેશ થવાની અનેક ઘટનાઓ ઘટતી હોય છે. આ દુર્ઘટના ક્યા કારણોસર ઘટી તેની સત્તાવાર કોઈ જાણ કરવામાં આવી નથી.

ઈન્ડિયન પબ્લિક સ્કૂલ વિરમગામ ખાતે એન્યુઅલ ડે સેલિબ્રેશન કરવામાં આવ્યું



વિદ્યાર્થીઓ દ્વારા રજુ કરવામાં આવેલ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો આકર્ષણનું કેન્દ્ર બન્યા

વંદના નીલકંઠ વાસુકિયા વિરમગામ દ્વારા

અમદાવાદ જીલ્લાના વિરમગામ તાલુકામાં આવેલ જાણીતી શૈક્ષણીક સંસ્થા ઈન્ડિયન પબ્લિક સ્કુલ (આઇપીએસ સ્કુલ) ખાતે એન્યુઅલ ડે સેલિબ્રેશન કરવામાં આવ્યું હતુ. આઇપીએસ સ્કુલ ખાતે શનિવારે વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરવામાં આવ્યાં હતાં, જે વિદ્યાર્થીઓ ઉપસ્થિત વાલીઓમાં પણ આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું. એન્યુઅલ ડે સેલિબ્રેશનમાં ભાગ લેનારા વિદ્યાર્થીઓને આઇપીએસ શાળા પરિવાર દ્વારા પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. એન્યુઅલ ડે સેલિબ્રેશનમા જવાહર નવોદય વિદ્યાલયના રશ્મિ દિક્ષીત, મનોજસિંગ, ભરત રાવત ઉપસ્થિત રહ્યા હતા. એન્યુઅલ ડે સેલિબ્રેશન કાર્યક્રમને આમંત્રણ મહેમાનો ઉપરાંત નગરજનોએ ઉપસ્થિત રહીને માણ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, આઇપીએસ સ્કુલ ખાતે સ્પોર્ટ્સ સંકુલની ઉત્તમ વ્યવસ્થા કરવામાં આવી છે અને સ્પોર્ટસ માટેની વિદ્યાર્થીઓને રેગ્યુલર ટ્રેનીગ આપવામાં આવે છે. આ ઉપરાંત કરાટેની વિશેષ ટ્રેનીગ આપવામાં આવે છે અને વિદ્યાર્થીઓને પોતાની ઋચી પ્રમાણેની વિવિધ પ્રવૃત્તિઓની તૈયારીઓ પણ કરાવવામાં આવે છે. એન્યુઅલ ડે સેલિબ્રેશનને સફળ બનાવવા માટે આશિષભાઇ શેઠ સહીત સંચાલક, આચાર્ય, શિક્ષકોએ જહેમત ઉઠાવી હતી.

સાળી-બનેવીએ જંતુનાશક દવા પી આપઘાત કરી લેતાં ચકચાર

સાયલા

અનૈતિક અને લગ્નેત્તર સંબંધોનો એક ચોંકાવનારો કિસ્સો સાયલાના વખતપુર ગામેથી સાવે આવ્યો છે. વખતપુરમાં છેલ્લા ઘણા સમયથી પ્રેમ સંબંધમાં રહેતાં સાળી અને બનેવીએ મંદિરની ઓરડીમાં જંતુનાશક દવા પી આપઘાત કરી લેતાં ચકચાર મચી જવા પામી છે. બનેવીની પત્ની હાલ ગર્ભવતી છે અને તેને બે બાળકો પણ છે. તો સાળીના ૩ દિવસ પહેલાં જ લગ્ન થયા હતા અને ચોથા દિવસે તો તેણે પ્રેમમાં જીવન ટૂંકાવી દીધું હતું.

ઘટનાની વિગતમાં વાત કરીએ તો, સાયલાના વખતપર ગામની ધાર પર આવેલ હડકાઈ માતાજીના મંદિરની અવાવરું ઓરડીમાંથી યુવક અને યુવતીની લાશ મળી આવી હતી. સ્થાનિકોએ આ મામલે તાત્કાલિક પોલીસને જાણ કરી હતી. મંદિરની પાસે રહેલાં બાઈકના આધારે પોલીસે મૃતક યુવાનની ઓળખ કરી લીધી હતી. જે બાદ સામે આવ્યું કે, મૃતક યુવાન અને યુવતી સાળા-બનેવી હતા. અને બંને એકબીજાને અતૂટ પ્રેમ કરતાં હતા.

મૃતક યુવતીનાં ૩ દિવસ પહેલાં જ લગ્ન થયા હતા. અને ચોથા દિવસે આવીને તેણે આપઘાત કરી લીધો હતો. મૃતક યુવાન વિક્રમ સાપરા કે જેમની ઉંમર ૪૦ વર્ષ હતી તેમને સંતાનમાં ૨ પુત્રીઓ છે અને હાલ તેમના પત્ની ગર્ભવતી છે. બનેવી અને સાળી વચ્ચેના અનૈતિક સંબંધના કરૂણ અંતને કારણે આજે ૩ પરિવારોનો માળો વિખેરાયો છે.

લૂંટ રોકવા વચ્ચે પડેલા કર્મચારીઓને માર માર્યો

આણંદમાં બંધન બેન્કના કર્મચારીઓને બંધક બનાવી ૧ કરોડની લૂંટ



આણંદ

આણંદમાં એક કરોડથી પણ વધારે લૂંટની સનસનીખેજ ઘટના સામે આવતાં ચકચાર મચી જવા પામી છે. આણંદના ૧૦૦ ફૂટ રોડ પર આવેલી બંધન બેંકમાં લૂંટની ઘટના બની હતી. ત્રણ જેટલાં બુકાનીધારી શખ્સોએ રિવોલ્વર અને છરીની અણીએ ૬ જેટલાં કર્મચારીઓને બંધક બનાવીને સનસનીખેજ લૂંટને અંજામ આપ્યો હતો. ૧ કરોડથી પણ વધુની લૂંટની ઘટના બનતાં પોલીસે સમગ્ર જિલ્લામાં નાકાબંધી કરી તપાસ હાથ ધરી છે.

ઘટનાની વિગતમાં વાત કરીએ તો, પહેલાં એ સવાલ થાય કે રવિવારના દિવસે બેંક કેવી રીતે ચાલુ હોય. તો તમને જણાવી દઈએ કે, આણંદની બંધન બેંક રવિવારના દિવસે પણ ચાલુ રહે છે. અને તેનો ફાયદો લુટારાઓએ ઉઠાવ્યો હતો. ત્રણ જેટલાં બુકાનીધારી લુટારાઓ બંદૂક અને ચપ્પા સાથે બેંકમાં ઘુસી ગયા હતા. અને બેંકના કર્મચારીઓને બંધક બનાવી દઈને તેમને સીધા લોકર રૂમમાં લઈ ગયા હતા.

આ સમયે બે મહિલા અને બે પુરુષ કર્મચારીઓએ પ્રતિકાર કરતાં લુટારાઓએ તેમના પર હુમલો પણ કર્યો હતો. અને આ હુમલામાં ચારેય કર્મચારીઓને ઈજા પહોંચી હતી. લોકરમાંથી લુટારાઓ કેશ અને સોના સહિત અંદાજિત સવા એક કરોડથી પણ વધુની લૂંટ ચલાવી ફરાર થઈ ગયા હતા. એટલું જ નહીં, સીસીટીવીના આધારે કોઈને ખબર ન પડે તે માટે લુટારાઓ સીસીટીવી ફૂટેજનું ડીવીઆર પણ ચોરીને લઈ ગયા હતા.

લૂંટની ઘટનાની જાણ થતાં જ આણંદ પોલીસનો ઉચ્ચ અધિકારીઓ સહિતનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. અને સમગ્ર જિલ્લામાં તાબડતોડ નાકાબંધી કરી લુટારાઓને ઝડપી પાડવા માટે તપાસ હાથ ધરી હતી. તો લુટારાઓ સીસીટીવી ફૂટેજ લઈ જતાં પોલીસે આસપાસના સ્થળોએથી સીસીટીવી ફૂટેજ કલેક્ટ કરવાની શરૂઆત કરી તપાસ આરંભી હતી. જો કે ધોળા દિવસે લૂંટની સનસનીખેજ ઘટના બનતાં આણંદ શહેરની કાયદો અને વ્યવસ્થા પર અનેક સવાલો ઉભા થઈ રહ્યા છે.

આનંદો! રાજકોટ-મુંબઈ વચ્ચે હવે ત્રણ ફ્લાઈટ ઉડશે

રાજકોટ

આગામી ૨૯ માર્ચથી મુંબઈ રૂટની જ બીજી ફ્લાઇટ શરૂ થવા જઈ રહી છે. જેનું બુકીંગ સ્પાઇસ જેટ દ્વારા શરૂ કરી દીધું છે. ૨૯ માર્ચથી શરૂ થનારી સ્પાઇસ જેટની નવી બીજી ફ્લાઇટ રાજકોટથી દરરોજ સાંજે ૬.૧૫ કલાકે મુંબઈથી ઉડાન ભરશે. અને ૭.૪૬ કલાકે મુંબઈ એરપોર્ટ પર લેન્ડ થશે. સ્પાઇસ જેટની જૂની ફ્લાઇટ તેના નિર્ધારીત સમય બપોરે ૧.૪૦ કલાકે ઉડાન ભરશે અને ૨.૪૫ કલાકે મુંબઈ પહોંચે છે.

નવી ફ્લાઇટ શરૂ થયા બાદ રાજકોટથી મુંબઈ હવાઇ મુસાફરી કરતા યાત્રિકોને દરરોજ બે સ્પાઇસ જેટની ફ્લાઇટ અને એક એર ઇન્ડિયાની ફ્લાઇટ એમ કુલ ત્રણ ફ્લાઇટનો લાભ મળશે. ૨૯ માર્ચની પ્રથમ ફ્લાઇટની ટિકિટનો દર સ્પેશિયલ ફેર કેટેગરીમાં ૩૬૮૫ રૂપિયા, સ્પાઇસ સેવર કેટેગરીમાં ૩૭૧૬ રૂપિયા, સ્પેશિયલ ફેર કેટેગરીમાં ૩૭૧૬ રૂપિયા અને સ્પાઇસ મેક્સ કેટેગરીની ટિકિટ ૫૦૧૨ રૂપિયા જોવા મળ્યા હતા.

ઉલ્લેખનીય છેકે અત્યાર સુધી રાજકોટ અને મુંબઈ વચ્ચે વિમાન સેવાને લઈને અનેક વખત ગ્રહણ સામે આવ્યું હતું. અગાવ રાજકોટ મુંબઈ વચ્ચે કોઈ વખત એક તો અમુક સમયે બે ફ્લાઇટ ની સેવા માલ્તિઓ હતી.

૧૫ વર્ષની સગીરા સાથે યુવાને બળજબરીથી મિત્રતા બાંધી અપહરણ કરી દુષ્કર્મ આચર્યું

પોરબંદર

પોરબંદરના ખાપટ વિસ્તારમાં રહેતી ૧૫ વર્ષની સગીરા સાથે રમેશ ભરત ખુંટી નામના યુવાને બળજબરીથી મિત્રતા બાંધી અપહરણ કરીને રાણાવાવ ખાતે તેના ફઈની વાડીમાં લઈ જઈને દુષ્કર્મ આચરતા શખ્સ અને તેના ફઈની સામે પોલીસ ફરીયાદ નોંધાઇ છે.

ખાપટ વિસ્તારમાં રહેતી એક ૧૫ વર્ષીય સગીરાને બખરલા વાડી વિસ્તારમાં રહેતો રમેશ ભરત ખુંટી નામનો શખ્સ આ સગીરાને પોતાની સાથે ફ્રેન્ડશીપ નહીં કરે તો તેણીને તેમજ તેણીના ભાઈ-બહેનને જાનથી મારી નાખીશ તેવી ધમકી આપીને બળજબરીથી ફ્રેન્ડશીપ કરી હતી. અને વારંવાર તેને મળવા પણ બોલાવતો અને પોતે પણ આવતો જતો રહેતો હતો. આ રીતે આત્મીયતા કેળવ્યા બાદ યુવકે તેણીનો વિશ્વાસ જીતી લીધો હતો અને ત્યારબાદ આ સગીરાને આ શખ્સે લલચાવી-ફોસલાવી બદકામ કરવાના ઈરાદે અપહરણ કરીને રાણાવાવ ટી-પોઇન્ટ પાસે આવેલ તેના ફઇ વાલીબેનની વાડી ખાતે લઇ ગયો હતો અને ત્યાં સગીરા ઉપર બળજબરી પૂર્વક શરીર સબંધ બાંધીને દુષ્કર્મ આચાર્યું હતું. આથી આ અંગે સગીરાના વાલીએ પોલીસ ફરિયાદ નોંધાવતા પોલીસે રમેશ અને તેની ફઇ સામે ગુનો નોંધી આગળની વધુ તપાસ કમલાબાગના પીએસઆઇ જાડેજા ચલાવી રહ્યા છે.

સાત મહિલા અને ત્રણ પુરુષ ને જુગાર રમતા પોલીસે ઝડપી પાડ્યા

રાજકોટ જુગારધામ પર પોલીસના દરોડાઃ ૧૦ શકુનીઓ ઝડપાયા

રાજકોટ

શહેરનાં માલવિયાનગર પોલીસે શહેરનાં ૧૫૦ ફૂટ રીંગ રોડ પર આવેલી રાધે હોટલ સામે વિષ્ણુનગર શેરી નંબર ૨માં આવેલા રહેણાક મકાનમાં દરોડો પાડીને જુગારધામ ઝડપી પડ્યું હતું. જુગારનાં દરોડામાં પોલીસે દસ જેટલા જુગારીઓની ધરપકડ કરી અને ૧૩૦૦૦ જેટલા રોકડ રૂપિયા કબજે કર્યા છે.

ખાસ જાણવા જેવી વાત એ છે કે, આ જુગારનાં દરોડામાં પોલીસે જે જુગારીને પકડી પડ્યા છે જેમાં સાત જેટલી મહિલાઓ છે અને ત્રણ પુરુષ છે. કર્મકાંડ કરતા વ્યક્તિ અને તેમની પુત્રી જુગાર રમતા ઝડપી પાડ્યા છે. આ ઉપરાંત ડ્રાઈવર સહિત અન્ય દસ વ્યક્તિઓની પોલીસે ધરપકડ કરી છે.

આમ તો, સામાન્ય રીતે અનેક વખત રાજકોટ પોલીસ અલગ અલગ જગ્યાઓ પર જુગારધામ ઝડપી પાડતી હોઈ છે. જેમાં અનેક લોકો જુગાર રમતા ઝડપાતા હોય છે. ત્યારે માલવિયાનગર પોલીસ સ્ટાફ દ્વારા મહિલા સંચાલિત જુગારધામ ઝડપી પડ્યું છે. આ જુગારધામમાં સગુણાબેન વશરામભાઈ પરમાર (ઉ.૫૨)નાં ઘરમાં દરોડો પાડી તેને તથા દક્ષાબેન કિર્તીભાઈ સોની (રહે. શિવમ્ પાર્ક-૪), દક્ષાબેન મુકુંદભાઈ જોષી (રહે. આકાશદીપ-૧), સપનાબેન નિલેષકુમાર વ્યાસ (રહે. ખોડિયારનગર-૭), દક્ષાબેન અરજણભાઈ રાઠોડ (રહે. પ્રમુખનગર-૫), ભાવનાબેન સુરેશભાઈ વ્યાસ (રહે. ગોવર્ધન ચોક), ગીતાબેન નવલભાઈ વયસ (રહે. ખોડિયારનગર), મુકુંદભાઈ જગન્નાથભાઈ જોષી (રહે. આકાશદિપ-૧), સુરેશભાઈ કામેશ્વરભાઈ વ્યાસ (રહે. ખોડિયારનગર) અને જગદીશ વશરામભાઈ પરમાર (રહે. વિષ્ણુનગર-૨)ને તિનપત્તી રમતાં પકડીને રૂ. ૧૩૦૫૦ની રોકડ કબજે કરી હતી.

ટ્રમ્પને સાચું અમદાવાદ બતાવો ને?: મોઢવાડિયાના સરકાર પર પ્રહાર

અમદાવાદ

જ્યારે ટ્રમ્પ અને પીએમ મોદીના આગમનની તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે ત્યારે વિપક્ષ નેતા અજુન મોઢવાડિયાએ સરકાર પર આકરા પ્રહાર કર્યા છે અને કહ્યું કે ટ્રમ્પ ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે ત્યારે ટ્રમ્પને સાચું અમદાવાદ બતાવવું જોઈએ. ના કે ખોટો ભપકો બતાવવો જોઈએ.

સાથે જ ટ્રમ્પના સ્વાગત માટે જે સમિતિ બનાવવામાં આવી તેના પર પણ સવાલો કર્યા છે. તેમજ ટ્રમ્પની મુલાકાતથી ગુજરાતને શું ફાયદો થશે તે વિષે પણ સરકાર મુંઝવણમાં છે. અને કંઈ જણાવી રહી નથી કે ટ્રમ્પના પ્રવાસ દરમિયાન કેટલા કરાર કરવામાં આવશે.

રોડ શોમાં સીએમ રૂપાણીને અમદાવાદ દેખાડવામાં માટે સાથે રહેવું જોઈએ તેવો ટોણો પણ માર્યો છે. તેમજ સાત લાખ લોકોને ભેગા કરવા મુદ્દે પણ સરકારની ઠેકડી ઉડાવી ધારદાર પ્રશ્નો કર્યા છે. અને કહ્યું કે આ ઈવેન્ટ ફક્ત ફોટો ઈવેન્ટ ના હોવી જોઈએ.

મોટેરા સ્ટેડિયમમાં બે ડીવાયએસપી ખૂલ્લેઆમ બાખડ્યા: ગાળાગાળી પર ઉતરી આવ્યા

અમદાવાદ

નમસ્તે ટ્રમ્પ કાર્યક્રમમાં આવેલી પોલીસ પોલીસ વચ્ચે જ બબાલ થઈ છે. અહીં મુખ્ય ગેટ પર ફરજ બજાવતા ડીવાયએસપી વ્યાસે અન્ય ડીવાયએસપી સૈયદની ગાડીને રોકી હતી. ડીવાયએસપી સૈયદ પાસ વગર એમના પુત્રને સાથે લઈને આવ્યાં હતા. જેને કારણે બંને અધિકારી વચ્ચે ઘર્ષણ સર્જાતા જાહેરમાં ગાળાગાળી પર ઉતરી આવ્યા હતા.

મોટેરા સ્ટેડિયમ ખાતે હજારોની સંખ્યામાં પોલીસકર્મીઓ અને અધિકારીઓ હાજર છે. ત્યારે આજે સવારે જામનગરનાં ડીવાયએસપી એ.બી.સૈયદ સરકારી ગાડીમાં આવી પહોંચ્યા હતા. ગેટ પર ડીવાયએસપી ડી.એમ.વ્યાસ હાજર હતા. જયારે ડીવાયએસપી સૈયદની ગાડીની તપાસ કરી ત્યારે તેમા એક ખાનગી વ્યક્તિ હતો એનો પાસ માંગવામાં આવ્યો હતો. આ વ્યક્તિ અન્ય કોઈ નહિ પણ ડીવાયએસપી સૈયદનો પુત્ર હોવાનું લોકોએ જણાવ્યું હતું.

ડીવાયએસપીએ ગાડી કેમ રોકી તેમ કહીને ડીવાયએસપી સૈયદ ગાડીમાંથી ફિલ્મી સ્ટાઈલે નીચે ઉતર્યા અને બબાલ કરવા લાગ્યા હતા. જેથી ડીવાયએસપી વ્યાસ પણ આવેશમાં આવી ગયા અને પોતે ફરજ નિભાવી રહ્યા હોવાનું જણાવ્યું હતું. બાદમાં ગાળાગાળી થતા જ આઇપીએસ અધિકારીઓ વચ્ચે પડ્યા હતા અને સમગ્ર મામલો થાળે પાડ્યો હતો. આખરે ડીવાયએસપી સૈયદની ગાડી બહાર રવાના કરીને એમને એન્ટ્રી આપવામાં આવી હતી.

વનવિભાગને જાણ કરાતા સ્ટાફ પહોંચ્યો સગડ દીપડાના જ હોવાનું સાબિત થયું

રાજકોટમાં હડમતીયા ગામે દીપડાએ દેખા દેતાં લોકોમાં ભય

રાજકોટ

રાજકોટ મહાનગરપાલિકાના ઝૂમાં ઘૂસી આવેલો દીપડો શુક્રવારે રાત્રીએ પાંજરે પૂરાયો હતો ત્યાં આ જ સમયે ઝૂથી ૧૦ કિમી દૂર હડમતીયા ગામે પણ દીપડાએ દેખા દીધી છે અને ત્યાં વનવિભાગને તેના સ્પષ્ટ ફૂટ પ્રિન્ટ પણ મળ્યા હતા. બેડી અને હડમતિયા ગામની વચ્ચેના વિસ્તારમાં પોતાની વાડીએ ઘરે પરત ફરી રહેલા મેઘદીપસિંહ જાડેજાને રાત્રીના ૯ વાગ્યાની આસપાસ રોડ પર જ દીપડો દેખાયો હતો. તેમણે તુરંત જ બાઈક રોકી દીધું હતું અને દીપડાને પસાર થવા દીધો હતો અને રાત્રે જ વનવિભાગને જાણ કરી હતી. સવારના સમયે ફરી તે જ વિસ્તાર પાસે જતા દીપડાના સગડ પણ મળ્યા હતા. જો કે ઝૂમાં દીપડો પકડાયો હોવાથી વનવિભાગનો સ્ટાફ રાત્રીના સમયે હડમતિયા પહોંચી શક્યો હતો અને ત્યાં ફૂટ પ્રિન્ટ ચકાસતા દીપડાના જ હોવાનું સાબિત થયું છે. જ્યાં આ સગડ મળ્યા છે તે વિસ્તાર પ્રદ્યુમન પાર્ક ઝૂથી ૧૦ કિમી જ દૂર આવેલો છે.

શુક્રવાર રાતે ૯ વાગ્યાની આસપાસ વાડીએથી ઘરે જઈ રહ્યો હતો ત્યારે રસ્તા ઉપર જ દીપડો જઈ રહ્યો હતો. તે એક ખેતરથી બીજા ખેતરમાં ગયો હતો અને એ સમયે અમારી વચ્ચે ૨૫ ફૂટ જેટલું માંડ અંતર હતું. દીપડો અતિ જોખમી હોવાથી કોઇપણ પ્રકારની હલન ચલન ટાળી હતી. દીપડો પસાર થઈ ગયા બાદ તંત્રને જાણ કરી હતી. દીપડાના સગડ પણ મળ્યા હતા.

ખંભાતમાં બે જૂથ વચ્ચે પથ્થરમારો, પોલીસે ૭ ટિયરગેસના સેલ છોડ્યા

ખંભાત

ખંભાતના અકબરપુરાના જોપડિયામાં બે જૂથ વચ્ચે પથ્થરમારો થયો હતો. બે જૂથ આમને-સામને આવી જતા અસામાજિક તત્વોએ ૩ ઘરોમાં આગ પણ લગાવી હતી. બનાવની જાણ થતા જ પોલીસ ઘટનાસ્થળે પહોચી ગઇ હતી અને ઘટનાને કાબુમાં લેવાનો પ્રયાસ કર્યો હતો. આ દરમિયાન પોલીસે ટિયરગેસના ૭ સેલ પણ છોડ્યા હતા.

એક મહિના પહેલા પણ ઉત્તરાયણના સમયે ખંભાતના અકબરપુરામાં બે જૂથ વચ્ચે પતંગ ચગાવવા જેવી સામાન્ય બાબતે ઝઘડો થયો હતો. આ અદાવત રાખી કેટલાક તત્વોની ઉશ્કેરણીથી બે જૂથ સામ સામે આવી ગયા હતા અને પથ્થરમારો કર્યો હતો.

નાહવા ગયેલી યુવતીનો વીડિયો ઉતારનાર યુવકની ધરપકડ

અમદાવાદ

કેશવનગર પાસે જેપીની ચાલી પાછળ રિવરફ્રન્ટમાં બાથરૂમમાં નાહવા ગયેલી યુવતીનો પાડોશી યુવકે વિડીયો ઉતાર્યો હોવાની ઘટના બની છે. યુવકે ઉપરથી અડધા ખુલ્લા બાથરૂમમાં ઉપરના ભાગે મોબાઈલ મૂકી દીધો હતો. યુવતીને જાણ થઈ જતા યુવકે મોબાઈલ લઈ લીધો હતો. રિવરફ્રન્ટ વેસ્ટ પોલીસે ગુનો નોંધી યુવકની ધરપકડ કરી છે. જેપીની ચાલીમાં રહેતી ૩૦ વર્ષની યુવતી સવારના સમયે રિવરફ્રન્ટ તરફ બનાવેલા ઉપરથી અડધા ખુલ્લા બાથરૂમમાં નાહવા ગઈ હતી. દરમ્યાનમાં તેની નજર ઉપર રાખેલા મોબાઈલ ફોન પર પડી હતી. જેથી યુવતીએ બહાર આવી મોબાઈલ લેવા ગઈ ત્યારે પાડોશમાં રહેતા એક યુવકે આ મોબાઈલ લઈ લીધો હતો. તેને પૂછતાં આ મોબાઈલ તેનો જ હોવાનું કહ્યું હતું. મોબાઈલમાં જોતા ૪૬ સેકન્ડનો યુવતીનો નાહતા સમયનો વિડીયો ઉતારેલો હતો. જેથી આ બાબતે પોલીસને જાણ કરતા રિવરફ્રન્ટ વેસ્ટ પોલીસ આવી પહોંચી હતી અને આરોપી યુવકની ધરપકડ કરી હતી.

માંડવી તાલુકા પંચાયતના નવનિર્મિત ભવનનું મંત્રી પરમાર દ્વારા લોકાર્પણ

૬૦ તાલુકા પંચાયતના ભવનોના કામો રાજ્ય સરકાર દ્વારા પૂર્ણ કરાયા છે : પંચાયતમંત્રી

સુરત

પંચાયત, પર્યાવરણમંત્રી શ્રી જયદ્રથસિંહ પરમારના હસ્તે રૂા.૨.૪૦ કરોડના ખર્ચ નવનિર્મિત થયેલા માંડવી તાલુકા પંચાયતના નવનિર્મિત ભવનનું ઉદ્ઘાટન કરાયું હતું.

નવનિર્મિત ભવનમાં મિશન મંગલમ, સમાજ કલ્યાણ, શિક્ષણ, આઈ. આર. ડી., મનરેગા જેવી સરકારની વિવિધ વિભાગોની શાખાઓનો સમાવેશ થાય છે. પંચાયત ભવનના નિર્માણથી બધીજ શાખાઓનું એક જ ભવનમાં સમાવેશ થવાથી તાલુકાના ૧૨૩ ગામોના પ્રજાજનો તાલુકા લેવલે એક સ્થળેથી પોતાના કામો સરળતાથી કરી શકશે.

આ પ્રસંગે મંત્રીશ્રી પરમારે જણાવ્યું હતું કે, છેવાડાનો માનવી જયારે જિલ્લા-તાલુકાકક્ષાએ પોતાનું કામ લઈને આવે ત્યારે બધી જ સુવિધાઓ એક છત નીચે મળી રહે તેવી રાજય સરકારની પ્રાથમિકતા રહેલી છે. પક્ષાપક્ષીથી દુર રહીને સૌનો સાથ અને સૌના વિકાસના મંત્રને અનુસરીને ગ્રામ પંચાયતથી માંડીને તાલુકા- જિલ્લા પંચાયતના અદ્યતન સુવિધાઓ સાથે ભવનોનું નિર્માણ રાજય સરકાર કરી રહી છે. તેમણે કહ્યું કે, રાજયભરમાં જિલ્લા પંચાયતોના ભવનો નિર્માણ માટે રૂા.૨૯.૪૦ કરોડ, તાલુકા પંચાયતના ભવનો માટે રૂા.૨.૪૦ કરોડ તેમજ ગ્રામ પંચાયતોના ભવનો માટે વસ્તીના ધોરણે ગ્રાંન્ટની ફાળવણી કરવામાં આવે છે.

રાજયભરમાં થઈ રહેલા ભવનોની કામગીરીનો ચિંતાર રજુ કરતા મંત્રીશ્રી પરમારે જણાવ્યું કે, રાજયમાં જિલ્લા પંચાયતના નવા સાત ભવનો નિર્માણ થયા છે ચારના કામો પ્રગતિ હેઠળ છે. તેવી જ રીતે ૬૦ તાલુકા પંચાયતના ભવનોનું નિર્માણ સંપન્ન થયું છે તેમજ ૬૬ ભવનોનું કામ પ્રગતિ હેઠળ છે જયારે ૧૯૨૯ ગ્રામ પંચાયતોના ભવનોનું કામ પૂર્ણ થયું છે તથા ૭૯૯ પંચાયતોના ભવનોનું નિર્માણ પ્રગતિ હેઠળ હોવાનું મંત્રીશ્રીએ જણાવ્યું હતું. તેમણે કહ્યું કે, ૧૪માં નાણા પંચ હેઠળ ગ્રામ પંચાયતોને સીધી ગ્રાંટની ફાળવણી કરવામાં આવે છે જેના કારણે પંચાયતો ગામની જરૂરિયાત મુજબ ભંડોળનો ઉપયોગ કરી શકે છે. આજે ગ્રામ પંચાયતો પાસે લાખોનું ભંડોળ ઉપલબ્ધ હોવાનું તેમણે કહ્યું હતું. આ વેળાએ સાંસદશ્રી પ્રભુભાઈ વસાવાએ જણાવ્યું હતું કે, તાલુકા પંચાયતનું જુનું ભવન ૧૯૬૯ના વર્ષમાં બંધાયું હતું જે અત્યંત જર્જરીત અવસ્થામાં હતું. રાજય સરકારે ૨.૪૦ કરોડ જેવી માતબર રકમની ફાળવણી કરીને આજે માંડવી તાલુકાની જનતાને અદ્યતન ભવન આપ્યું છે. શામળાજીથી વાપી વચ્ચેના હાઈવે પર આવતા માંડવી ખાતે તાપી નદી પર કરોડોના ખર્ચે ઓવરબ્રિજનું કામ પણ કેન્દ્ર સરકાર દ્વારા મંજુર કરવામાં આવ્યું છે જેનું કામ પણ પુરજોશમાં ચાલી રહ્યું છે હોવાનું સાંસદશ્રીએ જણાવ્યું હતું. આ વેળાએ મંત્રીશ્રી તથા અન્ય મહાનુભાવોના હસ્તે તાલુકાના સ્વ-સહાય જુથોને કેશ ક્રેડિટ અને રીવોલ્વીંગ ફંડનું વિતરણ, ખેતીવાડીની યોજના હેઠળ સહાયના ચેકો તથા દીકરી યોજના હેઠળ લાભ લેનાર દીકરીઓને સહાયનું વિતરણ કરવામાં આવ્યું હતું.

કોમી છમકલા બાદ બોડેલી સજ્જડ બંધઃ હિન્દુ સમાજના યુવાનોએ રેલી યોજી

વડોદરા

છોટાઉદેપુરના બોડેલીમાં દરગાહ મેદાન પર ક્રિકેટનો બોલ લેવા ગયેલા ૧૫ વર્ષનાં દેવ રાઠવાને મુસ્લિમ યુવકોએ માર મારીને આ મેદાનમાં હિન્દુઓ રમવા આવશે તો ટાંટિયા તોડી નાખવાની ધમકી આપી હતી. જેથી બોડેલીમાં કોમી વાતાવરણ ડહોળાયું અને ભાજપ પ્રમુખ કાર્તિક શાહને ચિકન સેન્ટર પર સળિયો પેટમાં ઘૂસાડી મારી નાખવાની ધમકી આપતા હિન્દુ સમાજ રોષે ભરાઈને આજે (રવિવાર) બોડેલી સજ્જડ બંધ પાળ્યો હતો. બંધથી માર્ગો સુમસામ બન્યા હતા. હિન્દુ સમાજનાં યુવાનોએ વિશાળ રેલી પણ યોજી હતી. વૈષ્ણવ વાડીમાં સભામાં ફેરવાઈ હતી અને હિન્દુ એકતા જિંદાબાદના નારા લગાવ્યા હતા. પોલીસે ચુસ્ત બંધોબસ્ત જાળવ્યો હતો. પોલીસ બન્ને તરફી ફરિયાદોને આધારે તપાસ ચલાવી રહ્યા છે. વેપારી બોડેલી નગરનો માહોલ ઉત્તેજના પૂર્ણ બન્યો હતો.

શિરોલા કમ્પાઉન્ડનાં મેદાનમાં વર્ષોથી યુવકો ક્રિકેટ રમતા આવ્યા છે. ત્યારે ત્યાં સ્થાનિક યુવક દેવ રાઠવા ઉ.વ.૨૫ બોલ લેવા ગયો હતો. ત્યાં રમતા મુસ્લિમ યુવકોએ તેને ગાળો આપીને કહ્યું કે 'અહીં બોલ લેવા આવવું નહિં' કહીને માર્યો હતો. ઘરે રડતો ગયો ત્યારે માતા વિલાસબેન, સસરા કનુભાઈ તથા અન્યો ત્યાં ગયા ત્યારે ફરિયાદી વિલાસબેનને કહ્યું કે 'રાઠવી તારા છોકરા કે હિન્દુ છોકરાઓ અહીં રમવા આવશે તો ટાંટિયા તોડી નાંખીને જાનથી મારી નાખીશું.' બીજા સાગરીતોને બોલાવી લીધા પણ તે વખતે સમજાવટથી બધા જતાં જતાં ફરી હિન્દુઓ માટે અપશબ્દો બોલીને ગયા ત્યારે તેની જાણ બોડેલી તાલુકા ભાજપ પ્રમુખને થતા તેઓ તેઓની હોટલ બાદશાહી પર મિત્રો સાથે ગયા ત્યારે કાર્તિક શાહને કહ્યું કે, બહુ મોટો નેતા બનવા જાય છે, કહીને રિફાક્ત નામના યુવકે ચિકન બનાવવાનો સળિયો કાર્તિકનાં પેટમાં મારવાનો પ્રયાસ કરીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

બોર્ડની પરીક્ષામાં ચાલુ વર્ષે ૮૨ હજાર વિદ્યાર્થીનો ઘટાડો..!!

અમદાવાદ

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ-૨૦૨૦માં લેવામાં આવનારી પરીક્ષા માટે પ્રથમ વખત ધો.૧૦, ધો.૧૨ સામાન્ય પ્રવાહ અને ધો.૧૨ સાયન્સમાં વિદ્યાર્થીઓની સંખ્યામાં ઘટાડો થયો છે. અત્યાર સુધી દર વર્ષે વિદ્યાર્થીઓની સંખ્યામાં વધારો જોવા મળતો હતો. આ વખતે ધો.૧૦માં જંગી ૭૨ હજાર જેટલા વિદ્યાર્થી ગતવર્ષ કરતાં ઓછા નોંધાયા હતા. જ્યારે ધો.૧૨ સાયન્સમાં ચાર હજાર વિદ્યાર્થીઓ અને ધો.૧૨ સામાન્ય પ્રવાહમાં પણ છ હજાર વિદ્યાર્થી ઘટ્યા છે. આમ, કુલ ૮૨ હજાર વિદ્યાર્થીઓનો ઘટાડો નોંધાયો છે.

રાજ્યની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકની અત્યાર સુધી બોર્ડ દ્વારા લેવામાં આવતી ધો.૧૦ અને ૧૨ની પરીક્ષામાં વિદ્યાર્થીઓની સંખ્યા ગતવર્ષ કરતાં વધતી હતી, પરંતુ આ વખતે વિદ્યાર્થીઓની સંખ્યામાં ઘટાડો નોંધાયો હોવાનું સામે આવ્યું હતું. આ વખતે ધો.૧૦માં ૧૦.૮૭ લાખ વિદ્યાર્થીઓ નોંધાયા છે. જ્યારે ૨૦૧૯ની પરીક્ષા વખતે ધો.૧૦માં ૧૧.૫૯ લાખ વિદ્યાર્થીઓ નોંધાયા હતા. આમ, ગતવર્ષ કરતાં આ વખતે ધો.૧૦માં ૭૨ હજાર જેટલા વિદ્યાર્થીઓ ઓછા નોંધાયા છે. ૨૦૧૮માં ધો.૧૦ની પરીક્ષામાં ૧૧.૦૩ લાખ વિદ્યાર્થીઓ નોંધાયા હતા. આમ, ૨૦૧૮ની સરખામણીમાં પણ ચાલુ વર્ષે ૧૬ હજાર વિદ્યાર્થીઓ ઓછા નોંધાયા હોવાનું જાણવા મળ્યું હતું. ધો.૧૦માં છેલ્લાં ચાર વર્ષમાં નોંધાયેલા વિદ્યાર્થીઓની સંખ્યામાં પ્રથમ વખત આંકડો ૧૧ લાખ કરતાં ઓછો થયો છે. આ પહેલા ૨૦૧૯, ૨૦૧૮ અને ૨૦૧૭માં ધો.૧૦ના વિદ્યાર્થીઓની સંખ્યા ૧૧ લાખ કરતાં વધુ હતી. જ્યારે ધો.૧૨ સામાન્ય પ્રવાહમાં આ વખતે ધો.૧૨ સામાન્ય પ્રવાહમાં ૫.૨૭ લાખ વિદ્યાર્થીઓ નોંધાયા છે.

કેમ્પમાં જોડવા ઈચ્છુક ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવાઈ

માઉન્ટઆબુ તથા જૂનાગઢમાં પર્વતારોહણ કેમ્પનું આયોજન

સુરત

કમિશનરશ્રી યુવક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ગાંધીનગર રાજ્ય યુવક બોર્ડ પ્રેરિત અને જિલ્લા યુવા વિકાસ અધિકારીશ્રી જીલ્લા રમત ગમત અધિકારી કચેરી દ્વારા સ્વામી વિવેકાનંદ પર્વતારોહણ સંસ્થા માઉન્ટ આબુ તથા પંડિત દિન દયાલ પર્વતારોહણ તાલીમ કેન્દ્ર જૂનાગઢ ખાતે ચાલતી પર્વતારોહણ તાલીમનો લાભ લીધો ન હોય તેવા ૧૫ થી ૪૫ વર્ષની વયમર્યાદા ધરાવતા સાહસિકો માટે સુરત શહેર માંથી પર્વતારોહણની રોક કલાઈમ્બીગ,, રેપલીગ, ઝીપલાઈન, રિવર ક્રોસીંગ, ટ્રેકીંગ, નાઈટ ટ્રેકિંગ, નાઈટ હોલ્ટ જેવી પ્રવૃત્તિઓ માટેનો પર્વતારોહણ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પમાં ભાગ લેવા યુવક-યુવતીઓએ જિલ્લા રમતગમત અધિકારીની કચેરી ખાતે ફોર્મ મેળવીને તા.૨૬/૦૨/૨૦૨૦ સુધીમાં જમા કરાવવા જિલ્લા યુવા વિકાસ અધિકારી દ્વારા જણાવાયું છે.

યુવા શક્તિકરણ પ્રોજેક્ટના નામે બેકાર યુવકોનો શિકાર કરવા ઠગો સક્રિય

સરકારી નોકરીની બોગસ જાહેર ખબર અંગે ફરિયાદ દાખલ

વલસાડ

બેરોજગાર યુવાનોને ખંખેરવા માટે ઠગ ટોળકી દ્વારા સરકારની એજન્સીઓના ભળતા નામવાળી ભરતીની જાહેરાતો આપીનો ઓનલાઈન ફોર્મ ભરાવી લાખો રૂપિયા પડાવી લેવાના હેતુસર તાજેતરમાં જ ભારત યુવા સશક્તિ કરણ પ્રોજેક્ટનના નામે ત્રણ હજારથી વધુ યુવાનોને ભરતી કરવાની જાહેરાત આપી ફોર્મ ભરવાનું શરૂ કરાયું હતું. ત્યારે આ બાબત સરકારના ધ્યા ને આવતાં ગાંધીનગર જિલ્લા રોજગાર અધિકારી દ્વારા આ સંદર્ભે સેક્ટીર-૭,?ગાંધીનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. બેરોજગાર યુવાનો નોકરી આપવાના બહાને છેતરવા માટે કોઈ ઠગ ટોળકીએ ભારત યુવા સશક્તિ કરણ પ્રોજેક્ટે અંતર્ગત જિલ્લા અમલીકરણ એકમો માટે ભરતી અંગેની વેબસાઈટ દ્વારા જાહેરાત મૂકી હતી અને ઊંચું પગારધોરણ તથા ત્રણ હજાર કરતાં વધુ જગ્યા ઓ ભરવાની હોવાનું જણાવ્યું હતું. આ જાહેરાત સોશીયલ મીડિયામાં ફરથી થતાં યુવાનોએ ફોર્મ ભરવાની શરૂઆત કરી હતી, ત્યાયરે આવી કોઈ જાહેરાત રાજ્યં સરકાર કેન્દ્રા સરકાર દ્વારા નહી અપાઈ હોવાનું બહાર આવતાં લોકો સાથે છેતરપિંડી કરતા આવા તત્ત્વોને પકડવા છેતરપિંડીની ફરિયાદ નોંધાવવામાં આવી હોવાનું, તેમજ આ જાહેરાત ખોટી હોઈ કોઈપણ ઉમેદવારોને ફોર્મ નહી ભરવા વલસાડ જિલ્લા રોજગાર અધિકારી દ્વારા જણાવાયું છે.

બપોરના સમયને ધ્યાનમાં રાખી હળવો નાસ્તો-વેલકમ ડ્રિંક તૈયાર કરશે

અમદાવાદના શેફ સુરેશ ખન્ના ટ્રમ્પ માટે ખમણ-ઢોકળા, સમોસા બનાવશે

અમદાવાદ

યુએસ પ્રેસિડેન્ટ ડોનાલ્ડ ટ્રમ્પ ગાંધીઆશ્રમ જશે ત્યારે તેમને ત્યાં હળવા નાસ્તારૂપે ગુજરાતી-પંજાબી ફ્યુશન ફૂડ પિરસવામાં આવશે. આ નાસ્તો તૈયાર કરવાની સઘળી જવાબદારી ફોર્ચ્યુન લેન્ડમાર્ક હોટેલના શેફ સુરેશ ખન્નાને સોંપવામાં આવી છે. શેફ ખન્ના આ પ્રસંગે ટ્રમ્પની સાથે આવી રહેલા તેમના પત્ની મેલેનિયા ઉપરાંત વડાપ્રધાન નરેન્દ્ર મોદી માટે પણ સમયને અનુરૂપ નાસ્તો તૈયાર કરશે.

શેફ સુરેશ ખન્નાએ જણાવ્યું હતું કે, બપોરના સમયને ધ્યાનમાં રાખીને લાઈવ સ્નેક્સ તૈયાર કરવામાં આવશે. આ માટે ગુજરાતી-પંજાબી ફ્યુઝન નાસ્તો તૈયાર કરવાની મુખ્ય થીમ છે. ગુજરાતમાં કોઈ મોંઘેરા મહેમાન આવે અને તેમને ખમણ-ઢોકળા પિરસવામાં ન આવે એ કેમનું બને. આ કારણથી જ ટ્રમ્પ દંપતીને નાસ્તામાં ખમણ-ઢોકળા ઉપરાંત પંજાબી સમોસા પણ પિરસવામાં આવશે. આ સિવાય સિઝનલ ઓરેન્જ જ્યુસ ઉપરાંત નારિયેળ પાણી પણ ઓફર કરાશે. આ સિઝનમાં નારિયેળ પાણી ઉત્તમ ગણાય છે કારણ કે તેનાથી શરીરમાં ગરમીને લીધે ખનિજની કમી દૂર કરાય છે.

ન્યૂઝીલેન્ડ બેટ્સમેન ટોમ બ્લંડેલને ખભામાં ઈજા

વેલિંગ્ટન

ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે વેલિંગ્ટન મેદાનમાં ટેસ્ટ સિરીઝની પ્રથમ મેચ રમાઇ રહી છે. આ મેચમાં ન્યૂઝીલેન્ડની સ્થિતિ ખુબ જ મજબૂત છે. આ દરમિયાન ન્યૂઝીલેન્ડની ટીમને જોરદાર ઝાટકો વાગ્યો છે. તેમનો ઓપનર બેટ્સમેન ટોમ બ્લંડેલ ખભામાં થયેલ ગંભીર ઈજાના કારણે બે દિવસ સુધી ડોક્ટરની દેખરેક હેઠળ રહેશે. માત્ર એટલું જ નહી, ટોમ બ્લંડેલ મેચના ત્રીજા દિવસે ફિલ્ડીંગ કરવા માટે મેદાન પર જોવા નહી મળે.

આઇસીસી અનુસાર ટોમ બ્લંડેલને મેચના પ્રથમ દિવસે ભારતીય ટીમ વિરૂદ્ધ ફિલ્ડીંગ કરતા સમયે ઈજા થઈ હતી. જોકે, તેના પછી તેણે મેચ રમી અને ટીમ માટે ઓપનિંગ પણ કરી હતી.

જીવનમાં જીવન વીમાની ઉપયોગીતા અંગે એજન્ટો માટે તાલીમ યોજાઈ

ઈન્શ્યોરેન્સ, વર્લ્ડ રેકોર્ડ, સિંગાપુરમાં નોમીનેશન કરાવ્યું

સુરત

જીવન વીમો દરેક વ્યક્તિ માટે જરૂરી છે. વીમો એટલે જોખમ સામે રક્ષણ. આપણને ખબર નથી કે કાલે શું થશે ? તેથી, આપણે વીમા પોલીસી દ્વારા ભવિષ્યમાં સંભવિત નુકસાનની ભરપાઈ કરવાનો પ્રયાસ કરીએ છીએ. વીમો મહત્ત્વપૂર્ણ છે, પરંતુ વ્યક્તિએ કેટલો વીમો લેવો જોઈએ ? આ નક્કી કરવું પણ ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. તેથી, વીમા એજન્ટને સંપૂર્ણ તાલીમ આપવી ફરજીયાત છે. આ ઉદ્દેશ્ય સાથે, ઈનોવેટીવ થોટ પ્રોસેસ સંસ્થાના સંચાલક અને ટ્રેનર હિમાંશુ જોષીએ ૧ ઓક્ટોબર, ૨૦૧૯ થી ૨૦ ફેબ્રુઆરી, ૨૦૨૦ સુધી દેશભરમાં સફળ ભારત પ્રવાસનું આયોજન કર્યું. તેમણે સતત ૧૩૧ દિવસ, ૧૩૧ શહેરોમાં ૧૩૧ તાલીમ કાર્યક્રમો કરીને વીમા એજન્ટોને તાલીમ આપી. તેમણે જાતે ૨૨ હજાર કિમી વાહન ચલાવ્યું અને વીમા એજન્ટોને ઉત્સાહિત કરીને લોકોને યોગ્ય રકમનો જીવન વીમો લેવા માટે પ્રોત્સાહિત કર્યા.

સુરતમાં માહિતી આપતા હિમાંશુ જોષીએ જણાવ્યું હતું કે, જીવન વીમા સલાહકારોને ગૌરવ, સન્માન અને માન અપાવવું તે મારા જેવીનનો ઉદ્દેશ્ય છે. તેઓ દેશભરમાં તાલીમ અને પ્રેરણાદાયક કાર્યક્રમોનું આયોજન કરે છે. તેમણે કહ્યું કે, ગયા વર્ષે કાશ્મીરમાં પુલવામામાં આતંકવાદી ઘટનામાં જાણવા મળ્યું કે ૪૪માંથી ૨૨ શહીદોનો તો જીવન વીમો હતો જ નહીં. જેમનો વીમો લેવામાં આવ્યો હતો તેઓને તેમના પાર્થિવ દેહ ઘરે પહોંચે તે પહેલાં જ વીમો ચૂકવવામાં આવ્યો હતો. પરંતુ જ્યારે તેમણે જીવન વીમા ચૂકવણીની રકમ સાંભળી ત્યારે ખૂબ જ આઘાત લાગ્યો. મોટાભાગના શહીદોનો વીમો માત્ર ૧-૨ લાખનો હતો. આટલી રકમની ચૂકવણીથી પરિવારનું શું થશે ? જ્યારે મેં વીમા એજન્ટોને પૂછ્યું કે તેમણે આટલો ઓછો જીવન વીમો કેમ આપ્યો ? કોઈ વાર કોઈ વિધવા પૂછે કે આખી જીંદગી આટલી ઓછી રકમ લઈને કેવી રીતે ચલાવાશે, તો તમે શું જવાબ આપશો ? તેમણે કહ્યું કે અમે તો વધુ રકમના વીમાની વાત કરીએ છીએ પરંતુ લોકો સાંભળતા નથી. આ સવાલે મને કંઈક કરવા પ્રેરણા આપી. તે જ સમયે નક્કી કર્યું કે, હું અભિયાન શરૂ કરીને જીવના વીમા એજન્ટને એવી રીતે તાલીમ આપીશ કે લોકો ફક્ત તેમને સાંભળે જ નહીં પરંતુ તેમની વાતનું પાલન પણ કરે.

'નમસ્તે ટ્રમ્પ' ખારીકટ કેનાલ મુદ્દે ઓઢવમાં લાગ્યા વિરોધના પોસ્ટરો

અમદાવાદ

અમેરિકન રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અમદાવાદની મુલાકાતે આવી રહ્યા છે. જેને લઈને શહેરમાં પુરજોશમાં તૈયારીઓ ચાલી રહી છે. તંત્ર અમદાવાદને વિકાસનું મોર્ડલ બનાવીને ટ્રમ્પને ખોટા દેખાડાઓ કરવાની તૈયારીઓ કરી રહી છે. શહેરનાં તુટેલા રસ્તાઓ તાત્કાલિક ૧૦૦ કરોડોનાં ખર્ચે નવા બનાવવામાં આવ્યાં છે. શહેરને દુલ્હનની જેમ શણગારવામાં આવી છે. તેમજ ટ્રમ્પને સારુ દેખાડવા માટે કરોડો રુપિયાનો ધુમાડો કરી નાંખ્યો છે. જેને લઈને અમદાવાદને રાતોરાત વિકાસનું મોડલ તૈયાર કરવાનો પ્રયત્ન કરી રહ્યા છે.

જેથી અમદાવાદનાં પૂર્વમાં ઓઢવમાં આવેલી ખારીકટ કેનાલ વર્ષોથી ગંદી અને પ્રદુષિત છે. જેને લઈને લાખો લોકો ગંભીર બિમારીનો પણ ભોગ બન્યા છે. જેને લઈને ઓઢવમાં કોંગ્રેસનાં પ્રવકતા કપિલ દેસાઈએ બેનરો લગાવ્યા છે. બેનરોમાં લખ્યુ છે કે, ડેનાલ્ડ ટ્રમ્પ સાહેબનું હાર્દિક સ્વાગત સાથે ખાસ વિનંતી કરીએ છીએ. એકવાર અમારી ખારીકટ કેનાલની મુલાકાત જરુર લેજો. ખારીકટ કેનાલમાં પ્રદષણ ફેલાવતા કેમીકલ છોડવામાં આવે છે. અને ગંદકી ફેલાવવામાં આવે છે. તેના લીધે આસપાસ રહેતા લાખો લોકો ગંભીર બિમારીનો ભોગ બને છે. જો આપ અહીં પધારશો તો સરકાર અમારી ખારીકટ કેનાલને તાત્કાલિક ધારણે આપના માટે સ્વચ્છ કરી નાખશે.



કોંગ્રેસના પ્રવકતા કપિલ દેસાઈએ બેનરો લગાવીને જણાવ્યુ કે સરકાર ટ્રમ્પ માટે રસ્તાઓ બનાવીને નવીનીકરણ કરે છે. તો અમારા વિસ્તારમાં ટ્રમ્પ મુલાકાત લે તો ખારીકટ કેનાલ તાત્કાલિક સ્વચ્છ કરાવવામાં આવે.

MARKET 4U™
ISO 9001:2015 Certified company
REG. OFFICE:
13 PRITAM SOCIETY VIBHAG 1,
KASAK, BHARUCH 392002
Mo. No. : 7575006847
• Email : market4u19@gmail.com
• Website : www.market4u.in
• GST NO : 24ABDPZ8422D1ZN
તમામ શહેરોમાં એજન્સી મેળવવા સંપર્ક કરો.
આપના એક્ટિવાથી ટ્રક સુધીના તમામ વાહનોની સુરક્ષા
અને ક્યાં છે તે જાણવા GPS ટ્રેકિંગ સિસ્ટમ ફિટ કરાવો
માત્ર રૂપિયા ૬૦૦૦/-
સાથે મેળવો ત્રણ વર્ષ માટે આપની જાહેરાતની સુવિધા
તો રાહ કોની જુઓ છો ? કરો એક કોલ અને જાણો વિગત
GPS Market
RV-04
Geo Fence
Overspeed Alarm
Mileage Statistics
5M Accuracy (95%)
ACC Ignition Detection
OTA Firmware Upgrade
Over Voltage Protection
Built In Battery 160 mA/H
Tele-Cut Off (Petrol/ Electricity)
Data In Buffer (in GPS Blind Area)
GSM Module : QUECTEL M26
GPS Module : GTOP GT-1612-UB7X
For Demo -
Go to play store
Download -
GPSMARKET
User id : demo -
password : 123456
ADMIN OFFICE: 13/96, Bethi Colony, Khatodara, Udhna Darwaja, SURAT. MO. : 7575006850

રાજપીપળા પાસે મહારાષ્ટ્રની કાર અને ટ્રક વચ્ચે ગમખ્વાર અકસ્માતમાં ૪ ના ઘટનાસ્થળે મોત





(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

ગુજરાત અને મહારાષ્ટ્રના ભક્તો વડોદરા જિલ્લાના કુબેરભંડારી મંદિરમાં ઘણી આસ્થા ધરાવે છે.૨૩મીએ પૂનમને દિવસે મહારાષ્ટ્રના શિરડી તાલુકામાંથી ૪ લોકો પોતાની કારમાં કુબેર ભંડારી દાદાના દર્શનાર્થે આવ્યા હતા.દર્શન કરી તેઓ પરત ફરી રહ્યા હતા ત્યારે રાજપીપળા નજીકના વિશાલ ખાડીથી થોડેક દૂર એક ભયજનક વળાંકમાં એમની કાર એક ટ્રક સાથે અથડાઈ હતી,જેમાં ચારેય શખ્સોનું ઘટનાસ્થળ પર મોત નીપજ્યું હતું. મહારાષ્ટ્રના રાહતા તાલુકાના નિર્મલ પીમ્પ્લી ગામના નંદકિશોર, ઘોરપડે ગોરક્ષા એકનાથ અને કોલાર ગામના પ્રવીણ સારંગધર શિરસાઠ તથા કિશોર રાજારામ કોલ્હે એક કારમાં વાયા રાજપીપળા વડોદરા જિલ્લાના કુબેર ભંડારી દાદાના દર્શનાર્થે ગયા હતા.દર્શન કરી તેઓ ત્યાંથી વહેલી સવારે પરત નીકળ્યા હતા દરમિયાન ૨૩મી સવારે ૬ વાગ્યાની આસપાસ રાજપીપળા અને વિશાલ ખાડી વચ્ચે આવતા ભયજનક વળાંકમાં એમની કારનો સામે આવતી ટ્રક સાથે ગમખ્વાર અકસ્માત થયો હતો.એ અકસ્માતમાં ચારેવ કાર સવારોનું ઘટનાસ્થળ પર મોત નીપજ્યું હતું.

ગમખ્વાર અકસ્માતને પગલે ઘટના સ્થળે સ્થાનિકોના ટોળા ઉમટી પડ્યા હતા.બાદ રાજપીપળા નગરપાલિકાની એમ્બ્યુલન્સ માં ચારેયના મૃતદેહોને રાજપીપળા સિવિલ હોસ્પિટલ ખાતે લવાયા હતા.નર્મદા પોલીસે આ મામલે કાર્યવાહી હાથ ધરી છે.

કેવડિયાના છકડા સ્ટેન્ડ પરથી સગીરાનું અપહરણ કર્યા બાદ અલગ અલગ જગ્યાએ દુષ્કર્મ આચર્યું



(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા જિલ્લા ના કેવડિયા ખાતે થી એક સગીર વયની દીકરી નું અપહરણ કરી અલગ અલગ જગ્યાઓ પર તેની મરજી વિરુદ્ધ દુષ્કર્મ કર્યું હોવાની ફરિયાદ થવા પામી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર કેવડિયા નજીકના એક ગામની સગીર વયની બાળકી ગત તારીખ ૪ ફેબ્રુઆરીએ કેવડીયા ના છકડા સ્ટેન્ડ પર ઉભી હોય ત્યાથી હીરલ અમરતભાઈ તડવી તથા તેનો મિત્ર જેનુ નામ ખબર નથી તે મો.સા ઉપર આવી પટાવી, ફોસલાવી લગ્ન કરવાની લલચે મો.સા ઉપર બેસાડી અપહરણ કરી લઈ ગયો બાદ માં અવાર નવાર અલગ-અલગ જગ્યાએ મરજી વિરુધ્ધ શરીર સુખ માણ્યું હોવાની ફરિયાદ સગીરા ના પિતા એ કેવડિયા પો.સ્ટે.માં કરતા પોલીસે બંને યુવાનો વિરુદ્ધ અપહરણ,બળાત્કાર નો ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

અસ્થિર મગજની મહિલા તથા તેના બાળકનું પરિવાર સાથે મિલન કરાવતી રાજપીપળા પોલીસ



(ભરત શાહ દ્વારા)

પોલીસ ઈન્સ્પેકટર આર એન રાઠવા રાજપીપલા પોલીસ સ્ટેશનની સુચના આધારે રાજપીપલા ટાઉનમાં અજાણ્યા ઈસમો તથા શકમંદ માણસો ને ચેક કરવાની આપેલ મૌખિક સુચના આધારે ટાઉન બીટ ઈન્ચાર્જ ASI અલ્કાબેન ચેલાભાઈ તથા અ.હે.કો ચંપકભાઈ ફતેસીગ ભાઈ તથા અ પો. કો વિકેશભાઈ દશેરીયા ભાઈ રાજપીપલા બજારમાં તેમજ એસ ટી ડેપોમાં ચેક કરતા એક અજાણી મહિલા તેના નાના બાળક સાથે મળી આવેલ જેનું નામ પુછતા વજનાબેન રમેશભાઈ વલવી રહે, બેટી ઉમરા ફળીયુ તા. અકકલકુવા જી.નંદુરબારની હોવાનું જણાવેલ અને ત્રણ દિવસથી એસટી ડેપોમાં તેમજ બજારમાં રખડીને એસ ટી ડેપોમાં રહેતી હોવાનું જણાવેલ તેના વર્તન તેમજ બોલી ઉપરથી અસ્થિર મગજની હોવાનું જણાય આવેલ જેથી તેના કુટુંબનો સંપર્ક કરી તેમના કુટુંબના માણસોને પોલીસ સ્ટેશને બોલાવી આ મહિલા અને નાના બાળક સાથે પરિવારનો મિલન કરાવેલ છે સદર મહિલા અસ્થિર મગજના કારણે જતી રહેલ હોવાનું પરિવારે જણાવ્યું હતું.આમ રાજપીપલા પોલીસે અસ્થિર મગજની મહિલા અને તેના બાળકને તેમના કુટુંબ સાથે મેળાપ કરાવી પ્રસંશનીય કામગીરી કરી એક ઉમદા છાપ ઉભી કરેલ છે.

નર્મદામાં વહેલી સવારે તાપણું કરી ઠંડી ઉડાડતી મહિલા માટે તાપણું યમરાજ સાબિત થયું

દેડીયાપાડા ના નવાગામ (પાનુંડા) ગામમાં ખેતર માં તાપણું કરતી મહિલા ને ઝોકું આવી જતા સળગતા તાપણા માં પડતા દાઝી ગઈ જેનું સારવાર દરમિયાન મોત

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા જિલ્લામાં હાલ વહેલી સવારે ઠંડી લાગતા લોકો ગરમ વસ્ત્રો કે તાપણા નો સહારો લેતા હોય ત્યારે ઠંડી થી બચવા તાપણું કરતી મહિલા માટે તાપણું જ યમરાજ બની આવ્યું અને તેને જીવ ગુમાવ્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર દેડીયાપાડાના નવાગામ (પાનુંડા) ગામના ખેતરમાં તાપણું કરતી વનીતાબેન સોમાભાઈ વસાવા (ઉ.વ.૫૦)ને અચાનક ઝોકુ આવી જતા તાપણા માં પડી જતા શરીરે દાઝી જતા તેમને સારવાર દેડીયાપાડા બાદ રાજપીપળા સરકારી દવાખાને સારવાર કરાવી ત્યાથી વધુ સારવાર માટે વડોદરા સયાજી હોસ્પીટલ ખાતે દાખલ કરી જ્યાં સારવાર દરમિયાન તેનું મોત થયું હતું.

સ્ટેચ્યુ ઓફ યુનિટીને વધુ એક એવોર્ડ : ગુજરાત અને સમગ્ર દેશ માટે એક ગૌરવરૂપ



● આઉટલુક મેગેઝીન દ્વારા સ્ટેચ્યું ઓફ યુનિટીને 'શ્રેષ્ઠ પ્રવાસન આકર્ષણ એવોર્ડ એનાયત

● ગીનીઝ બૂક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં વિશ્વની સૌથી ઉંચી પ્રતિમા તરીકે ખ્યાતિ પ્રાપ્ત

(ભરત શાહ દ્વારા)

રાજપીપળા : સ્ટેચ્યુ ઓફ યુનિટીને વધુ એક પ્રતિષ્ઠિત એવોર્ડ એનાયત થયો છે,જે ગુજરાત અને સમગ્ર દેશ માટે એક ગૌરવ કહેવાય. રાજ્યના વન અને પર્યાવરણ વિભાગના અધિક મુખ્ય સચિવ અને સરદાર સરોવર નર્મદા નિગમના વહીવટી સંચાલક ડૉ. રાજીવકુમાર ગુપ્તાએ છજી એ જણાવ્યું છે કે નવી દિલ્હી ખાતે તા.૨૦ ફેબ્રુઆરીના રોજ પ્રવાસન ઉધ્યોગના અગ્રણીઓ ની ઉપસ્થિતિમાં યોજાયેલ આઉટલુક ટ્રાવેલર એવોર્ડ ૨૦૨૦ના સમારોહમાં સ્ટેમ્પ્સ ઓફ યુનિટીને શ્રેષ્ઠ પ્રવાસન આકર્ષણ સ્થળ'નો એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે.

પ્રવાસી વર્ગમાં સ્ટેટચ્યુ ઓફ યુનિટીની સતત વધતી જતી લોકપ્રિયતા અને કેવડિયાના સંકલિત વિકાસ સાથે તાજેતરમાં ઉમેરવામાં આવેલા વિવિધ આકર્ષણોને ધ્યાને લઈ તેની આ એવોર્ડ માટે પસંદગી કરવામાં આવી છે.

આઉટલૂક ટ્રાવેલર એવોર્ડ એ પ્રવાસન ઉધ્યોગમાં સફળતાનું એક સીમાચિહ્ન ગણાય. માનનીય વડાપ્રધાન ના હસ્તે ૩૧ ઓક્ટોબર ૨૦૧૮ના રોજ તેનું રાષ્ટ્રાર્પણ થયા પછી અત્યાર સુધીમાં ૪૨ લાખ પ્રવાસીઓ સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત લઈ ચૂક્યા છે.

તાજેતરમાં તેની આસપાસ વિવિધ પ્રવાસન આકર્ષણો જેવા કે જંગલ સફારી, વિશ્વ વન, એક્તા નર્સરી, કેકટસ ગાર્ડન, બટરફ્લાય ગાર્ડન, ડાયનોસોર પાર્ક, આરોગ્ય વન, એકતા મોલ,ચિલ્ડ્રન ન્યુટ્રીશન પાર્ક,રીવર રાફ્ટીંગ, બોટીંગ, સાયકલીંગ, ખલવાણી ઈકો-ટુરીઝમ,ઝરવાણી ઈકો ટુરીઝમ વગેરેનો ઉમેરો થતાં કેવડિયા હવે ફેમિલી હોલિ-ડે ડેસ્ટીનેશન×તરીકે પોતાની આગવી ઓળખ ઉભી કરી ચૂક્યું છે

અત્રે એ ઉલ્લેખનીય છે કે વર્ષ ૨૦૧૯માં વિશ્વ વિખ્યાત ટાઇમ મેગેઝીન દ્વારા સ્ટેચ્યું ઓફ યુનિટીની વિશ્વના ૧૦૦ મહાન પ્રવાસન સ્થળોમાં સમાવેશ કરવામાં આવ્યો હતો. જ્યારે ચાલુ વર્ષે શાંઘાઈ કો-અોપરેશન ઓર્ગેનાઈઝેશન (SCO)દ્વારા તેને આઠ અજાયબીઓ માં સ્થાન આપવામાં આવ્યું છે.

પાદરા નજીક રણુ-મહુવડ રોડ પર ડમ્પર અને આઈશર વચ્ચે અકસ્માત : ૧૨ નાં મોત





લગ્નનું મોસાળુ લઈને સાવલી તાલુકામાં આવેલ પરિવારજનોને નડ્યો અકસ્માત : એક ડઝનથી વધુ ઘાયલ

વડોદરા જિલ્લાના પાદરા તાલુકાના રણુ-મહુવડ રોડ શનિવારે સાંજે ડમ્પર અને આઈશર વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં બાર વ્યક્તિઓનાં મોત નીપજ્યાં હતા. જ્યારે એક ડઝનથી વધુ વ્યક્તિઓને ઈજા પહોચી હતી. જે તમામને સારવાર માટે વડોદરાની સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. સૂત્રોના જણાવ્યા અનુસાર પાદરા તાલુકાના રણુ ખાતે રહેતા ઈકબાલભાઈ અબ્બાસભાઈ ચૌહાણની ભાણી સાવલીના ગોઠડા ખાતે રહે છે. તેને ત્યાં લગ્ન પ્રસંગ હોવાથી રણુ, વડુ, વડોદરા અને ભોજ ખાતે રહેતા તેમના સગા સબંધીઓ અને પરિવારના ત્રીસ થી ચાલીસ સભ્યો સાવલીના ગોઠડા ખાતે લગ્નનું મોસાળુ લઈને ગયા હતા. બે આઈસર ટેમ્પામાં ગયેલા આ લોકો ત્યાંથી શનિવારે સાંજે પરત ફરી રહ્યા હતા. ત્યારે રણુ અને મહુવડ વચ્ચે કેનાલ પાસે સાબુની ફેક્ટરી નજીક એક આઈસર ટેમ્પાનો માટી ભરેલા એક ડમ્પરની સાથે અકસ્માત થયો હતો. બનાવ અંગેની જાણ થતાં સ્થાનીક રહીશોના ટોળેટોળા સ્થળ પર ધસી ગયા હતા. તેઓએ વાહનોમાંથી ફંગોળાએલા ઈજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલમાં મોકલવા માંડ્યા હતા. એક તબક્કે તો ૧૦૮ની એમ્બ્યુલન્સ તથા ઉચ્ચ પોલીસ અધિકારીઓ પણ પોલીસની ટીમ સાથે સ્થળ પર પહોચી ગઈ હતી. આ અકસ્માતમાં ઘટના સ્થળે જ છ વ્યક્તિઓના મોત નીપજયા હતા. જે તમામ મૃતદેહ વડુ પ્રાથમિક સારવાર આરોગ્ય કેન્દ્ર ખાતે ખસેડવામાં આવ્યા હતા. બનાવના ઈજાગ્રસ્તોના પ્રાથમિક સારવાર માટે પાદરા તથા વડુ સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં પણ સારવાર શરૂ થાય તે અગાઉ છ જેટલા ઈજાગ્રસ્તોના મૃત્યુ થયા હોવાથી વધુ સારવાર માટે તમામ ઈજાગ્રસ્તોને વડોદરા સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ઘટના સ્થળે ઉપસ્થિત સ્થાનીક રહીશ ઈલીયાસભાઈએ ભારે આક્રોશ સાથે જણાવ્યુ હતુ કે, આ વિસ્તારમાં આડેધડ દોડતી માટી ભરેલા વાહનો જ આ અકસ્માત નોંતરી રહ્યા છે. તેઓની પર તંત્રનો કોઈ જ અંકુશ નથી. હજી થોડા દિવસ અગાઉ પણ કરજણના રોડ પર અકસ્માત થયો હતો. તેમાં પણ માટી ભરેલ ડમ્પર જ હતુ.

મૃતકોની યાદી

મોહસીનભાઈ રમજાનખાન પઠાણ (ઉ. ૩૫) રહે. કમાટીપુરા, વડોદરા
રૂકશાનાબેન મોહસીનભાઈ પઠાણ (ઉ.૩૫) રહે. કમાટીપુરા વડોદરા
જાયેદાબેન શબ્બીરભાઈ મલેક (ઉ. ૪૮) રહે. રણુ, પાદરા
સુભાનબેન સજાદભાઈ સિંધા (ઉ. ૩૨) રહે. રણુ, પાદરા
માહેનુરબેન ફિરોજભાઈ ચૌહાણ (ઉ. ૦૮) રહે. ભોજ, પાદરા
નસરીનબેન ફિરોજભાઈ ચૌહાણ (ઉ. ૩૨) રહે. ભોજ, પાદરા
સલીમભાઈ રજાકભાઈ શેખ (ઉ. ૫૫) રહે. સુરત
અફસાના ઈસ્માઈલભાઈ ચૌહાણ (ઉ.૧૭) રહે. રણુ, પાદરા
સોફીયા અમરસીંગ સિંધા (ઉ.૧૬) રહે. રણુ, પાદરા
સમીમબેન હનીફભાઈ ચૌહાણ (ઉ.૩૫) રહે. રણુ, પાદરા
મહેક ફિરોજભાઈ ચૌહાણ (ઉ.૪) રહે. ભોજ, પાદરા
શેહનાઝબેન હિતેષભાઈ સોલંકી (ઉ.૩૮) રહે. વડુ, પાદરા

આગામી ઉનાળાની ઋતુને ધ્યાને લઈ સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે પ્રવાસીઓ માટે છાંયડા ની સુવિધા ઉભી કરાઈ



(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

સ્ટેચ્યુ ઓફ યુનિટી પ્રવાસન ક્ષેત્રે દિવસે ને દિવસે વિકાસ કરી રહ્યું છે તેમજ વિશ્વ ની આઠમી અજાયબીમાં સ્થાન પ્રાપ્ત કર્યા બાદ વૈશ્વિક ફલક ઉપર નામના મેળવી છે ત્યારે રોજ સ્ટેચ્યુ ઓફ યુનિટી જોવા માટે દેશ વિદેશ માંથી હજારો પ્રવાસીઓ આવતા હોય છે

તે સાથેજ આટલી મોટી સંખ્યામાં આવતા પ્રવાસીઓ માટે સુવિધાઓ કરવામાં તંત્ર પણ ખડે પગે રહે છે અને સ્ટેચ્યુ જોવા આવનાર પ્રવાસીઓને તકલીફ ન પડે તે માટે જરૂરી સુવિધાઓ પુરી પાડવા સક્ષમ રહેતું હોય છે.તે સાથેજ આગામી ઉનાળાની ઋતુને ધ્યાને લઈ સ્ટેચ્યુ ઓફ યુનિટી વહીવટી તંત્ર દ્વારા છાંયડા માટે સારી એવી વ્યવસ્થા કરાઈ રહી છે સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે ગેટ નમ્બર ૩ થી સ્ટેચ્યુ ના એન્ટ્રન્સ એટલેકે સ્કેનર સુધી પ્રવાસીઓ માટે ખાસ છાંયડા ની વ્યવસ્થા ઉભી કરાઈ રહી છે

અત્રે ઉલ્લેખનિય છે કે ગેટ ન. ૩ થી પ્રવાસીઓ ના પ્રવેશ બાદ સ્કેનર સુધી સામાન ના ચેકીંગ માટે લાઈન માં ઉભું રહેવું પડે છે ત્યારે પ્રવાસીઓ ને આકરી ગરમી માં રાહત મળે તે હેતુથી તંત્ર દ્વારા પાણી પેહલા પાળ સ્વરૂપે છાંયડા ની વ્યવસ્થા ઉભી કરાઈ રહી છે.

ઉધના સેન્ટ્રલ રોડ પર મોપેડ સવાર દંપતીના હાથમાંથી પર્સ આંચકી સ્નેચરો ફરાર

સુરત

ઉધના સેન્ટ્રલ રોડ પર મેક્સિકમ પ્લાઝા નામના કોમ્પ્લેક્ષ પાસેથી વ્હેલી સવારે મોપેડ પર જઈ રહેલા દંપતીને નિશાન બનાવી મોટરસાઈકલ સવાર સ્નેચરો સોનાનું મંગળસુત્ર અને મોબાઈલ ફોન મળી કુલ રૂા. ૫૨,૨૦૦ની મત્તા મુકેલું પર્સ આંચકીને ભાગી ગયા હતા.

અલથાણ ડી-માર્ટ નજીક શ્રૃંગલ હોમ્સમાં રહેતા અને સચીન જીઆઈડીસીની કલર ટેક્ષ કંપનીમાં નોકરી કરતા સંજય જયંતિલાલ પોલાની વડોદરા ખાતે રહેતી પરિણીત પુત્રી માનસીને ત્યાં જવા માટે પત્ની કાશ્મીરાને ઉધના રેલવે સ્ટેશન પર મુકવા માટે ગત રોજ વ્હેલી સવારે એક્ટિવા મોપેડ પર નીકળ્યા હતા. દરમ્યાનમાં ઉધના સેન્ટ્રલ રોડ પર મેક્સિકમ પ્લાઝા નામના કોમ્પ્લેક્ષ પાસેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે મોટરસાઈકલ પર બે સ્નેચરો ઘસી આવ્યા હતા. જેપૈકી પાછળ બેઠેલા સ્નેચરે કાશ્મીરાબેનના હાથમાંથી પર્સ આંચકી લીધું હતું અને મોટરસાઈકલ પુર ઝડપે હંકારીને ભાગી ગયા હતા. દંપતીએ બુમાબુમ કરી હતી પરંતુ વ્હેલી સવારનો સમય હોવાથી લોકોની અવરજવર નહિવત હતી જેથી સ્નેચરો બિન્દાસ્તપણે ભાગી જવામાં સફળ રહ્યા હતા. ઉલ્લેખનીય છે કે કાશ્મીરાબેનના પર્સમાં સોનાનું મંગળસૂત્ર, એક મોબાઈલ ફોન અને રોકડા રૂા. ૧૨૦૦ મળી કુલ રૂા. ૫૨,૨૦૦ ની મત્તા હતી. ઘટના અંગે સંજય પોલાએ ઉધના પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.